CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अ० ३३/३९

नायिका भेद

[गुजराती]

आम्नाय-ग्रन्थालय,
भरतमिलाप, करौंदी
वाराणसी-5

य-ग्रन्थालय
करौंदी, वाराणसी-५
अ:3/39

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

6.3

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

3183/39
आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

નાયિકા ભેદ

आदरणीय विद्वद्वर्य
डॉ. कु. प्रेमलता शर्माजी को
सादर सस्नेह।
प्रागजी डोसा.

તત્ર વાસકસજ્જા વા વિરહોત્કણ્ઠિતાપિ વા ।
સ્વાધીનપતિકા વાપિ કલહાન્તરિતા વા ॥
ખણ્ડિતા વિપ્રલબ્ધા વા તથા પ્રોષિતભર્તૃકા ।
તથાભિસારિકાચૈવ ઇત્યષ્ટૌ નાયિકાઃ સ્મૃતાઃ ॥

ભરત નાટ્યશાસ્ત્ર

લેખક
પ્રાગજી ડોસા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

NAYIKABHEDA

(C) PRAGJI DOSSA

Edition : December 1986

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

પહેલી આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૮૬

મૂલ્ય : રૂા. ૪૦

પ્રકાશક :

અભિવાદન ટ્રસ્ટ
કોઠારી મેન્શન
જી. પી. ઓ. સામે
મુંબઈ. ૪૦૦૦૦૧

મુદ્રક :

નાનાલાલ સોમાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય સાદરા
મું સાદરા ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आम्नाय-ग्रन्थालय,
भरतनिधि, करौंदी
वाराणसी-5

આમુખ

શ્રી પ્રાગજીભાઈ ડોસાના આ ગ્રંથને આવકારતાં મને ઘણો આનંદ થાય છે. 'નાયિકાભેદ' ઉપર સંસ્કૃત, વ્રજ ભાષા અને હિન્દી ભાષામાં અનેક ગ્રંથો લખાયાં છે પરંતુ ગુજરાતીમાં છુટાછવાયાં અને તે પણ કિંચિત માત્રામાં લખાયેલાં કેટલીક નાયિકાઓના ઉલ્લેખ મળે છે. મારી માન્યતા પ્રમાણે વિસ્તૃતપણે સમગ્ર નાયિકાભેદ, નાયિકાઓના ભાવ પ્રતિ-ભાવ, વેદના સંવેદના, ભેદ પ્રભેદોને દર્શાવતો આ પ્રથમ ગ્રંથ છે અને તે માટે પ્રાગજીભાઇ ધન્યવાદને પાત્ર છે.

વ્રજ ભાષામાં લખાયેલા નાયિકાભેદના ઘણાખરા ગ્રંથોમાં બહુધા રાધાકૃષ્ણની લીલાઓનું દર્શન છે. રસિકપ્રિયા, જગદ્વિનોદ, રસરાજ, રસમંજરી ઈત્યાદિના કર્તાઓએ રસેશ્વર શ્રીકૃષ્ણની રૂપમાધુરી અને લીલાનું પ્રત્યક્ષ દર્શન કર્યું હોય એવા સુરેખ અને સચોટ આલેખન દ્વારા ભાવ-કોને એનો રસાસ્વાદ કરાવ્યો છે. ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ વસ્તુમાં રહેલા સૌન્દર્યને પ્રકટ કરી રસાનુભૂતિ કરાવવાનો હોય છે.

એ બધા ગ્રંથો ઉપરાંત સંસ્કૃત ગ્રંથોનું ઊંડાણપૂર્વકનું અધ્યયન અને પરિશિલન કર્યા પછી આ ગ્રંથ પ્રાગજીભાઈએ લખ્યો તે એમાંની વસ્તુસામગ્રી ઉપરથી સહજ સમજાય છે. સવિશેષ આ ગ્રંથના ૧૪મા દર્શનમાં દેવશીલાંગના, ગંધર્વસત્વા, આસુરી, રાક્ષસશીલા, નાગસત્વા નાયિકાઓનાં વર્ણન સંસ્કૃતમાં જ ઉપલબ્ધ છે. ગુજરાતીમાં ક્યાંય અનુવાદિત થયાં હોય એમ મારા જાણ્યામાં નથી.

માટે જ વિધવિધ ભાવો ધારણ કરનારી નાયિકાઓના ચિત્રો ઊંડા અભ્યાસ સિવાય શક્ય નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવ અને રસભાવ એ બન્ને ભિન્ન છે. રસભાવમાં ભાવ હોવા છતાં તેમાં વૈશિષ્ઠ છે.

(१) मल्लानां शनिः ।	(२) नृणां नरवरः ।
(३) स्त्रीनां स्मरो मुर्तिमान ।	(४) गोपानां स्वजनः ।
(५) असतां क्षितिभुजां शास्ता ।	(६) स्वपित्रो शिशुः ।
(७) मृत्युर्भोजयते ।	(८) विराऽविधुषां ।
(९) तत्त्वं परं योगीनाम् ।	(१०) वृष्णीनां पदयेवतेति विद्विजो रंगंगतः साग्रजेः ।। (भागवत्)

ઉપરોક્ત શ્લોકમાં અનેક રસભાવોના આલંબન બની શકવાની ભગવાન શ્રીકૃષ્ણના સામર્થ્યનું વર્ણન ભાગવતકાર કરે છે.

મલ્લોને ભગવાનનાં દર્શન વીજળીની માફક રૌદ્રરૂપે થયાં. સભાના માણસોએ શ્રીકૃષ્ણનાં દર્શન અદ્ભુત અસામાન્ય વિભૂતિરૂપે કર્યાં. સ્ત્રીઓને શ્રીકૃષ્ણના રૂપમાં સાક્ષાત્ અમૂર્ત કામ મૂર્તિમંત થયો હોય એમ લાગ્યું. તેનાથી શૃંગારરસનો આવિર્ભાવ જોવામાં આવ્યો. ગોકુલથી મથુરા આવેલા ગોપબાળકોને પોતાના સખા શ્રીકૃષ્ણની કંઈક અનેરી છટા જોઈને હસવું આવ્યું એટલે હાસ્યરસ પ્રકટ થયો. દુષ્ટ રાજાઓને ભગવાન મહાન વીર યોધ્ધા લાગ્યા એટલે વીરરસની અભિવ્યક્તિ થઈ. શ્રીકૃષ્ણના માતાપિતાને અનિષ્ટની શંકાઓ, પુત્રવાત્સલ્યને અંગે થવા માંડી એટલે કરૂણરસ પ્રકટ થયો. કંસને શ્રીકૃષ્ણમાં સાક્ષાત્ ભયાનક મૃત્યુનાં દર્શન થયાં. મથુરા નગરીના લાગણીપ્રધાન અમુક લોકોને શ્રીકૃષ્ણના રક્તરંજિત વસ્ત્રો જોઈને અતિશય જુગુપ્સાનો ભાવ ઉપજ્યો. યોગીજનોને ભગવાનનાં દર્શન પરમ શાંત તત્વરૂપે થતા હોય છે, એટલે શ્રીકૃષ્ણના સ્વરૂપમાં શાંતરસનો સાક્ષાત્કાર થયો. વૃષ્ણીકૂળમાં પ્રકટેલા યાદવોને ભક્તિનું આલંબન બની શકે તે માટે વૈકુંઠને બદલે મથુરામાં ,તેઓને ભગવાન મળી ગયા.

નાટયશાસ્ત્રમાં આઠ રસો વર્ણવ્યા છે પરંતુ પાછળથી શાંતરસ ઉમેરવામાં આવ્યો. ભાગવત્ પુરાણ મુજબ ભક્તિ પણ એક સ્વતંત્ર રસ છે. એટલે મથુરામાં કંસના દરબારી મંચ ઉપર નટવર શ્રીકૃષ્ણનો પ્રવેશ અને તેનું વર્ણન ભાગવતકાર દશવિધ રસભાવો રૂપે કરે છે.

સામાન્ય નર પણ દશવિધ રસભાવોને પોતાના અભિનયકૌશલ્યથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શાવી શકે છે ત્યારે નટવર શ્રીકૃષ્ણ જેઓ આ જગતના અનંતવિધ નામો અને રૂપોને ધારણ કરનાર છે, પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે તેમણે એક રંગમંચ પર એકકાલાવચ્છેદથી અનેકવિધ રસભાવોને અનુરૂપ છતાંય વિલક્ષણ રૂપે દેખાડયા એ બતાવે છે કે કૃષ્ણના સ્વરૂપમાં દરેક રસભાવનો મહેશમણ છે અને હૃદયના કોઈપણ પ્રકારના રસભાવનું આલંબન કૃષ્ણને બનાવી શકાય છે.

તે છતાંય ભક્તિરસથી કૃષ્ણને ભાવિત્ કરવાનું કંઈક અનેરૂં વૈશિષ્ટ છે. પરમાત્મા અને જીવાત્માની વચ્ચે, અંશી અને અંશ હોવાને લીધે, જે નિર્હેતુક અને અવિનાશી સ્નેહનું આકર્ષણ રહેલું છે તેની અભિવ્યક્તિ તે ભક્તિ. આ સ્નેહ સહજ રીતે દરેક પ્રાણીમાં વિદ્યમાન છે. મનુષ્ય હોય કે મનુષ્યેતર જીવજંતુ, સરી-સૃપ, પશુપક્ષી, ઈશ્વરવાદી મનુષ્ય હોય કે અનીશ્વરવાદી, ધાર્મિક હોય કે અધાર્મિક, પરમાત્મા પ્રત્યે સ્નેહ ન હોય તો કોઈપણ માણસ પોતાની સાથે કે પોતાના પરિવાર કે સગાસંબંધીઓ સાથે પણ સ્નેહ કરી શકતો નથી.

માતાનું સ્તન્ય દૂધ ન મળતાં જેમ બાળકો અંગુઠા ચૂસતા હોય છે તેમ પરમાત્માની પીછાણ ન હોવાથી મનુષ્ય પોતાના દેહ પ્રત્યે, તથા પુત્ર, પત્ની, મિત્ર, ધન, ગૃહ કે પશુ પ્રત્યે, સ્નેહ કરતો થઈ જાય છે. પણ પરમાત્માને પીછાણીને મહાત્મ્ય જ્ઞાનપૂર્વક, સહજસિધ્ધ, સુદૃઢ, સર્વતોધિક સ્નેહની અભિવ્યક્તિ કરે તો તે "ભક્તિ" કહેવાય છે.

દરેક પ્રાણીમાં પરમાત્મા પ્રત્યેનો સ્નેહ વિદ્યમાન છે પણ પોતાના ભજનીય ભગવાનને ઓળખ્યા પછી તે સ્નેહ ભક્તિનું રૂપ ધારણ કરે છે.

સામાન્ય રીતે શૃંગાર, વીર, કરૂણ, અદ્‌ભુત, હાસ્ય, રૌદ્ર, બીભત્સ, ભયાનક આ આઠ રસોમાં કોઈક પ્રકારની-તે પછી મધુર હોય કે તીક્ષ્ણ-અશાન્તિ રહેલી છે. શાંત રસમાં રાગદ્વેષ, સુખદુઃખ વગેરેના દ્વૈતાદ્વૈત બધા ભાવો શાંત થઈ જતા હોવાથી કોઈ પણ જાતની અશાંતિ અનુભવાતી નથી. છતાં શૃંગારાદિ રસોના આઠ સ્થાયી ભાવો, રતિ, ઉત્સાહ, શોક, વિસ્મય, હાસ, રોષ, જુગુપ્સા, ભયમાં કોઈ ન કોઇ જાતની અશાંતિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેલી હોય છે તે સિવાય અનુભાવ, સંચારિભાવની કલાત્મક અભિવ્યક્તિના માધ્યમથી ઉપરોક્ત, આઠે સ્થાયી ભાવોને વ્યક્ત કરવામાં આવે તો રસિકજન સંવેદ્ય શાન્તિ કે સુખ અનુભવે છે. તેથી જ સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર, મૂર્તિ, કથા વગેરે કલાની સૃષ્ટિમાં ઉપરોક્ત આઠ સ્થાયી ભાવોને 'રસ'ની પદવી પ્રદાન કરવામાં આવી છે.

જેમ શૃંગારરસના અન્તર્ગત રોષ, શોક, ભય વગેરે ભાવો ક્યારેક સંચારિભાવ તરીકે અસ્થાયી રૂપમાં પ્રવેશી શકે છે તેમ ભક્તિરસમાં પણ કોઈક સમયે શાંતરસનો અને બીજા આઠ રસોનો પણ સમાવેશ સંચારિ ભાવ તરીકે શક્ય છે જ. તેથી જ પરમાત્માને પ્રિયતમ બનાવી દેનાર ભકતોની કથા દરેક ધર્મસંપ્રદાયમાં મળે છે. વીરોચિત ઉત્સાહથી પરમાત્માને યુદ્ધ માટે પડકારનારા ભીષ્મ જેવા ભકતોની કથા પણ ભારતમાં મળે છે. વાત્સલ્ય, સખ્ય, મધુર ભાવ રાખનાર વસુદેવ–દેવકી, અર્જુન કે રૂક્મણી વગેરેના રૂપમાં કૃષ્ણ માટે શકાકુળ થનારા ભકતો પણ ભાગવત્‌માં વર્ણવાયા છે, આમ કૃષ્ણલીલા કે રામલીલાનું અવગાહન કરતાં જણાય છે કે ભક્તિનો ભાવ સ્થાયી રાખીને બીજા નવવિધ ભાવોનો સંચારિત ભાવ તરીકે સમાવેશ આપણા ધાર્મિક સાહિત્યમાં પરાપૂર્વ કાળથી કરવામાં આવ્યો છે.

એટલે પૂર્વકાળથી શૃંગારસાહિત્યમાં માન્ય નાયિકાભેદની વિવેચનાને અનુલક્ષીને અને શ્રીકૃષ્ણને પરમ રતિનાયક તરીકે સ્વીકારીને નાયિકાઓના અનેકવિધ વર્ણન અષ્ટછાપ તથા અન્ય ભકતકવિઓએ કર્યાં છે.

સૂરદાસ, પરમાણંદદાસ, કૃષ્ણદાસ, વગેરે ભક્ત કવિઓનાં પદોમાં સ્વકીયા પરકીયા ઉઢા, અનૂઢા, જ્ઞાતયૌવના, અજ્ઞાતયૌવના વગેરે નાયિકાઓના અનેક પ્રકારો ભક્તિમય શૃંગારનાં વર્ણન રુપે ઉપલબ્ધ છે. નંદદાસના સાહિત્યમાં તો લક્ષણ ઉદાહરણ રુપે કૃષ્ણલીલાના ભક્તિમય ચિંતનરૂપે નાયિકાભેદની વિવેચના મળે છે. પરવર્તિ રીતિ સાહિત્યમાં જો કે ભક્તિ, સ્થાયી ભાવ તરીકે કવિઓના હૃદયને અલંકૃત નહોતી કરી શકી તે છતાં ભકિતરસના અસાધારણ નાયક શ્રીકૃષ્ણને શૃંગારરસની રચનાઓમાં સ્થાન આપવું જ પડ્યું. આમાં કૃષ્ણના multidimenensional

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચરિત્રની પ્રમુખતા માનવી કે ભક્ત કવિઓએ પોતાની કૃષ્ણ ભક્તિના સ્થાયીભાવ અન્તર્ગત સંચારિભાવ તરીકે પ્રકટ કરેલા શૃંગારિક ભાવો અથવા ઉદ્દગારોનો પ્રભાવ માનવો એ નક્કી કરી શકાતું નથી.

રીતિકવિઓ કેશવ, બિહારી, પદ્માકર, દેવ, મતિરામ વગેરે મૂળમાં શૃંગાર ભાવથી પ્રેરિત હતા. કે સૂરદાસ વગેરે અષ્ટછાપ ભક્તકવિઓની માફક ભક્તિ ભાવથી પ્રેરિત હતા એ નિર્ણય કરવો કઠણ છે.

કૃષ્ણ એ તો લોકમા પ્રકટ થનાર અલૌકિક નાયક છે. તેથી ભાગવતકાર કહે છે કે કામ, ક્રોધ, ભય, સ્નેહ, જેવી કોઈ પણ જાતની બુધ્ધિ કૃષ્ણની સાથે જોડી શકાય છે. બુદ્ધિ એક વખતે કૃષ્ણમય થઇ પછી કામભાવ નહિ રહે. ક્રોધ પણ નહિ રહે. ગંગામાં મળ્યા પછી મોરીનું પાણી પણ ગંગાજલ બની જાય છે.

તેથી નાયિકાભેદના અન્તર્ગત વર્ણવાયેલા અનેકવિધ શૃંગારભાવોમાં કૃષ્ણની પરમાત્મા તરીકેની છૂપી ભૂમિકાને ઓળખાવી નાયિકાભેદના વાસ્તવિક તાત્પર્યને હૃદયારુઢ કરી શકાય અને તે અત્યંત જરુરી છે.

પ્રાગજીભાઈએ પણ આ ગ્રંથમાં ભક્તિ રસને પણ સ્થાન આપ્યું છે એ વાંચી મને આનંદ થયો છે. અનેકવિધ પ્રાચીન સંસ્કૃત અને ભાષા સાહિત્યનો એમનો ઊંડો અભ્યાસ છે. તેમની લેખિની રસપ્રદ છે તેથી નાયિકાભેદ જેવા ગંભીર વિષયને સરલ, સરસ અને પ્રામાણિક છતાં ય આધુનિક વિવેચના સહ એમણે રજુ કર્યો છે. વળી તેઓ લબ્ધપ્રતિષ્ઠ નાટયકાર હોવાથી નાયિકાના વિવિધ પ્રકારો નાટકના દશ્ય સંવાદો સાથે તેમણે આલેખ્યાં છે તે આ ગ્રંથની એક વિશિષ્ટતા છે. નાયિકા ભેદના જિજ્ઞાસુ પાઠકોને ખૂબ જ સહાયક નીવડશે એમાં સંદેહ નથી.

આ વિવેચના મુંબઈ સમાચારમાં લેખમાળા રૂપે પ્રકાશિત થઈ છે પરંતુ પુસ્તકાલયમાં ગ્રંથ તરીકે સ્થાન પામે એ બહુ જરુરી હતું અને તે માટે લેખક તથા પ્રકાશક બન્ને ને હાર્દિક અભિનંદન.

—ગોસ્વામી શ્યામ મનોહર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેરણા

'નાયિકાભેદ' લખવાની મને પ્રેરણા ક્યાંથી થઈ તેની પાછળ નાનકડો પ્રસંગ છે. દાયકાઓ પૂર્વે મારા ગુરુવર્ય પૂ. પંડિતશ્રી ઓમકારનાથજી ઠાકુરે 'સંગીતમાં નાયિકા-સ્વરુપ' એ વિષય ઉપર સપ્રયોગ વ્યાખ્યાન આપ્યું હતું.

રાગ રાગિણીઓ સજીવ છે. તેઓમાં પણ મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા છે. સુખદુઃખ અને વેદના સંવેદના અનુભવે છે કોઈ ચંચલા છે, કોઈ ધીર ગંભીર છે. ગીત-સંગીત સાથે પંડિતજીએ શાસ્ત્રીય ગાન રજુ કર્યું. શ્રોતાઓ ડોલી ઊઠયા. ત્યારબાદ વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં આ જ વિષયને વિસ્તૃતપણે 'રાગ અને રસ' તરીકે તેમણે સપ્રયોગ રજૂ કર્યો.

ત્યારથી આ વિષય મારા મનમાં રમતો હતો. અને તેના અભ્યાસપૂર્ણ અધ્યયન માટે મેં સંશોધન કરવા માંડ્યું. પંડિતજીએ ધનંજય કૃત 'દશરૂપકમ્' અને રામચંદ્ર-ગુણચંદ્ર કૃત 'નાટ્ય દર્પણ' વાંચી જવાની ખાસ ભલામણ કરી. ઉપરાંત બીજા પણ સંસ્કૃત, વ્રજભાષાના, હિન્દી અને અંગ્રેજી ગ્રંથો મને મળ્યા. ગુજરાતીમાં માત્ર રાજકવિ નથુરામ સુંદરજીએ ભરત નાટ્યશાસ્ત્રનો અનુવાદ કર્યો તેમાં નાયિકા કેટલા પ્રકારની છે તે અષ્ટનાયિકાઓનું વર્ણન છે. ઉપરાંત સાક્ષરવર્ય કેશવ હર્ષદ ધ્રુવે "અમરૂશતક" માં નાયિકાઓનો ઉલ્લેખ કર્યો છે પરંતુ તે ક્રમબધ્ધ નથી કિન્તુ પ્રિયતમા કે પ્રેયસી જે જે અવસ્થામાંથી પસાર થાય છે તે વખતે તેનામાં કયા પ્રકારની નાયિકાની છાયા વર્તાય છે તે જણાવ્યું છે. અમરૂશતક એ ભોગવિલાસ, રીસામણા મનામણા અને સંયોગ વિયોગને દર્શાવતો મુક્તકોનો સંગ્રહ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજી પ્રેરણા મને મુરબ્બી શ્રી ચન્દ્રવદન મહેતા તરફથી મળી. સ્વ, ભાનુશંકર વ્યાસ 'બાદરાયણ' વ્યાખ્યાનમાળા માટે વ્યાખ્યાન તૈયાર કરવાનું તેમણે કહ્યું ત્યારે મને પં. ઓમૂકારનાથજીની વ્યાખ્યાન માળા સાંભરી અને મેં વિષય પસંદ કર્યો. "નાટકમાં નાયિકાભેદ" અને તા. ૧૪–૧૨–૧૯૭૮ને દિવસે આ વ્યાખ્યાન સપ્રયોગ રજુ થયું. પ્રમુખ પદે મુ. ચન્દ્રવદનભાઈ હતા. પ્રવકતા તરીકે શ્રી બાબુભાઈ ભુખણવાળા અને વ્યાખ્યાનમાં આવતા નાટયદ્રશ્યોનું વાંચન ભાવપૂર્વક રજુ કર્યું. સર્વશ્રી વનલતા મહેતા, તરલા મહેતા, રૂપકમલ, મહેશ્વરી, વિજય દત્ત, માસ્ટર રમણ અને ઉત્કર્ષ મઝુમદારે. આ એક નૂતન પ્રયોગ હતો સભામાં પધારેલા વિદ્વવજનોને ખૂબ ગમ્યો. ચન્દ્રવદનભાઈએ જ સૂચના કરી કે આ વિષયને વિસ્તૃતપણે મારે આલેખવો.

ઉપલબ્ધ એ બધા જ ગ્રંથોનું વાંચન કરી મુંબઈ સમાચાર પત્રમાં એના હપ્તાઓ લેખમાળા રૂપે પ્રકટ થતા રહ્યા. અને વાંચકોના મનોભાવો મને જાણવા મળ્યા. પ્રોત્સાહન મળતું રહ્યુ અને ૩૫ હપ્તાઓ થયા. મારો ઉદ્દેશ અષ્ટનાયિકાઓ તેમના ભેદ પ્રભેદ સાથે ક્રમબદ્ધ રીતે દર્શાવવાનો છે. એટલું જ નહિ પરંતુ જીવનના શારીરિક તેમજ માનસિક વ્યાપારમાં લાગણીઓ અને મનોભાવો અનુભવાય છે તેમાંથી નીપજતી રસનિષ્પત્તિનો આનંદ કરાવવાનો છે. વિપ્રલંભ શૃંગારમાં પણ એ રસનિષ્પત્તિ થઈ શકે છે. મનોજ્ઞાવૈનિક દ્દષ્ટિથી જોઈએ તો મનુષ્ય માત્રનો સૌથી વિશેષ વ્યાપક ભાવ રતિ-પ્રેમ છે. પ્રીતિનાં જેટલાં આકર્ષણ છે તેમાં પતિપત્નીના પ્રેમમાં અધિક આકર્ષણ છે. એમાં અન્તર્ગત પણ પ્રેમની પૂર્વ– રાગ અવસ્થામાં ચાહે એ સ્વકીય પ્રેમ હોય અથવા પરકીય પણ તેમાં અધિક તીવ્રતા અને માદકતાનો આનંદ હોય છે. કાન્તા ભાવમાં પ્રેમની આત્મોત્સર્ગ અને આત્મવિસ્મૃતિની અવસ્થા પૂર્ણરુપમાં આવી જાય છે.

પ્રેમમાં પૂર્વરાગની આવસ્થા નાયકના ગુણ શ્રવણ અથવા સ્વપ્ન કે ચિત્ર દર્શનથી પણ થાય છે. ત્યારે પ્રેમીના હૃદયમાં રતિ ઉત્પન્ન થાય છે. પશ્ચાત પિયુમિલનની તીવ્ર લાલસા નીપજે. કયારેક તો કાલ્પનિક સંયોગથી પણ પ્રિયતમ સાથેના મિલનનો આનંદ અનુભવાય છે. કોઈ વેળા પ્રિયતમની રૂપમાધુરી લોભાવે છે તો કયારેક સ્મૃતિ ત્યારે સાક્ષાત

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મિલનની આનંદની માયા કેટલી આનંદદાયી હશે તેનું સહજે અનુમાન થાય છે. આ જ નાયિકાભેદનું તાત્પર્ય.

મુ. ચન્દ્રવદન મહેતાનો તો હું ઋણી છું જ. તદુપરાંત પૂજ્યપાદ ગોસ્વામી શ્રી શ્યામ મનોહરને આમુખ લખવા મેં વિનંતી કરી અને સહર્ષ તેમણે સ્વીકારી એ માટે એમનો પણ હું ઋણી છું. ચારે વેદ, ષટ્દર્શન, પુરાણો અને પુષ્ટિમાર્ગનું એઓશ્રીનું તલસ્પર્શી જ્ઞાન અને સંસ્કૃત ભાષા ઉપરનું તેઓશ્રીનું વર્ચસ્વ એ તો જેમણે તેઓશ્રીના વ્યાખ્યાનો શ્રવણ કર્યા હોય તેઓ અથવા મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ષોડશગ્રંથોનો સંસ્કૃતમાં જ તેઓશ્રીએ કરાવેલો ગ્રંથપરિચય વાંચવાથી એમની વિદ્વત્તાનો ખ્યાલ આવશે. આમુખમાં તેઓશ્રીએ રસ અને રસભાવને પ્રમુખ ગણ્યો છે તથા રસેશ્વર શ્રીકૃષ્ણને પરમ રતિનાયક તરીકે સ્વીકારી નાયિકાભેદના અન્તર્ગત વર્ણવેલા અનેકવિધ શૃંગારભાવો, કૃષ્ણની પરમાત્મા તરીકેની છૂપી ભૂમિકાને ઓળખી નાયિકાભેદના વાસ્તવિક તાત્પર્યને હૃદયારૂઢ કરવા પર ભાર મૂક્યો છે.

અષ્ટ છાપના ભક્તકવિ નંદદાસે નાયિકાભેદના વિષય પર રસમંજરી ગ્રંથ લખ્યો એ ગ્રંથમાં પણ તેમણે સ્પષ્ટ કર્યું છે કે :

" આનંદઘન સુંદર નંદકુમારને હું નમસ્કાર કરું છું. જે રસરૂપ છે, રસના કારણ છે. રસના ભોક્તા છે, રસિક છે અને જે સંપૂર્ણ જગતના આધાર છે. આ સંસારમાં જે રસ (આનંદ) છે એના આધાર-રૂપ તથા મૂળ સ્રોત આપ છો. જેમ અનેક સરિતાઓનો આધાર સમુદ્ર છે કે જેનામાં એમનું જલ વહીને એકરૂપ થઈ જાય છે. "

આ ગ્રંથની સામગ્રી માટે કેટલાંક મહત્વપૂર્ણ સૂચનો સાહિત્યાચાર્ય મુરબ્બી શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ તરફથી મને મળ્યા હતા. તેઓશ્રીએ મારું ધ્યાન દોર્યું કે 'દેવશીલાંગના' ગાંધર્વસત્વા' આદિ પ્રકારોને નાટ્યતત્વવિદોએ જોઈએ એવી પ્રસિદ્ધિ આપી નથી તે મારે લખવાં. તેઓશ્રી તો હયાત નથી પણ એ પૂનીત અને સદ્ગત આત્માનું ઋણ હું નતમસ્તકે સ્વીકાર કરું છું.

ઉપરાંત 'નાયિકાભેદના ' હપ્તાઓ મુંબઈ સમાચાર દૈનિકમાં પ્રકટ કરવા માટે શ્રી કામાશેઠ તથા તંત્રી શ્રી જેહાનભાઈ દારૂવાલાનો આભાર માનું છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ગ્રંથના પ્રકાશનમાં મને ઉત્સાહિત કરનાર કલા સંસ્કારની પ્રવૃત્તિઓમાં રસ લેતા જૈન સોશ્યલ ગ્રુપના અગ્રણી શ્રી ચીમનલાલ જે. શાહ અને બીજા કલામર્મજ્ઞ શ્રી મહિપતભાઈ શાહનો. હું ખૂબ ઋણી છું. અને આ ગ્રંથનું પ્રકાશન અભિવાદન ટ્રસ્ટ સંસ્થા વતી કરવાનું તેમણે સ્વીકાર્યું તે માટે પણ હું તેમનો ઋણી છું. ભારતીય કલા, સંસ્કૃતિના ઉત્થાન માટે આ ટ્રસ્ટે મહત્વનું યોગદાન કર્યું છે એવી સંસ્થા પ્રકાશન કરે છે તે માટે હું ગૌરવ અનુભવું છું.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર પણ જેમના ચિત્રો પ્રસિધ્ધિ પામ્યા છે, જૈન તથા પુષ્ટિમાર્ગીય સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરી એમાંની અનેક ચિત્રમાલાઓ જેમણે જગતને આપી છે એવા ચિત્રકાર શ્રી ગોકલદાસ કાપડિયાનો પણ હું આભારી છું. આ ગ્રંથમાંની કેટલીક નાયિકાઓના ભાવપૂર્ણ ચિત્રો એમણે દોર્યાં છે.

આ પુસ્તક તરત પ્રસિદ્ધ થાય તે માટે રસ લઈ મારા સ્નેહી શ્રી હેમંતભાઈ નંદલાલ ઠક્કરે (એન. એમ. ઠક્કરની કું.) સર્વોદય મુદ્રણાલય સાથે નકકી કરી આપ્યું તથા આંગડિયા મારફત પ્રુફો મંગાવવા અને મોકલવાની વ્યવસ્થા કરી તે માટે તેમનો તથા સર્વોદય મુદ્રણાલયનો પણ હું આભાર માનું છું.

ઉપરાંત કવિ, વિવેચક અને સાહિત્યકાર સ્વ. મનસુખલાલ ઝવેરીને મારે યાદ કરવા જોઈએ. મુંબઈ સમાચારમાં લેખમાળા રૂપે નાયિકાભેદના હપ્તાઓ પ્રગટ થતા હતા ત્યારે તે વાંચતાં તેમણે કહ્યું :

"સંસ્કૃતમાં પણ નાયિકાભેદ આટલું વિસ્તારપૂર્વક લખાયું નથી. જો સંસ્કૃતમાં એનો અનુવાદ થાય તો ગીર્વાણ ભારતીમાં સ્થાન પામે.'

ભરત નાટયશાસ્ત્રના રસજ્ઞ કલાપ્રેમીઓને આ ગ્રંથ અચૂક ગમશે એ શ્રદ્ધા છે.

"ટર્ફવ્યું" વીંગ 'એ'
હોર્નબી વેલાર્ડ, વરલી
મુંબઈ, ૪૦૦ ૦૧૮

—પ્રાગજી ડોસા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમ

દર્શન નાયિકા	પૃષ્ઠ
* વંદના	૧
૧. સ્વકીયા	૩
૨. પરકીયા	૧૬
૩. સામાન્યા	૨૨
૪. દર્શન વર્ણન	૨૯
૫. અષ્ટનાયિકાઓ–વાસકસજ્જા	૩૯
સ્વાધીન પતિકા	૪૧
૬. અભિસારિકા	૪૫
૭. વિરહોત્કંઠિતા	૬૬
૮. કલહાંતરિતા	૭૨
૯. ખંડિતા	૭૮
૧૦ પ્રોષિતપતિકા	૮૧
૧૧. વિપ્રલબ્ધા	૮૪
૧૨. માનિની	૯૦
૧૩. મુદિતા	૯૪
૧૪. દેવશીલાંગના	૯૭
૧૫. ગંધર્વસત્વા	૧૦૦
૧૬. ક્રિયાવિદગ્ધા	૧૦૩
૧૭. અન્ય પ્રભેદો	૧૦૬
પ્રકીર્ણ	૧૦૯
નાયિકા જાતિ વર્ણન અને સમાપન	૧૧૨
સંદર્ભ ગ્રંથો	૧૧૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વંદના

પ્રણમું પ્રથમ ગૌરીનંદન
વિઘ્નહરણુ જગવંદન
ગણુનાયક ગજવદન
રિદ્ધિસિદ્ધિ સુખવર્ધન

વાંગ્મયની વિશિષ્ઠ કૃતિઓનો પ્રારંભ દેવવંદનાથી થાય છે. આદિ પૂજા શ્રી ગણેશની જે ગૌરીનંદન એટલે મહાદેવી પાર્વતીના પુત્ર છે અને પાર્વતીએ સૌ પ્રથમ લાસ્યનૃત્ય ઉષાને શીખવ્યું હતું. ભગવાન શંકર તો નટરાજ છે જ. એમને અર્ધનારીશ્વર પણ કહે છે એટલે પરમપ્રેમસ્વરુપા મહાદેવી પાર્વતી દેવાધિદેવના વામ અંગે વિરાજે છે.

શિવપાર્વતીની એકરૂપતા, એકરાગ, રસૈક્ય એ પરમ આનંદરૂપ રતિભાવને સૂચવે છે. પરમાત્મા અને મહાશક્તિ, પુરુષ અને પ્રકૃતિની અખંડ અને અવિરત ચાલતી લીલાનું દ્યોતક છે. ભગવાને જ સ્વંય શ્રી મુખે કહ્યું છે :

रसोहमप्सु कौन्तेय

ઉપરાંત ઉપનિષદની 'બ્રહ્માનંદ વલ્લી'માં પણ ઉલ્લેખ છે :

रसो वै सः । रसमह्येवाय
लब्धवा आनन्दी भवती ।
અને स एकाकीं न रमते ।
स्वात्मानमसृजत् ।

વિશ્વના નિયંતાએ બ્રહ્માને આજ્ઞા કરી કે, 'તમે સૃષ્ટિનું સર્જન કરો' એટલે બ્રહ્માએ પંચમહાભૂત, પંચ તન્માત્રા આદિએકત્ર કરી સૃષ્ટિની રચના કરી. પછી પુરુષને ઘડયો પણ કંઈક ખૂટતું લાગ્યું. પુરુષને પોતાને પણ લાગ્યું કે હું એકલો પડી ગયો છું એટલે બ્રહ્મા સ્ત્રીને ઘડવા બેઠા.

ગુલાબની પાંખડીઓમાંથી કુમાશ લઈ એની કાયા ઘડી. એ કાયાને સુવર્ણમિશ્રિત ગુલાબી રંગેરંગી, ચાંદ-શું મુખડું, રેશમી કેશાવલિમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાગરના તરંગોની લહરો લહરાવી, દીવાની સ્થિર જ્યોત સમી નાસિકા, સરોજ કમલ–શાં નેત્ર, જેમાં એકમાં આનંદ અને બીજામાં અશ્રુ સમાયાં છે, પરવાળાં સમા હોઠ જેના ઉપર સમુદ્રમંથનમાંથી અમૃત નીકળ્યું એના છાંટણા આ અધર પર પણ છંટાયા, અમૃતકુંભ સમા ઉન્નત પીનપયોધર, અને નાભિપ્રદેશે ત્રિવલ્લીની રેખા અંકાઈ છે એવી એ મોહિની મૂરત પર બ્રહ્મા પોતે મોહિત થઈ ગયા.

આ તો માત્ર બાહ્ય સૌન્દર્ય હતું. આ ઉપરાંત પણ પુરુષ અને સ્ત્રી બન્નેની કાયામાં એક અદ્ભુત દૈવી અંશ મૂક્યો અને તે જીવાત્મા જેને કારણે ચિત્તતંત્ર વિવિધ વૃત્તિઓ અને મનોભાવો અનુભવે છે. ભરતમુનિએ ‘નાટયશાસ્ત્ર’નું આલેખન કરતી વખતે માનવ જીવન, એની વેદના સંવેદનામાંથી ‘અષ્ટ નાયિકા’ઓનું નિરૂપણ કર્યું.

નાયિકા લક્ષણ :

કવિવર મતિરામ રસરાજ ગ્રંથમાં એનું વર્ણન કરે છે:

ઉપજત જાતિ વિલોકિકે
ચિત્ત બિચ રતિભાવ,
તાહિ બખાનત નાયિકા
જે પ્રવીણ કવિરાવ.

જેનું દર્શન કરવાથી ચિત્તમાં રતિભાવ ઉત્પન્ન થાય અને જેમ જેમ પ્રેમભાવે નિહાળીએ તેમ તેમ નવાં નવાં રૂપોની ઝલક પ્રતીત થાય તે નાયિકા.

કવિવર માઘે પણ સૌન્દર્યને આ પ્રમાણે પ્રમાણ્યું છે.

क्षणे क्षणे यन्नवतामुपैति
तदेव रुपं रमणीयताः ।

ક્ષણે ક્ષણે જેનું દર્શન કરતાં નવાં નવાં રૂપોનો આવિર્ભાવ થાય એ જ સાચું સૌન્દર્ય.

નાયિકાના ત્રણ પ્રકારો બતાવ્યા છે.

૧. સ્વકીયા.
૨. પરકીયા.
૩. સામાન્યા.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વકીયા

દર્શન ૧

સુખદુઃખમાં સાથ દે
　　　અંતરમાં અનુરાગ,
સ્વકીયા એવી શીલવતી
　　　તન મન એકરાગ.

સ્વકીયા એટલે સહધર્મચારીણી પ્રિયતમની પ્રતીક્ષા કરતી ગૃહિણી જ્યારે એને ઘેર આવતો દેખે કે તરત જ એના હૈયામાં સમાયેલો સ્થાયી ભાવ રતિ, પુષ્ટ થઈ શૃંગારરસ રુપે ઉછળે છે. પારસ્પરિક પ્રણયમાં માંગલ્ય વર્તાય છે અને દાંપત્યજીવનમાં સ્વર્ગને અવનિ પર ઊતારે તે સ્વકીયા. સ્વકીયાના પણ ત્રણ ભેદ છે.

મુગ્ધા, મધ્યા અને પ્રૌઢા.

મુગ્ધા નવલવધૂ

બાલપણ વીતતાં કન્યા મુગ્ધાવસ્થામાં પ્રવેશે છે. જેમ કળી વિકસિત થઈ ફૂલ બને છે. આંબલિયે મંજરીઓ મહોરે છે તેમ એ બાલાનાં અંગો વિકસિત થતાં જાય છે. કવિવર બિહારીલાલે મુગ્ધાનાં લક્ષણો આ પ્રમાણે વર્ણવ્યાં છે.

છૂટી ન સિસુતાકી ઝલક
　　　ઝલક્યો જોબન અંગ,
દંપતિ દેહ દુહુન મિલિ
　　　દીપતિ તાફતા રંગ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કવિ કુલગુરુ કાલિદાસ ‘ વિક્રમોર્વશીયમ્ ’ નાટકના બીજા અંકના પ્રવેશક પછીનાં દૃશ્યમાં પ્રમદવનમાં રાજા પુરુરવા વિદુષકને મુગ્ધા નાયિકાની વિકસિત અવસ્થા વર્ણવે છે. અપરોક્ષ રીતે ઊર્વશીને ઉદ્દેશીને આ ઉક્તિ કહેવાઈ છે.

अग्रे स्त्रीनख पाटलं
कुरबक श्यामद्वये।भागयो
बालाशोकमुपोढराग सुभगं
भेदोन्मुखं तिष्ठति ।
ईषद्बद्धरज : कणाग्रकपिशा चूते नया मञ्जरी ।।
मुग्धत्वस्य च यौवनस्य च सखे मध्ये मधुश्री स्थिता ।।

વસંતનું આગમન થતાં કુરબક ફૂલ હમણા જ ખીલ્યું છે. અગ્રભાગે જેણે રતાશ ધારણ કરી છે પણ બન્ને બાજુએ કાળાશ વર્તાય છે કારણ કે અદ્યાપિ તે પૂર્ણપણે વિકસ્યું નથી. બાલપણમાં નિગૂઢપણે સંતાઈ રહેલું યૌવન બહાર આવવા ઉત્સુક જણાય છે.

નવયૌવના મુગ્ધાના બે ભેદ છે.

(૧) અજ્ઞાત યૌવના.

(૨) જ્ઞાત યૌવના.

અજ્ઞાતયૌવના

પરણી છતાંય જેને હજી અનંગ બાણ વાગ્યાં નથી. બાલપણની નિર્દોષ રમતો જે હજી વિસરી નથી. વરવહુની રમતો રમ્યા છતાં રતિસુખથી અજાણ તે અજ્ઞાતયૌવના.

એનું ઉદાહરણ કવિવર રવીન્દ્રનાથ ટાગોર ‘ બાલિકા બધૂ’માં સુંદર રીતે આપે છે. કિશોરી અવસ્થાનો એનો તરવરાટ હજી શમ્યો નથી. કોઈ અદમ્ય મસ્તીનું તોફાન એના અંતરમાં જાગે છે છતાં એ જાણતી નથી કે આ વેગ શેનો છે. જોબન ઝલક ઝલક થવા ઝબકારા કરે છે. પણ એ ઝબકારામાં કામેચ્છા નથી.

પ્રિયુમિલનની મધુરજનીની રાતે પણ એના પતિને ‘ સ્વામી ’ નહિ પણ ‘ સખા ’ કહી એ સંબોધે છે. બાળચેષ્ટાની વાતો જ એ કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્ઞાત યૌવના

કળી હવે ફૂલ બની છે. જ્ઞાતયૌવના એ જાણે છે કે એ ફૂલ કોઈને સમર્પણ થવાનું છે. એ ફૂલની સૌરભ એના દેવ લેવાના છે. પોતાની પાંદડીઓને ફરફરાવતી, એના મનમાન્યા મધુકરના મિલન કાજે એનું મનપંખી ઉત્સુક બને છે. એના દેહ લાલિત્યના મણિઓનાં દર્શન એના મનમોહનને થાય એ માટે છાની છપની રીતે પણ એ ખુલ્લાં કરે છે. વેલી તરૂવરને વીંટળાઈ વળે છે.

મુગ્ધા અને નવોઢામાં ભેદ આલેખતાં કવિ મતિરામ લખે છે:

મુગ્ધા તો લજ્જાભરી
ચહે ના રતિસંગ,
નવોઢા મસ્તીભરી
પ્રવીણ સદા રસરંગ.

એનું ઉદાહરણ સરસ્વતીચંદ્રની કુસુમ. સરસ્વતીચંદ્ર સાથેનાં લગ્ન પછીનો પ્રસંગ આલેખતાં સાક્ષરવર્ય ગોવર્ધનરામ લખે છે:

'ઘેલી કુસુમ આરતી લઈ, મલકાતી મલકાતી પતિ મુખને ન્યાળી રહી હતી તે અચિન્તિ કાંઈ ઊર્મિ ઉઠવાથી, એ ઊર્મિના અસહ્ય વેગના હેલારાથી દેવની આરતી વડે જ પતિદેવની આરતી ઊતારવા મંડી ગઈ.... નદી સમુદ્રમાં વસે તેમ ધસતી અધીરી બનેલી મુગ્ધા, લજ્જાને છોડી, સુતેલા પતિના અધરપુટ ઉપર પોતાના અધરને બીજી આરતી પેઠે ધરવા જાય છે ને એનું પોપચું કંઈક ઉઘડતું દેખે છે ત્યાં એને ચમકાવનાર શબ્દ પાછળ સંભળાયો. કુમુદથી મ્હોટેથી કહેવાઈ જવાયો.

"ઘેલી મારી કુસુમ."

*

મુગ્ધા લજ્જાશીલા

એ તો લજ્જાભરી. લલિત ઊર્મિઓને હૈયામાં ભરીને હરેફરે છે. સાસુ સસરા સામેની લજ્જા, એ કૂળમરજાદની રેખા, અતિથિ ઘેર પધારે તો વિનય વિવેકની ભાવના ન વિસરાય એ તકેદારી સાથે કાર્યરત રહે. પણ એના દરેક કાર્યમાં ગૃહિણી ધર્મનો આનંદ વર્તાય છે. લજ્જાને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંગે કોઈ કામ ઉધડકપણે ન થાય એની સભાનતા સાથે એ કાર્યરત રહે છે.

'કોઈ કાર્યમાં ઉણપ રહે તો મારા પિયુને ન ગમે અને એમને ન ગમે તો મારા પર નારાજ થાય તો મને પણ ન ગમે એવી એ લજ્જાશીલા છે.

*

મુગ્ધા નવલઅનંગા

નવલઅનંગા જરા માની છે. યૌવના છે કલકલ કરતા ઝરણા જેવી. એને ટીખળ કરવાનું પણ સૂઝે છે નહિ તો રસમસ્તીની રસિકતા, તારા મૈત્રકના છાનાછપના સંધાન અને પરાણે વશ થઈને અનંગના આલ્હાદ-દાયક સ્પર્શનો રસાનંદ માણવાની મઝા ક્યાંથી મળે! કેશવદાસ 'રસિક-પ્રિયા'માં એના રસિક દૃશ્યનું આલેખન કરે છે.

'પ્રિયુએ સેજ પર આસન લીધું. કમાડ બંધ કરી પ્રિયા આવી. જરાક પાસે....કે પિયુએ પાલવ પકડયો. તો એણે છણકો કરી કહ્યું:

"છોડો, રાત બહુ વીતી ગઈ છે." એમ કહી પાલવ છોડાવવા ગઈ પણ પાલવ ન છૂટયો. વળી એણે કહ્યું:

'છોડો ને! શુક સારિકા પણ સૂઈ ગયા. મૃગ મૃગલી ઝોલાં ખાય છે, હવે દીવાની વાટને સંકેરો તો સૂઈ જઈએ.'

ત્યાં તો પાલવ ખેંચાયો અને વસ્ત્ર નીકળી જશે એ બીકે સાળુને સંભાળવા ગઈ ત્યાં તો ફડાક દઈને પિયુના બાહુપાશમાં જઈને પડી.

મધ્યા:

મધ્યા એ નવવધૂ નથી. એ તો પતિના સંસારમાં વર્ષોથી ઓતપ્રોત થઈ ગઈ છે. પતિના સુખદુઃખની સમભાગી એના સુખમાં વૃદ્ધિ કરે છે અને દુઃખમાં ભાગ પડાવે છે, દિલાસો દે છે એવી આદર્શ ગૃહિણી છે. એનો પતિ વેપાર કરતો શ્રીમંત હોય કે પેઢીમાં નોકરી કરતો મધ્યમ વર્ગનો માનવી હોય પરંતુ ગોરજ ટાણુ થાય કે બારસાખને પકડી પતિની પ્રતીક્ષા કરતી એ ઊભી જ હોય. પછી દૂર દૂરથી એના આતમ દેવની આકૃતિ દેખાય કે એના અંતરમાં હર્ષની હેલી ચઢે છે. મુખડું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મરક મલકે છે તથા યૌવનનો તરવરાટ શમ્યો નથી એટલે હૈયું તો સામે જઈ દોડીને એને ભેટવા ચાહે છે પણ લોકલાજના લંગર એને એમ કરતાં અટકાવે છે.

આવી પ્રેમાળ પત્ની હોય તો એનો પતિ પણ કામથી પરવારતાં ક્લબમાં જઈ પાના રમવાં અથવા શરાબમાં ચકચૂર થઈ કોઈ પરસ્ત્રીને બગલમાં ઘાલી બોલ-ડાન્સ કરવાને બદલે, નંદનવન સમા એના ગૃહસંસાર તરફ જ પગલાં માંડે છે. ભોજન આરોગતાં ઘણી વાર એને એમ થાય છે કે ખાવાને બદલે પત્નીની કુમાશભરી આંગળીઓ ચૂસવામાં કેવો મધુર સ્વાદ આવે !

પછી ઘરકામથી પરવારતાં રાતના બીજા પહોરનાં ચોઘડિયાં વાગે છે અને શયનખંડના કમાડ બંધ થાય છે.

પરંતુ મધ્યા નાયિકાના ચાર પ્રભેદ છે.

૧. આરૂઢ યૌવના

૨. પ્રગલ્ભ વચના

૩. પ્રાદુર્ભુત મનોભવા

૪. સુરતિવિચિત્રા

આ ચારે પ્રભેદોના વિવિવરણ પહેલાં 'રસ' વિશે વિચારીએ.

રસાસ્વાદ

પતિપત્ની વચ્ચેના વિશુદ્ધ સ્નેહની પ્રક્રિયા રસાસ્વાદમાં પરિણમે છે. અષ્ટ નાયિકાના નિરૂપણમાં રસાસ્વાદનું સ્વરૂપ અને રસનિષ્પત્તિની પ્રક્રિયા સમજાય એ માટે એની શાસ્ત્રોક્ત સમજ આવશ્યક છે.

ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં વિભાવ અનુભાવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે. આ સૂત્ર પ્રમાણભૂત હકીકત તરીકે સ્વીકારાયું છે. ભટ્ટલોલ્લટ, શંકુક, ભટ્ટનાયક અને અભિનવગુપ્તે રસસૂત્ર પર વિવેચાનાત્મક ગ્રંથો લખ્યા છે.

નાટ્ય અને કાવ્યનો આત્મા પણ રસ છે. એ પ્રતિપાદિત થયું છે. ભાવકની સામે સૌન્દર્યથી ઓપતી કલાકૃતિ હોય અને ભાવકનું અંતર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ તેમાં એકાકાર થાય તો જ રસાસ્વાદ શક્ય બને છે. એ રસતત્ત્વને સંજીવની અર્પવાનું કાર્ય "સ્થાયી ભાવ" કરે છે.

રસશિરોમણિ શૃંગારરસનો સ્થાયી ભાવ પ્રેમારતિ છે. રસાસ્વાદની ક્ષણોમાં રજસ અને તમસ તત્ત્વો વિરમી જાય છે. રાગદ્વેષના દ્વન્દ્વો લુપ્ત થાય છે. એટલું જ નહિ કિન્તુ સ્થૂળ સૂક્ષ્મ વૃત્તિઓ પણ તિરોધાન પામતાં આત્મા દિવ્ય આનંદ (aesthetic joy) અને દિવ્ય ચેતનાની અનુભૂતિ કરે છે.

એ દૃષ્ટિએ હવે મધ્યા તથા અન્ય નાયિકાઓની રસસૃષ્ટિમાં પ્રવેશ કરશું.

*

મધ્યા આરૂઢયૌવના

મુગ્ધાવસ્થાના ઉંબરેથી બહાર આવી એ આરૂઢયૌવના વસંતોદ્યાનના પૂરબહારમાં પ્રવેશી ચૂકી છે. અંગેઅંગમાં પુષ્પ ધન્વાના ધનુષ જેવા વણાંકો અને કમાનોમાંથી મદનના શર છૂટે છે. એણે ઓરડાના કમાડ તો ભીડ્યા પણ આખા દિવસના કામથી મેલાં થયેલાં વસ્ત્ર બદલવાં છે. પ્રસ્વેદથી ભીંજાયેલાં અંગ સાથે તે કંઈ પિયુ સમીપે જઈ શકાય ખરૂં ?

મહાકવિ કાલિદાસ "ઋતુસંહાર"માં સરસ વર્ણન કરે છે:

પ્રસ્વેદે ભીંજાઇ અંગો
સ્નિગ્ધ થતાં એ તરૂણીનાં
એ સમયે તે વસ્ત્રો તનથી
ભિરૂ ત્યજી દેતી ભીના.
ઊચ્ચ પયોધર આવરતી
પ્રમદા સૂક્ષ્મ વસન ધરતી,
સ્તન પર ચંદન ચર્ચ્યાં ધારી
હાર ધર્યાં હિમધવલા બેશ
કંચનના કંદોરા ધરતા
રાજે નિતંબબિંબ પ્રદેશ,
ન કોના માનસને એ
અતિશય ઉત્કંઠિત નવ કરે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ઉક્તિઓનું વિવેચન કરવાની જરૂરત છે ખરી ? છતાં શાસ્ત્રીય દૃષ્ટિએ કરીએ.

અહીં પતિ એ આલંબન, એકાંત એ દિપન; હર્ષ રોમાંચ કટાક્ષ એ સંચારી ભાવો, કૌશિકી વૃત્તિ, સ્વભાવોક્તિ અલંકાર અને સ્થાયી ભાવ રતિ સંભોગ શૃંગાર દાખવે છે.

*

મધ્યા પ્રગલ્ભવચના.

એ જરાક આખાબોલી છે. કામ ઉપર જતા પતિને સંભળાવી દે છે.

'આજે સાંજે તો વહેલા ઘેર આવશો ને ?'

એ સ્પષ્ટ કથનમાં વહાલનો રણકો તો છે જ એમ કહેવાનો એને અધિકાર છે. કારણ કે એ સ્વકીર છે. કસમયે પિયુ બહાર જવા નીકળે તો કહી પણ શકે.

'અત્યારે આ સમયે વળી ક્યાં ચાલ્યા ?'

કોઈ બહાર જતું હોય અને આપણે પૂછીએ કે ક્યાં જાઓ છો એ અપશુકન ગણાય છે પરંતુ ગામડાની ભોળી ગૃહિણી હોય, અંતરમાં એના વહાલા માટે અનુરાગ ભર્યો હોય તો એનું કાળજીભર્યું હૈયું જ સહસા બોલી ઊઠે છે.

નાટ્ય મહર્ષિ કવિશ્રી પ્રભુલાલ ત્રિવેદીએ એમના નાટક 'વડીલોના વાંકે'માં એવી એક નાયિકા આલેખી છે. ગામડાની ગોરી સમતા ખૂબ જ પ્રેમાળ છે. પરાર્થ સેવાઓમાં રચ્યાપચ્યા એના પતિ આગળ એ પોતાનું હૈયું ઠાલવે છે.

'હું પગની ધૂળ જેવી, મુગટ મણિની માયાથી માન પામી પણ આ માનને લાયક હું નથી. હવે વગર વિચાર્યું નહિ બોલું, કોઈને ત્રાસરૂપ નહિ થાઉં. મારા પર દયા રાખો. જાઓ, જવું હોય ત્યાં સુખેથી જાઓ પણ મને તરછોડીને જતા નથી એવું વચન આપો. અને હસતે મોઢે સિધાવો !'

ત્યારે પુષ્કર એનો પતિ જવાબ વાળે છે 'એ સ્વપ્નેય ન માનીશ. કામ પૂરું થયે જરૂર પાછો આવીશ.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પુષ્કર ગયો અને સમતાને હૈયે ટાઢક વળી હૈયું બોલી ઊઠયું.

'ગયા....ચાલ્યા ગયા....ક્યાંય ગયા નથી. (છબીને ઉદ્દેશી) આ રહ્યા... આ હસતું મોઢું મારી સામે જ રાખીશ. એમના પુસ્તકોની પૂજા કરીશ. એમનો રૂમાલ આંખે અડાડીશ.'

બન્ને જીવોની એકતા જ પ્રણય માંગલ્યનું પ્રગટ સ્વરુપ છે.

મધ્યાના બે પ્રકાર આપણે જોયા. એક તો આરૂઢયૌવના જેના અંગે-અંગમાં જોબનના દીપ પ્રગટયા અને એની જ્યોતિના રંગરંગી પ્રકાશમાં એના પિયુને સ્નેહનો શરાબ પાયો. બીજી પ્રગલ્ભવચના, આખાબોલી છતાં અમૃતમધુરા વેણુથી આતમરામને પોતાના આવાસમાં પૂરી રાખવા ઇચ્છે છે. હવે ત્રીજી છે પ્રાદુર્ભુત મનોભવા.

પ્રાદુર્ભુત મનોભવા.

પ્રાદુર્ભુત મનોભવા મધ્યા કહૈ બખાન
તન મન ભૂષિત શોભિલે કેશવ કામકલાન

જે પોતાના મનના ભાવોને પ્રકટ કરે છે પરંતુ આરૂઢયૌવના અને પ્રગલ્ભવચના કરતાં પિયુને વશ કરવાની એની પ્રીતની રીત નિરાળી છે. સૂરમ્ય વસના થઈ, રેશમ શી કાયા પર નવલખ તારાઓમાંથી પસંદ કરી કરીને ચૂંટયા હોય એવા શણગાર સજે છે. એ જાણે છે કે ઝબુક ઝબુક થતા એ તારલાઓ અને શુભ્ર વસનથી પણ પ્રિયતમનું મન મોહવશ થશે.

'એક નૂર આદમી, હજાર નૂર કપડાં.'

વળી વાત્સ્યાયન કામસૂત્રમાં તો શણગારની સજાવટ એ પણ ચોસઠ કળાઓમાંની એક કળા છે. તેમ છતાં ગૃહિણી અવસર વિના કંઇ રોજ રોજ શણગાર સજતી નથી. કવિ ગોવિંદે એક કવિત્ લખ્યું છે.

જા કો સુખદાયી સતી નાર નવયૌવના હૈ
વાકો સૂરલોકન કો સુખ કૌન કામકો ?
જા કે તન લાવણ્ય રાજત લલિત સદા
વાકો કહા કામ અલંકાર અભિરામ કો ?

અષ્ટછાપના ભકત કવિ નંદદાસ પણ એમના ગ્રંથ 'રસમંજરી'માં આલેખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'નિસર્ગે' જે રમણીયતા સુંદરીના દેહલાલિત્યમાં ભરી છે તેની સમીપે બાહ્ય અલંકારો નિસ્તેજ લાગે છે. કાયામાં રેશમી કૂમાશ અને કંઠમાં ઘંટડીનો મધુર રણકાર રેલાવ્યો છે. અલકાવલિની લટ છૂટી પડી અધરો પર વિલસે છે તે જાણે ગુલાબની કળીઓ પર આસન જમાવવા ભ્રમરે પંખ ન પસાર્યાં હોય! ભાલ પ્રદેશે ચિતરેલો લાલચટક ચાંદલો તો જાણે સૌભાગ્યનો સૂરજ ઊગ્યો. રમણીએ પોતાના કપોલ પર હાથ ટેકવ્યો છે તે જાણે કમલદલ પર ચાંદો વિરામ કરે છે. ચિબુક પરની બિંદી એવી સોહે છે જાણે ચન્દ્ર નીચે બૃહસ્પતિ ચમકી રહ્યો છે. એની કટીનો વળાંક કામદેવના ધનૂષની કમાન સૂચવે છે અને આછાં નીલરંગી સાળુમાંથી એનું ગૌર અંગ એવું ઝગારા મારે છે જાણે લખલખ દીપ પ્રગટ્યા છે. હાવ, ભાવ અને હેલાથી એ પિયુને આકર્ષે છે.'

કેવું સુરેખ, સુરમ્ય અને માદક ચિત્ર!

મધ્યાસુરત વિચિત્રા.

કામકળા પ્રવીણ તે સુરત વિચિત્રા! પરંતુ એક પ્રશ્ન ઉદ્ભવે છે એને વિચિત્રા શા માટે કહી છે? એનો ઉત્તર એટલો જ કે મધ્યા નાયિકાના અન્ય પ્રચારો કરતાં એ જુદી છે.

હસે, રમે ને વેણ વદે
મધુરા અંગ વિલાસ,
કંઈ ના છાનું છપનું રહે
પિયુ મિલનની આશ.

સખી સાથેના વાર્તાવિનોદમાં પણ આડકરી રીતે એ પોતાના પ્રિયતમ તરફ જ ઈશારો કરતી હોય છે. એ જોઈ સખી પૂછે છે:

હે બહાવરી! કોના દર્શન કાજે તારા નયનમાં મીન પિયાસી થઈ છે? તારાં હોઠ હસી રહ્યાં છે તે એવો તો કોણ છે મનભાવન જેણે તારી વાણીમાં આ મીઠાશ ભરી છે, તારા રોમરોમમાં આનંદદાયક કંપ વર્તાય છે?

સમજુ છતાંય અણસમજુ થઈ સખી પૂછે એને તે કંઈ ઉત્તર વાળવાનો હોય ખરો? ત્યારબાદ સખી એમ પણ પૂછશે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાંભળ રે મારી સજની નાર
રજની ક્યાં રમી આવ્યાં જી !
હમણા ચીર પહેર્યાં'તાં ને
ચીર ક્યાં ચોળાણા જી ?

અને તે વખતે સખીને થોડું જ કહેવાય છે કે હે સખી ! તેં મને હજી ન ઓળખી ? કામકળાની જે સાત કલાઓ છે–પ્રણયવાર્તા, સ્પર્શ, આલિંગન, અધરપાન, નખક્ષત, મર્દન અને રમણમાં હું પ્રવીણ છું એ તો....

મુજ વીતી તુજ વીતશે
ધીરી બાપુડીયા !

મધ્યનાયિકાના બીજા પણ ત્રણ પ્રભેદો છે. ધીરા,અધીરા, ધીરાધીરા.

સ્વકીયાનું પ્રેમાળ, સૌમ્ય અને રંગભર્યું રૂપ આપણે જોયું પરંતુ ઘરમાં વાસણ હોય તે ખખડે પણ ખરાં. કદીક એ સ્વકીયા રૂદ્ર સ્વરુપ પણ ધારણ કરે છે. ત્યારે મધ્યા ધીરા, કોપના આવેશમાં, વ્યંગમાં એના નાયકને સંભળાવી દે છે.

નાયિકા સખીને ઉદ્બોધન કરે છે :

'તેં ખરું કહ્યું સખી ! એમનું મુખડું ચંદ્ર જેવું છે. ચંદ્રમાં કલંક છે અને વળી ચંદ્ર શીતલ પણ છે; ઘટવધ થયા કરે છે એવો એનો સ્વભાવ છે. ઉપરાંત સવાર પડતાં તે નિસ્તેજ થઈ જાય છે, ગાયબ થઈ જાય છે.

જ્યારે અધીરા પણ વિષમ વાણી વદે છે. પરંતુ વ્યંગ નથી કરતી. નાયકને જ કહે છે;

'લગ્ન સમયે હસ્તમેળાપનો પ્રથમ સ્પર્શ કર્યો ત્યારે મને કેટલો રોમાંચ થયો હતો ! એ મેળાપ લગ્નવિધિ પૂરતો જ નહિ કિન્તુ જીવન-ભરનો હતો એ વાત તમે વિસરી ગયા. સપ્તપદીના સાત પગલાં આપણે સાથે ભર્યાં, સંસાર પંથે આપણે સાથે જ સહજીવન માણવાનું છે એવી પ્રતિજ્ઞા લીધી એ ભૂલી ગયા ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધીરાધીરા ક્રોધ પણ કરે છે અને સાથે વ્યંગ પણ કરે છે. છતાં એના પોતાના મનમાં જ શંકા જાગે છે કે :

" રતન જડ્યું છે એને કાચ સમજી મોહ–સંમોહમાં અટવાતી એવી હું એ રતનને ફરી સમુદ્રમાં ફેંકી તો નથી દેતી ને? મારા મનનાં આરામ, નયનાભિરામ છે છતાં મારું હૈયું શીદને અગનઝાળે જલતું હશે? "

*

પ્રૌઢા

૩૫ થી ૫૫ વર્ષની સ્ત્રીના સ્વભાવમાં ઠરેલપણું, વિચારોની પ્રૌઢતા અને વ્યહારમાં દક્ષતા જણાય છે. 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં ગુણસુંદરીનું પાત્ર અને શરદબાબુની નવલકથા 'વિપ્રદાસ'માં સતી એ બન્ને પાત્રો પ્રૌઢા નાયિકાના જાજ્વલ્યમાન પાત્રો છે. સાક્ષરવર્ય ગોવર્ધનરામ તો લખે છે :

' કુટુંબ સંસાર ચલાવવો એ રાજ્ય ચલાવવા જેવું છે અને તે ચલાવનારી ગૃહિણીનું કામ રાજ્ય ચલાવનાર પ્રધાનના જેવું ગહન છે. દીર્ઘદૃષ્ટિ, સ્વાર્થત્યાગ, સહનશીલતા, વ્યવહારકુશળતા ઇત્યાદિ અનેક મહાગુણોનો ઉપયોગ ચતુર ગૃહિણીને પ્રધાનના જેટલો જ છે.'

આ બધું કરવા જતાં ગૃહિણીએ પોતાની ઈચ્છા, આકાંક્ષાઓનો ભોગ પણ આપવો પડે છે. એક રીતે પ્રૌઢાનો આ સ્નેહયજ્ઞ છે.

પ્રૌઢા નાયિકાના બે ભેદ છે.

૧. સમસ્તરસ કોવિદા.

૨. વિચિત્ર વિભ્રમા.

કેશવદાસે રસિકપ્રિયા ગ્રંથમાં અને પદ્માકરે જગદ્‌વિનોદમાં સમસ્ત રસકોવિદાને, શૃંગારરસ પ્રવીણ અને કામકળા મર્મજ્ઞ તરીકે આલેખી છે. પરંતુ સમસ્તરસમાં શૃંગાર અથવા સુરત ક્રીડાને બદલે બીજો અર્થ પણ ઘટાવી શકાય છે.

ભરતમુનિએ આઠ અને અભિનવગુપ્તે નવ રસો વર્ણવ્યા છે. તેમાં શૃંગાર મુખ્ય છે. કારણ કે બધા રસોમાં કામ પુરુષાર્થરૂપ ફળવાળો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોવાથી તેમાંથી બધા લોકોનો હૃદયસંવાદ સંધાતો હોય છે. પરંતુ સમસ્ત રસકોવિદા શૃંગાર ઉપરાંત હાસ્યનો આનંદ પણ ઉપજાવે. કરૂણાથી ભરેલાં લોકોના હૃદય, હાસ્યથી હળવાં થાય. આ કાર્ય પ્રૌઢા કરી શકે. સમય આવે વીરરસ પણ દાખવે અને અદ્‌ભુત કાર્યો કરી અદ્‌ભુત રસમાં પણ લઈ જાય. દુષ્ટો સામે ચંડિકા સ્વરૂપ ધારણ કરી ભયાનક પણ દેખાય તેમ છતાં એના અંતરમાં તો શાન્ત રસ જ વહેતો હોય છે.

પ્રૌઢાના કેટલા બધા સ્વરૂપો આપણે નિરખ્યા ! કુશળતાથી ગૃહરાજ્ય ચલાવવા છતાં રાત પડે કે એ રાણીને સ્નેહની હુંફ તો જોઈએ જ. વર્ષોથી પ્રેમાનુભવના કિલ્લાઓ સર કરવા છતાં શયનખંડમાં એ પગ માંડે એ હંમેશ એને માટે વસ્લની રાત હોય છે. નયનબાણ, ભ્રૂક્ષેપ, કટાક્ષ, સંચાર, લલિત મધુર અંગહાર અને પ્રિય લાગે એવાં વચનો દ્વારા હાવ, ભાવ અને હેલાથી પતિમાં એ પ્રૌઢા રસ જાગૃત કરે છે.

અભિનવ કહે છે કે એનો અભિનય રસને આસ્વાદયોગ્ય બનાવે છે.

આ તો સમસ્તરસકોવિદા છે. એ જાણે છે કે ધીરે ધીરે આ રસને પરાકાષ્ટાએ કેવી રીતે પહોંચાડવો. એનું એકેક સોપાન સર કરતાં કરતાં એ આગળ વધે છે. પ્રથમ તો એના દેહસૌષ્ઠવની શોભા એની વહારે આવે છે. તેમાં હાવભાવ કાન્તિ ઉપજાવે છે. કાન્તિમાં અભિનય અને અનુભાવની માત્રા ભળતાં એ માધુર્યનું આકર્ષણ નીપજાવે છે. એ માધુર્ય છેવટે પ્રેમ રસપાનમાં પરિણમે છે.

*

વિચિત્ર વિભ્રમા

એક પ્રૌઢા એવી છે જેની પ્રેમરતિ વિરમી ગઈ છે. ઘરની જંજાળ, સંતાનોના દેખભાળની જવાબદારી એને માથે એવી સવાર થઈ હોય છે કે પ્રેમ અને શૃંગાર તરફ એની વૃત્તિઓ જ દોડતી નથી.

મારાં નાટક 'જેવી છું તેવી' જેના ઉપરથી ફિલ્મ પણ ઊતરી તેમાં એવી જ પ્રૌઢા નાયિકા મેં દર્શાવી છે. એનું નામ મંગલા. એને ત્રણ સંતાન તેમાં સૌથી નાની દીકરી જન્મથી મૂંગી છે. એની વ્યથા અને કરુણાને અંગે મંગલા પણ દુઃખી છે ત્યાં શૃંગાર ક્યાંથી સંભવે !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યારે એનો પતિ રોમેન્ટીક જીવ છે. એક દિવસ કામ ઉપથી પરવારી મોડી સાંજે એ ઘેર આવ્યો અને પ્રેમના આવેશમાં એણે મંગલાનો હાથ પકડયો. તરત જ એ હાથ છોડાવતાં મંગલા બોલી.

'આ શું કરો છો, ઘરમાં ત્રણ ત્રણ છોકરાં અને તમને આ ઉંમરે પ્રેમનાં ચાળાં સૂઝે છે ?'

'પણ જરીક હાથ પકડયો એમાં શું થઈ ગયું ?' કોચવાતા મનથી પતિ બોલ્યો.

'એમાં તમને આનંદ શો આવ્યો ?' મંગલા બોલી.

મંગલાએ પતિનો બધો નશો ઊતારી નાખ્યો. હવે આ ઠંડા માટલાંને કોણ સમજાવે કે પત્નીના સ્પર્શમાં કેટલો આનંદ સમાયો છે ! કદીક આવી ઉપેક્ષાથી અનેકના સંસાર ઝેર થયાં છે.

*

ધીરા, અધીરા, ધીરાધીરા : પ્રૌઢા

મધ્યા નાયિકાની પેઠે પ્રૌઢાના પણ ઉપર લખ્યા પ્રમાણે ત્રણ પ્રભેદ છે. તે મોટા ભાગનાં ગ્રંથોમાં આલેખાયેલાં છે.

પ્રૌઢા ધીરા કોપ કરે છે પણ પછી માની જાય છે.

પ્રૌઢા અધીરાના ક્રોધની માત્રા કંઈક વિશેષ હોય છે. એનું ઉદાહરણ છે ક્રોધ ભવનમાં ચાલી ગયેલી કૈકેયી દશરથ રાજા પાસેથી મેળવેલાં વચનો પાળવાનો આગ્રહ રાખી પતિને નારાજ કરીને પણ એ પોતાનું ધાર્યું કરે છે.

પ્રૌઢા ધીરાધીરા કોપ કરવા છતાં ય મનમાં શંકા સેવે છે કે એ જે કંઈ કરી રહી છે તે શોભાસ્પદ છે ? એનું ઉદાહરણ શ્રીમદ્ભાગવતમાં છે.

શ્રીકૃષ્ણે સહજ ઉપહાસ કર્યો તેમાં રૂક્મણિ એવાં રીસાઈ ગયાં મૂર્છિત થઈ ગયાં. પછી શ્રીકૃષ્ણે એમને મનાવ્યાં ત્યારે રૂક્મણિને થયું કે આ મેં ઠીક ન કર્યું.

નાયિકાના પ્રકારો, ભેદ, પ્રભેદ આલેખાયાં છે તેમાં ઉત્તમા (પદ્મિની), મધ્યમા (ચિત્રિણી–હસ્તિની) અને અધમા (શંખણી) એવા લક્ષણવાળી સ્ત્રીઓ પણ હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : બીજું

પરકીયા

સૌન્દર્યની આરતી એ આરાધના મનાય છે. ઘણા પતંગિયાઓ એ દીપશીખાની દોરવણીએ સૌન્દર્યમૂર્તિ સુધી પહોંચે છે. કોઈ દાઝે છે, કોઈ પ્રકાશ મેળવે છે. કદિક સૌન્દર્યમૂર્તિ પોતે કોઈ પતંગિયાની રૂપેરી, રંગબેરંગી રેખાઓ પર મુગ્ધ બને છે પરંતુ એ સૌન્દર્યમૂર્તિ જો પરકીયા નાયિકા એટલે બીજાની પત્ની હોય (ઉઢા) અથવા તો અપરિણીત હોય (અનુઢા) તો એની આરતી એ આરાધના બને કે કેમ એ પ્રશ્ન છે.

ઉઢા

યમુનાના શ્યામલ નીર ઉપર ઝીલમીલ ઝીલમીલ અને હાલકડોલક થતી દીવડીઓ તરતી તરતી જાય છે. મથુરાંના વિશ્રામ ઘાટ પર કૃષ્ણપ્રિયા યમુના મહારાણીની આરતી થાય છે, ગવાય છે અને એ આરતીનાં અજવાળાં જમુનાજલમાં સોનામાછલીઓ સપાટી પર સરસરતી હોય એમ જણાય છે. કાંઠે કેટલાય કાચબાઓ ડોક ઊંચી કરી આરતીનાં દર્શન કરે છે અને ત્યારે બંસીનો બજવૈયો કાનુડો સાંભરે છે.

દ્વાપરયુગનો એ સમય ! ગોપીઓ ઘેલી બની, ઘરનાં કામો પડતાં મૂકી કદંબવૃક્ષ તરફ દોડે છે. કોઈ ગોપીએ પતિનું પીતાંબર સાડી સમજીને પહેર્યું છે, કોઈ પોતાના બાળકને ધવડાવતી હતી તેને છોડીને દોડી છે, તો કોઈ ચૂલા પર મૂકેલું આંધણ એમ જ મૂકી ભાગી છે.

બીજી તો અનેક નાની મોટી છે જેમાં કોઈ ઉઢા, કોઈ અનુઢા તો કોઈ સામાન્યા છે. પૂષ્ટિમાર્ગ આ ગોપીઓને અન્યપૂર્વા, અનન્ય પૂર્વા અને સામાન્યાની સંજ્ઞા અર્પે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમાં જે અન્યપૂર્વા હતી તે વિવાહિત છતાં પોતાના સાંસારિક પતિનો સંબંધ ત્યાગી, લોકલાજ અને વેદમર્યાદાને ઉલ્લંઘી પરકીય ભાવથી તેમણે કૃષ્ણને જ પોતાના પતિ માન્યા હતા. એમાં એક હતી પરમ પ્રેમસ્વરુપા અને તે રાધિકાજી. શ્રીમદ્ ભાગવતમાં તો રાધાના નામનો ઉલ્લેખ સુધ્ધાં નથી. લોકોક્તિ એવી છે કે રાસ રમતાં રમતાં જે ગોપી કહાન સાથે અન્તર્ધાન થઈ ગઈ તે રાધિકાજી હતાં. કવિ જયદેવે 'ગીત ગોવિંદ' લખી રાધાને અમરત્વ આપ્યું. શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને અષ્ટછાપના ભક્તકવિઓએ પણ સ્વામીનીજી અને રાધાકૃષ્ણના યુગલ સ્વરુપ પર અનેક પદો રચ્યાં છે.

આપણા પુરાણોમાં રાધાના નામનો ઉલ્લેખ થયો છે.

કેટલાક ગ્રંથોમાં રાધાને વિવાહિત તો કેટલાકમાં કુમારિકા તરીકે આલેખ્યાં છે. વિવાહિત હોય તે અન્યપૂર્વા (ઉઢા) નાયિકા કહેવાય. અને કુમારિકા હોય તે પરકીયા નહિ પરંતુ સ્વકીયા બની શકે કારણ એ વખતે કૃષ્ણ કંઇ પરણ્યા ન હતા.

નાયિકાભેદના લગભગ બધા જ ગ્રંથો રસિકપ્રિયા, રસમંજરી, રસરાજ, જગદ્‌વિનોદ, નાટકચંદ્રિકા, આદિમાં રાધાને સ્વકીયા દર્શાવી છે. રૂપગોસ્વામીએ " ઉજ્જવલ નીલમણિ " ગ્રંથમાં તો આખું ' રાધા પ્રકરણ ' લખ્યું છે.

પરકીયા તરીકે પણ આ બધા ગ્રંથકારોએ રાધાને આલેખી છે એટલે શ્રીકૃષ્ણ અષ્ટ પટરાણીઓ સાથે લગ્ન કર્યાં તેમ છતાં રાધાનું હૃદયમાં સ્થાન હતું જ.

શ્રીકૃષ્ણ બંસીના બજવૈયા હતા. રાસક્રીડા કરી રસેશ્વર બન્યા અને રાધા તથા ગોપીઓને ઘેલી કરી તે વખતે તો કૃષ્ણની કિશોર વય હતી. એમના તરફ વિષયવાસના કે કામતૃપ્તિ અર્થે રાધા અથવા ગોપીઓ આકર્ષાઈ હોય એવો આરોપ મૂકવો એ પણ પાપ કહેવાય.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ઉપર જણાવ્યા પ્રમાણે એમણે કૃષ્ણને પતિ માન્યા એ પરકીય ભાવ કયો ? એ ભાવ તે " માધુર્ય "નો ભક્તિભાવ. ભક્તિમાં શૃંગારરસ તથા શૃંગારરસાભાસ બન્ને મધુર રસમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે પ્રેમ રતિ અથવા પ્રેયસ ભાવથી કરવામાં આવે છે એનું આલંબન મનુષ્ય નહિ પરંતુ એના નાયક ઈશ્વર ગણવામાં આવ્યા છે. કૃષ્ણમાં રતિ એ જ એનો સ્થાયી ભાવ છે. રાગાનુરાગા ભક્તિ, પ્રેમના સંબંધમાં પ્રકટ થાય છે ત્યારે આત્મસમર્પણ એ પ્રેમભકિતની સર્વોચ્ચ કક્ષા છે.

શ્રી રૂપગોસ્વામીના ‘ ભકિતરસામૃત સિન્ધુ ’ ગ્રંથમાં ‘ મધુર ભાવ’નું નિરૂપણ કર્યું છે કે વ્રજકૃષ્ણ એ આલંબન છે. મુરલી નાદ, સખા, સખી એ ઉદ્દિપન વિભાવ, સ્વેદ, રોમાંચ, પ્રકંપ, સ્વરભંગ, વૈવર્ણ્ય, અશ્રુ આદિ અનુભાવ છે અને નિર્વેદ, હર્ષ, આદિ વ્યભિચારી ભાવો છે.

વિખ્યાત નૃત્યાંગનાઓ ભરતનાટ્યમ્, ઓરીસ્સી, અથવા મણિપુરી નૃત્ય કરતી વખતે સાત્વિક ભાવ સાથે આ અનુભાવોનું સચોટ દર્શન કરાવે છે. શબ્દાનુરૂપ મુદ્રા સાથે મુખના ભાવો, ઊર્મિઓનું એક કલા-જગત સર્જાવે છે જે ભાવકને એ દર્શનમાં તન્મય કરે છે. સમર્થ નૃત્યાંગના સારાયે અંગમાં વિદ્યુતનો સંચાર થયો હોય તેમ પ્રભુ સાથે ઐકય સાધવા માટે સાધનાનું રૂપ ધારણ કરે છે કલા ત્યારે સજીવ બને છે. આત્માનાં તર્પણ થાય છે અને પછી તું હુંમાં અને હું તુંમાં ભળી જઈ પરમ ઐકયની અવસ્થા અનુભવાય છે.

*

ઉઢા-અનુઢા

ઉઢાને આપણે રાધાકૃષ્ણ તથા ગોપીઓને અનુલક્ષી માત્ર ભક્તિભાવ વહાવતી, માધુર્ય રસમાં ભિંજાયેલી નિહાળી પરંતુ લૌકિકમાં પણ પોતાનો પતિ હોવા છતાં પરપુરૂષને પ્રેમ કરે એવી સ્ત્રીઓ હોય છે. એ કુમારિકા હોય અને પરિણીત પુરુષને પ્રેમ કરે તો અનુઢા કહેવાય છે.

ઉઢા અનુઢાની વ્યાખ્યાને જરા ઊંડાણથી સમજવાની જરૂર છે.

એક પરિણીત સ્ત્રી પરપુરૂષ સાથે ત્યારે જ પ્રેમ કરે જ્યારે :—

૧. વાસના તૃપ્તિનો મોહ હોય

૨. પતિ સાથે મનદુઃખ થતાં અન્ય સાથે વિચારોની સમાનતા અને આદર્શોની એકતા હોય.

૩. જ્યાં દિવ્યાતિદિવ્ય ઉદાત્ત પ્રણય (Platonic Love) હોય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માત્ર વાસના તૃપ્તિનો મોહ હોય એવી સ્ત્રી પરકીયા નહિ પણ ‘ સામાન્યા ’માં સરી પડે છે.

અનુઢા એટલે અવિવાહિતા. પરણેલા પુરૂષને એ પ્રેમ કરે તે પાપ કહેવાય અન્યથા એ અનુઢા નહિ પરંતુ જગતની સનાતન રીત પ્રમાણે વિવાહ માટે ઉત્સુક લલના ઠરે છે.

અનુઢાનાં દૃષ્ટાંતમાં નાગવાળો અને નાગમતિ. નાગવાળાને આણલદે નામની પત્ની હતી છતાં એનો પ્રેમ તો નાગમતિ તરફ જ હતો.

સૂરતાની વાડીના મીઠા મોરલા લાઠીના રાજવી સ્વ. સૂરસિંહજી ગોહિલ ‘ કલાપી ’ને બબ્બે પત્નીઓ હતી પણ હૃદય શોભના તરફ ઢળ્યું અને ‘ હૃદય ત્રિપુટી ’ સર્જાઈ. એ સમયમાં તો રાજવીઓ અનેક રાણીઓ કરતા પણ રમાના જીવને કોચવી શોભના સાથે લગ્ન કરવા એમનું હૃદય ના પાડતું. શોભના પ્રત્યે એમનો પ્રણય અપાર્થિવ હતો. તેઓ પોતે જ એક પત્રમાં જણાવે છે :

‘ ઈશ્વર કૃપાથી સારું થયું છે કે આ શરીર શોભના સાથે ભ્રષ્ટ થયું નથી.’

શોભનાને એક ખવાસના છોકરા સાથે પરણાવી દીધી. શોભના પરકીયા બની પરંતુ કલાપીની રગેરગમાંથી પ્રણયનો પોકાર ઊઠયો.

‘ એક વિના મને એકલું લાગે.’

હૃદયના રૂધિર સમું અશ્રુઝરણું અગન બનીને એમને દઝાડવા લાગ્યું.

વિરહદશા અકારી બની.

આ તે કેવી દશા હશે!
પ્રણયસરનું પીધું પ્યાલું
નિશો જ ગયો ચડી,
મધુર ઝમકી લાગી ગાલે
રહ્યાં અધરો સ્ફુરી.
શિથિલ ધ્રૂજતા અંગે અંગે
ચડી ગઈ ખાલી, ને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરવશ થવું નિર્માયું
એ થવાઈ ગયું, અરે !

કલાપીને વિલાસની રમણા ન હતી. પોતાના પ્રિયપાત્રના સાન્નિધ્યની ઝંખના હતી. ભરતમુનિએ એને વિપ્રલંભ શૃંગાર કહ્યો છે. અતિ પ્રેમ પણ કોઈક વાર હૃદયને અકળાવે છે. તેમ છતાં વિપ્રલંભની અનુભૂતિ સિવાય સંયોગ શૃંગારની પરિપુષ્ટિ નથી. મનોમંથન, અકડામણ અને અને અંતરના ઉચાટ પરાકાષ્ટાએ પહોંચે. રાગ, વિરાગ અને અનુરાગનો વંટોળિયો ઉઠે એવી દશા કલાપીની થઈ. આખર અનુરાગની જીત થઈ. કલાપીએ પેલા ખવાસ છોકરાના ત્રાસમાંથી શોભનાને છોડાવી એની સાથે લગ્ન કરી એને સ્વકીયા બનાવી.

યુગલો વચ્ચે પરસ્પર દિવ્ય, ઉદાત્ત પ્રણયની ચેતના એ 'કયું' તત્ત્વ છે અને આકર્ષણ થવાનું કારણ શું તે યુગેયુગથી ચાલતો આવેલો પ્રશ્ન છે. આજ સુધી એ નિરૂત્તર જ રહ્યો છે.

ઉઢા નાયિકાના વળી પ્રભેદ પણ છે.

૧. ગુપ્તા.

અનુઢા તો જરા સરખો અવાજ થાય તો ભય પામતાં સસલાં જેવી છે. એ પોતાની વાત તદ્દન ગુપ્ત રાખે છે પણ ઉઢા ચકોર છે. છડેચોક પરપુરુષ માથે વ્યવહાર કરતાં પણ એમની વચ્ચેના પ્રેમની કોઈને ગંધ સુદ્ધાં ન જાય એ તકેદારી રાખે છે. કવિ પદ્માકર જગદ્-વિનોદમાં હોલિકા ઉત્સવનું દ્રષ્ટાંત આપે છે.

પકડાઈ જવાના લક્ષણ છે. નયન કટાક્ષ, મુખ પર રતિભાવ અંકિત રેખાઓ અને રંગની પિચકારી મારતાં એના અંગમરોડનો છણકો એ વ્યકત કરે છે. તેમ છતાં આ ગુપ્તા એવી છે કે પોતાના મનમાન્યા સાથે હોલી રમતાંય પોતાના અંતરની ગુપ્ત રમણા જણાવા દેતી નથી.

કેશવદાસ રસિકપ્રિયા ગ્રંથમાં એનાથી આગળ વધે છે.

સખીનો કોના પ્રત્યે પ્રેમ છે એ વિશે બીજી સખીઓ વચ્ચે શરત લાગે છે. ગુપ્તા એ જાણી જાય છે અને એ ગોરી એવી રીતે વૃન્દમાં ઘૂમે છે કે સખીઓ થાપ ખાઇ જાય છે અને એમની સખીનો કયો રસિકવર હશે તેની વિમાસણમાં પડે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨. વિદગ્ધા

એમાં એક પ્રકાર ‘વચન વિદગ્ધા’નો છે, વચન આપીને એ પોતાના વહાલાને સંકેત સ્થાન કહે છે.

પણ બીજો પ્રકાર ‘ક્રીયા વિદગ્ધા’ ધીટ છે. એ તો વહાલાને સાથે લઈ ને જ જાય છે. છતાં પ્રણયની વાત ગુપ્ત રાખવી છે એટલે કોઇ અવસરમાં ભાગ લેવા જવાનું બહાનું કાઢીને જાય છે. અવસર કેવો ને વાત કેવી! એ તો પ્રણય–કેલીનો અવસર તેમાં બીજા કોઈનું કામ નહિ.

૩. વક્ષિતા

એ પોતાની સખી મારફત સંદેશો કહાવે છે. એવી તો નિકટની સખી પસંદ કરે છે કે પ્રિયતમ મિલન વખતે સખી મિલન સ્થાન પર ન આવતાં દ્વારપાળનું કામ કરે છે.

૪. કુલટા

એની તો આંખની શરમ ગઇ છે. એનું વર્તન જ એવું છે કે એને જરાયે બીક નથી.

‘હા. મેં એને પ્રેમ કર્યો છે પરપુરૂષને પ્રેમ કર્યો છે કારણ મારું હૃદય એના તરફ ઢળ્યું છે અને મારું હૈયું મારા વંશમાં નથી. કોઈ વશીકરણ વિદ્યાથી મને એના તરફ ખેંચે એમાં મારો શો દોષ!’

આખું ગામ એની પ્રણયક્રીડાની વાત જાણે છે.

૫. મુદિતા

જેના પ્રત્યે પ્રેમાભિલાષ જાગ્યો એની વાતો સાંભળતાં એને હર્ષ, રોમાંચ, રતિભાવ ઉત્પન્ન થાય છે. છાને ખૂણે એ પોતાના પ્રિયતમના સપનામાં ખોવાઈ જાય છે અને એ સપના એના અંગેઅંગમાં માધુર્ય પ્રેરે છે. જાણે પિયુ સાથે પ્રત્યક્ષ મિલન થયું છે.

૭. અનુશયના

મનમાન્યા સાથે જે જે સ્થળોએ ઘૂમી, પ્રણયફાગ ખીલી, આનંદ મેળવ્યો એ સ્થાન! એ કુંજ નિકુંજ, વસંત અને ગ્રિષ્મના ધામોનાં સંભારણા જાગે છે. એ સ્થાનોની મુલાકાત લે છે. એમાં એટલી તો ઓતપ્રોત થઈ જાય એ કુંજ નિકુંજના પશુપંખી જોડે એ વાતો કરે છે. વૃક્ષ અને વેલીના સ્પર્શમાંયે એને પિયુ એની સમીપ હોય એવો રોમાંચ થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : ત્રીજું

સામાન્યા

સામાન્યા એટલે ગણિકા. સમાજ એના તરફ ઘૃણાની નજરે જુએ છે કારણ ધન ખાતર એ પોતાનું શરીર વેંચે છે.

ધન દે જાકે સંગમે.
 રમે પુરુષ સબ કોઈ,
ગ્રંથનકો મત દેખિકૈ
 ગણિકા જાનો સોઈ.
કરે ઓરસે રતિરમની
 ઈક ધન હી કે હેત,
ગણિકા તાહિ બખાનહિ
 જો કવિ સુમતિ નિકેત.

वित्तमात्रोपाधिक सकल पुरुषानुरागा सामान्य वनिता : !

સામાન્યત : એવી માન્યતા છે કે કોઈ પણ પુરુષ ધન આપીને એને ભોગવી શકે. પરંતુ ગણિકાના ઘણા પ્રકારો છે.

વારવધૂ, વારાંગના, વેશ્યા, પાતર અને રખાત.

એમાંયે ગણિકા અને વારાંગનાના ત્રણ પ્રકારો છે. ઉત્તમા, મધ્યમા, અધમા.

ગણિકા અને વારાંગના સંગીત અને નૃત્યમાં પ્રવીણ હોય છે. રાજકીય રમતોમાં પણ એમનો ઉપયોગ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્તા વિષ્ણુગુપ્ત ચાણક્યે પર્વતરાજને મારવા માટે વિષકન્યાને મોકલી હતી. એ વિષકન્યા વારાંગના જ હતી.

ફ્રાન્સના રાજવીએ પોતાના હરીફ રાજાઓને મહાત કરવા અને એમની રાજરમત જાણવા "માતાહારી" નામની ગણિકાનો ઉપયોગ કર્યો હતો. જરૂર પડે પોતાનું શરીર વેચીને પણ હરીફ રાજાઓની ગુપ્ત બાતમીઓ એ મેળવતી.

જાપાનમાં ગેઈશાઓ કામકલામાં નિપૂણ હોય છે. શ્રીમંત ઘરના નબીરાઓ ધન ખરચી એમની પાસેથી કામકલામાં કેમ પ્રવીણ બનવું, પોતાની પ્રેયસી અથવા પત્ની સાથે એમને રીઝવવા કેવો વ્યવહાર કરવો તે શીખે છે.

વેશ્યા તો નીચલા ઘરની ગણાય છે. એ તો છડેચોક વાસના ભૂખ્યા પુરુષોને આવાહન આપે છે કે ધન આપીને તમારી વાસના સંતોષો. પ્રેમ કરવાનો એ માત્ર ડોળ કરે છે. અંદરથી બળીજળી રહી હોય તોય હું તો ધંધો લઈને બેઠી છું એ માન્યતા પર એ જીવે જાય છે અને જ્યારે અનેક ગુપ્ત રોગોનો શિકાર બને છે ત્યારે આ અધમ વૃત્તિ પર એને તિરસ્કાર આવે છે. એ વૃદ્ધ થાય ત્યારે અથવા મોતથી જ એનો છુટકારો થાય છે.

રખાત એ માસિક વેતન મેળવતી કોઈ પુરૂષની રખેલ મનાય છે. એમાં બે પ્રકારો છે. એ પુરૂષ તરફ એને સાચો પ્રેમ હોય પણ ખરો. એ વેશ્યા ન હોય પણ સંજોગો ની મારી પોતાના પ્રેમીને પરણી ન શકવાથી રખાત તરીકે એની સાથે ગુપ્ત સહચાર સેવે છે. રાષ્ટ્રશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમના પુસ્તક 'પ્રતિમાઓ'માં 'પાછલી ગલી' (The Back Street) વાર્તામાં એવી એક રખાતનું ઉદાત્ત જીવનચરિત્ર આપ્યું છે. એ સ્ત્રી એના પ્રેમીના જીવન તેમ જ એના વ્યાપારમાં પ્રેરણારૂપ હતી. એ ધનની લાલચું ન હતી. એને સામો પ્રેમ મળે એ જ એની ઝંખના હતી અને પાછલી ગલીમાં આવેલી એક નાની શી ઓરડીમાં એકલી, અટુલી એ જીવન વ્યતિત કરતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજી રખાતો એવી હોય છે કે જે માત્ર એક જ નહિ કિન્તુ બે કે ત્રણ પુરૂષોની રખેલ તરીકે રહેતી હોય છે. અન્ય પુરૂષોને એ સ્વીકારતી નથી.

ઉત્તમા

સામાન્યાના ઉત્તમ પ્રકારમાં શુદ્રકનાં નાટક 'મૃચ્છકટિક'માં વસંતસેનાને ગણાવી શકાય. એના ઘરમાં ભગવાનની પૂજા પણ છે. અને વિશુદ્ધ પ્રેમથી એ ચારુદત્તને ચાહે છે. એની સખી મદનિકા સાથે એનો સંવાદ છે.

મદનિકા : બહેન, એક વાત પૂછું? લાગણીને લીધે પૂછું છું. નહિ કે દોષ કાઢવા. તમને થયું છે શું?

વસંતસેના : શું થયું છે?

મદનિકા : બા! તમે હમણાં હમણાં સૂનમુન બેસી રહો છો. તે પરથી લાગે છે કે હૃદયમાં કોઈને ઝંખ્યા કરો છો.

વસંતસેના : વાત તો ખરી છે તારી. બીજાનાં હૃદયની વાત જાણી લે એવી પંડિત છે તું તો!

મદનિકા : કેટલું મીઠું કહ્યું! હા, એ કામદેવ જ હશે. તરૂણજનોનો આ મહા ઉત્સવ છે ને? તો કહો કોઈ રાજા કે રાજવલ્લભની સેવા કરવાની ઈચ્છા છે તમારી?

વસંતસેના : ના, મારે સેવા નથી કરવી. સ્નેહ જોઈએ છે મને.

મદનિકા : વિદ્યાથી શોભતા કોઈ બ્રાહ્મણ યુવક સાથે સ્નેહ થયો છે કે શું?

વસંતસેના : બ્રાહ્મણને તો હું પૂજ્ય માનું છું.

મદનિકા : તો શું અનેક નગરોમાં ફરી વૈભવ પ્રાપ્ત કરનાર વણિક યુવક સાથે સ્નેહ બંધાયો છે?

વસંતસેના : અરે! વણિક તો સ્નેહને બાજુએ મૂકી પરદેશમાં ભમ્યા કરે અને ઘેર આપણે ઝીબાઈને મરીએ.

મદનિકા : નથી રાજા, નથી બ્રાહ્મણ, નથી વણિક ત્યારે એ છે કોણ?

વસંતસેના : તું મારી સાથે કામદેવ મંદિરના ઉદ્યાનમાં તો આવી હતી! તોય કશું જાણતી ન હોય તેમ પૂછે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મદનિકા : હા. જેણે આપણને આશ્રય આપ્યો હતો.

વસંતસેના : હા. એમનું નામ શું ?

મદનિકા : તે નગરચોકમાં રહે છે.

વસંતસેના : અરે ! મેં એમનું નામ પૂછ્યું.

મદનિકા : હા. હા એમનું ધન્ય નામ આર્ય ચારૂદત્ત.

વસંતસેના : ઓ મારી મીઠડી ! તું ખરું જાણી આવી.

મદનિકા : પણ બા, એ તો નિર્ધન છે.

વસંતસેના : એટલે તો એમના ઉપર પ્રેમ સ્નેહ થયો છે. નિર્ધન મનુષ્યને પ્રેમ કરનારી ગણિકાની કોઈ નિંદા કરતું નથી.

*

આ પ્રસંગ જ સૂચવે છે કે વસંતસેના ઉત્તમ પ્રકારની ગણિકા હતી. ગણિકાના બીજા પણ ત્રણ ભેદ છે.

અન્યસુરતિ દુઃખિતા

રૂપગર્વિતા

પ્રેમગર્વિતા

અન્યસુરતિ દુઃખિતા

ગણિકાને પણ હૃદય, લાગણી, માયા મમતા હોય છે. ધનોપાર્જનના આવેશમાં એ સ્નેહભર્યું હૃદય સુષુપ્તપણે પોઢેલું હોય છે. ઉત્તમા તો એકને જ ચાહશે પણ જે મધ્યમા છે તેની સાથે કોઈ પુરુષનો સમાગમ થયો અને એ પુરુષ પ્રત્યે નેહ બંધાઈ જાય તો એ સ્ત્રી-હૃદય જાગૃત થાય છે. પણ એના આવાસે આવનાર મોટે ભાગે એક કળીથી બીજી કળી પર ભમતા ભ્રમર જેવા હોય છે તેથી એ ભ્રમર અન્ય કો કળીનો રસ ચૂસવા જાય ત્યારે એના મનમાં નિર્વેદ જાગે છે. એ અન્યસુરતિ દુઃખિતા બની જાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રૂપગર્વિતા

એ માનભરી, ગુમાનભરી છે. એ એમ જ માને છે કે એના મનમોહક મુખડાની માધુરી પર, એ મોટા મોટા માંધાતાઓના શિર પણ નમાવી શકે છે. એના એક નયન કટાક્ષે તપસ્વીઓના તપ તૂટી જાય છે અને ત્યારે એ આનંદવિભોર બની જાય છે.

એના શરીર સૌષ્ઠવ, એના સુડોળ અંગ-લાલિત્યમાં સમાયેલા જાદુને એ સારી રીતે જાણે છે. એ અંગોનો કેવી રીતે ઉપયોગ કરવો તે કળા એને હસ્તગત છે. એક ઉપાંગનાં દર્શનમાં એ પુરુષને મોહિત કરી શકે છે તો સમગ્ર દેહલાલિત્યનું દર્શન પુરુષનું ચંચળ, વાસના ભર્યું મન પરવશ બનાવી દે એમાં આશ્ચર્ય કેવું.

તમારે જોવી છે એ રૂપપર્વિંતાને ? તો ચાલો દિલ્હી દરબારમાં.

૧૨મા સૈકામાં ચૌહાણ વંશના કૂળદીપક પૃથ્વીરાજ ચૌહાણનો દરબાર ભરાયો છે. પૃથ્વીરાજ શબ્દવેધી હતા. અવાજને અણુસારે બાણ મારે અને અચૂક નિશાન પાડે. જેવું રામબાણ તેવું પૃથ્વીબાણ. 'મત ચૂકે ચૌહાણ' એ લોકોક્તિ પ્રચલિત છે.

એ દરબારમાં એક જાજવલ્યમાન તેજસ્વી મુખમુદ્રા ધરાવતી, રૂપરૂપના અંબાર સમી અંગના પ્રવેશ કરે છે. ઉન્નત મસ્તકે જેના નયનમાં સૌન્દર્યની ખુમારીએ આસન જમાવ્યું છે. કમખાની કસ જેણે કસકસીને બાંધી છે. છતાં જેના પીન પયોધર એના મક્કમ પગલાંના ધમકારે કંપી રહ્યાં છે, એવી, જાણે સૂરલોકથી ઊતરી આવેલી અપ્સરા પૃથુના દરબારમાં આવીને ઊભી રહી.

નાટ્યમહર્ષિ પ્રભુલાલ દ્વિવેદીએ એમના નાટક 'પૃથ્વીરાજ ચૌહાણ'માં એને આલેખી છે. સામાન્યા છતાંય એ 'પરકીયા' થવા ઇચ્છે છે. જરીક જુઓ કેવી વાક્ચાતુરીથી એ પોતાની મનોકામના છતી કરે છે: પૃથુએ પૂછ્યું.

'તું કોણ છો રૂપરાણી ?'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'મહારાજ, આ દેહ કર્ણાટકીને નામે ઓળખાય છે.'

'ગુર્જર દેશની પ્રખ્યાત વારાંગના કર્ણાટકી તે તું ?'

'આપના દર્શનથી ભાગ્યશાળી થવા આ કર્ણાટકી હાજર થઈ છે મહારાજ !'

લોકો કહે જેનું વદન
જાણે સુધાકર નાટકી;
એવી નટી જેના નયન
ભ્રૂકુટી, કટી ના ટકી,
સરખાવતાં માધુર્યવાણી
સાથ સાકર ના ટકી;
કહેવાય મૂર્તિ અભિનયની
તે જ આ કર્ણાટકી.

એ સાંભળતાં પૃથ્વીરાજનું મન ડોલ્યું.

'ચતુરાઈ અને સુંદરતાની મદભર મૂર્તિ ! સંભળાવ તારું નૃત્યગાન'

'કૃપાનિધાન ! મારું નૃત્યગાન સંભળાવી હું તેને જ રીઝવી શકું જે નર મારી શરતમાં મને જીતી જાય. ગુર્જરભૂમિ જેવી વિશાળ પૃથ્વીના સ્વામી ભોળા ભીમદેવને આપે જીત્યો પણ....

'તને જીતવી સ્હેલ નથી એમજ ને ? કહે, કયા ભાગ્યશાળીને તું તારું સર્વસ્વ આપવા ઇચ્છે છે ?'

'નરનાથ ! જુઓ આ નાનુંસરખું સોનાનું પિંજર હું લાવી છું. એમાં એક એવું ભવ્ય મહાલય બનાવી આપો જેમાં હું સુખેથી રહી શકું. મારે પહેરવા લાયક વસ્ત્ર નથી. અહીં ઊઘાડે માથે ફરું છું તો એવું વસ્ત્ર મને આપો કે મને ઢાંકી શકું. મારી રક્ષા કાજે એક એવા મિત્રની મને જરૂર છે જે મારા સ્વામીની ગેરહાજરીમાં મારી સાથે રહે !'

'રમણી ! એ સોનાનું પિંજર ખાલી છે ?'

'ઈશ્વર સાક્ષી છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'સમજાઈ ગયું. એ સોનાનું પિંજર તે તારું મહત્વાકાંક્ષી હૃદય. એમાં પૃથુના સ્નેહનું એવું સ્નેહભર્યું મંદિર બાંધીશ કે જેમાં તું સુખેથી રહી શકે. તું મોંઘાં વસ્ત્ર પહેરે છે છતાં કહે છે પહેરવા તારી પાસે વસ્ત્ર નથી એનો અર્થ એ જ કે જેટલું માન એક કૂળવાન સ્ત્રીને મળે છે એ તને મળતું નથી માટે તું માન અને ઈજ્જત માગે છે'

અને પૃથુએ એને પરકીયા બનાવી.

પ્રેમગર્વિતા

જેણે પોતાના ચાહકને એવો વશ કર્યો છે કે એનો બોલાવ્યો બોલે, એ હસાવે તો હસે અને તન, મન, ધન એના પર ન્યોછાવર કરે. એ પ્રેમ સાચો નથી છતાં સાચા પ્રેમનો આભાસ ઉત્પન્ન કરે, એને સર્વાંશે એનો જ બનાવી જંપે એ પ્રેમગર્વિતા.

ઈતિ સામાન્યા દર્શન.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : ચોથું

દર્શન વર્ણન

સ્વકીયા, પરકીયા અને સામાન્યાના પ્રકારો વર્ણવ્યા પછી હવે આપણે પ્રોષિતભર્તુકા, ખંડિતા આદિ અષ્ટ નાયિકાઓના અન્ત : પુરમાં પ્રવેશ કરવાનો છે. પરંતુ તે પૂર્વે સ્ત્રી માત્રનાં હૃદયમાં રહેલો સ્થાયી ભાવ કયા તબક્કાઓમાંથી પસાર થઈ શૃંગારરસ રૂપે વહે છે તે જોઈએ.

કોઈ અજાણ્યા આતમને પોતાનું આત્મ સમર્પણ કરવા અર્થે દીકરીઓ આ અવનિમાં અવતરે છે. નાચતા કૂદતા ઝરણા જેવી એ કન્યાકાળમાં પ્રવેશે છે અને પછી.........

આ રમતિયાળ ઝરણુ એકાએક શાંત સરોવરમાં શેં પરિણમ્યું ? એવો તે કયો મંત્ર એના જીવન જળ પર તરતો તરતો દર્શન રૂપે પરિવર્તિત થયો અને એના સ્નેહભીના હૈયામાં સ્થાન પામ્યો ?

કુમારિકા અને પરિણીતા વચ્ચેનો એ સંધિકાળ !

એવાં ચાર દર્શનો છે.

૧. શ્રવણ

૨. સાક્ષાત દર્શન

૩. ચિત્રદર્શન

૪. સ્વપ્ન દર્શન

શ્રવણ

પચાસ વર્ષ પૂર્વેના જમાનામાં ગોર મહારાજ કન્યા માટે મૂરતિયો શોધી લાવતા. કન્યાના માતાપિતા પાસે મૂરતિયાનું વર્ણન કરતા. બારણાની ઓથે ઊભી રહેલી કન્યા એ સાંભળતી. અને એના કલ્પના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જગતમાં એક મનોહારી મૂર્તિ ખડી કરતી. વસ્તુતઃ એ મૂરતિયો એની કલ્પના પ્રમાણે ન પણ હોય પરંતુ એના સાક્ષાત દર્શન પૂર્વેની એ કન્યાની મનોસૃષ્ટિ એને મદન સ્વરુપે જ જુએ છે. એ આલ્હાદ રસ-નિષ્પત્તિનું કારણ બનતો અને સરખેસરખી સાહેલીઓ મળતાં ન કહેવાતું કહેવાઈ જતું. એ છાની વાતો, હૃદયનાં સ્પંદન કહેતાં પણ એને સંકોચ થતો, રોમાંચ થતાં અને સખીઓ એની વાતને પકડી લઈ એની ટીખળ કરે, એને પજવે તે એને ગમતું.

રૂક્મિણી સ્વયંવર પૂર્વે રૂક્મિણીને કાને શ્રીકૃષ્ણનાં ગુણ, ઐશ્વર્યના સમાચાર પહોંચી ગયા હતા. એટલે જ રૂક્મિણીએ પોતાનું હરણ કરવાનો સંદેશો શ્રીકૃષ્ણને પાઠવ્યો.

શ્રીમદ્દ ભાગવત્ દશમ સ્કંધ ઉત્તરાર્ધના બાવનમાં અધ્યાયમાં એ રૂપ, ગુણ, ઐશ્વર્યનું વર્ણન છે.

'હે ભુવનસુંદર! કાનથી જે મનુષ્યો આપના ગુણોનું શ્રવણ કરે છે તેમના અંતસ્તાપ દૂર થાય છે. આપનું રૂપ દષ્ટિવાળાની આંખોને સર્વ મનોરથોના લાભ અર્પે છે. હે અચ્યુત્! કુલ, શીલ, રૂપ, વિદ્યા, વય, દ્રવ્ય તેજમાં આપ અપ્રતિમ છો. મારું મન નિર્લજ્જ બની આપને જ ઝંખે છે!

બીજું દૃષ્ટાંત નાટ્યમહર્ષિ પ્રભુલાલ દ્વિવેદીનાં નાટક 'પૃથ્વીરાજ'નું છે. સંયુક્તાને કાને પણ પૃથ્વીરાજ ચૌહાણની વીરતાનાં વખાણ પહોંચ્યાં હતાં. એ વખતે તો એ અનુઢા નાયિકા હતી. અહીં અભિલાષાત્મક પૂર્વાનુરાગ ક્રિયા-અયોગ વિપ્રલંભ શૃંગારની અવસ્થાનું નિરૂપણ છે. નાયિકાની રતિ સ્થાયી છે, નાયક આલંબન અને નાયકનું અલૌકિક વીરત્વ એ ઉદ્દિપન વિભાવ છે.

ઝરૂખે દીવડા બળે છે. ચંચળ મન ચિત્તચોરને મળવા ઝંખે છે. ત્યાં વારાંગના કર્ણાટકી આવે છે. સંયુક્તાએ પૂછ્યું,

'કોણ આપ?'

'આઠે પ્રહર આપ જેનું ધ્યાન ધરો છો તેની હું દાસી.'

'હું....હું....હું તો કોઈનું ધ્યાન ધરતી નથી.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'રાજનંદિની, સામા માણસને સાચું લાગે એવું ખોટું બોલવું તે પણ એક કળા છે. કહો; તમારા મનમાન્યાને કંઈ સંદેશો કહાવવો છે ?'

'હા. કહેજે કે ક્યારેક અમને સંભારે બીજું કોઈ કહેવું નથી.'

દર્પણમાં જોઉં છબી પિયુની
ને ઘડીભર થાઉં હૈયાસૂની;
શૃંગાર અવળા સજું
ને સખીઓ મહેણા મારે

કવિશ્રીએ વિપ્રલંભ શૃંગાર અવસ્થાને કેવી સચોટ રીતે વર્ણવી છે. દર્પણમાં તો વ્યક્તિને પોતાનું જ પ્રતિબિંબ દેખાય પરંતુ પિયુમાં ઓતપ્રોત થયેલી હૈયાસુનીને એમાં પણ પિયુ નજરે પડે છે. પિયુ મિલન કાજે એ ઝટ ઝટ શણગાર સજવા માંડે છે તે પણ અવળા સજે છે ને સખીઓ મહેણા મારે છે, મજાક કરે છે. એ મજાક પણ એને મીઠી લાગે છે.

*

સાક્ષાત્ દર્શન :

શકુંતલા અને રાજા દુષ્યંતનું મિલન કણ્વઋષિના તપોવનમાં સાક્ષાત્ દર્શને થયું અને અનુરાગ જાગ્યો.

જનકનંદિની સીતાને શ્રીરામના પ્રથમ સાક્ષાત્ દર્શન સુમન વાટિકામાં થયાં. ગોસ્વામી તુલસીદાસજી, કોટી કામદેવને લજાવનારી શ્રીરામની મધુર મૂર્તિનું વર્ણન આ પ્રમાણે કરે છે.

મસ્તકે તિલક અને સ્વેદ બિન્દુ ચમકે છે. કાનનકુંડલ, વાંકી ભ્રકુટિ અને વાંકળિયા કેશ તથા નવીન કમલ સમ લાલ લોચન, ચિબુક, નાસિકા અને કપોલ પણ કેટલા સુંદર છે. વળી એમનું હાસ્ય પણ મનોહારી છે. આવી સુખછબીનું વર્ણન થઈ શકે તેમ નથી. કારણ કોટી કામદેવ પણ એમની સમીપે લજ્જા પામે એટલા તેઓ સુંદર છે.

અહીં સાક્ષાત્ દર્શન થતાં જ જે પ્રેમ ઉદ્ભવ્યો એ આલંબન, ચિરકાંક્ષિત દર્શન તે ઉદ્દીપન અને હર્ષ એ સંચારી ભાવ છે. શ્રવણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થકી કાલ્પનિક મૂર્તિ અને મનોરાજ્ય ખડું થાય છે. એ કદાચ ઠગારી આશા પણ પુરવાર થાય જ્યારે સાક્ષાત્ દર્શન પછીની દશા રસાનંદ જન્માવે છે. સ્વપ્નમાં કે તંદ્રાવસ્થામાં પણ એ દર્શન થાય છે પછી આકાંક્ષા જાગે છે. પિયુ સંગાથે સંભાષણ, સ્પર્શ અને રતિસુખની રમણા.

*

ચિત્ર દર્શન

કોઈ કન્યાને લગ્ન પૂર્વે પ્રથમ દર્શન ચિત્રથી થાય છે. રજવાડાં એના જમાનામાં વર કન્યાનો સંબંધ બાંધતાં પૂર્વે એમનું કૂળ અને ખાનદાન જોવાતું હતું એવું કૂળ દૂર દેશાવરમાં પણ હોય તો ચિત્ર અથવા છબી મોકલવામાં આવતી. અને પછી પસંદગી થતી. સાક્ષાત્ દર્શનની આવશ્યકતા પણ રહેતી નહિ.

કવિકુલગુરુ કાલિદાસનાં નાટક 'માલવિકાગ્નિમિત્ર'માં માલવિકા એ મુગ્ધા નાયિકા છે. રાજા અગ્નિમિત્ર માલવિકાને સૌ પ્રથમ ચિત્રમાં નિહાળી ત્યારે જ એના અસાધારણ સૌન્દર્ય પ્રતિ એનું મન ખેંચાયું હતું. તે પછી ગુરુ ગણદાસે જ્યારે નૃત્ય કરતી માલવિકાને પેશ કરી કે તરત જ રાજાના મુખમાંથી ઉદ્ગાર ખરી પડ્યા.

चित्रगतायामस्यां कान्ति–
विसंवादशङ्कि मे हृदयम् ।
संप्रति शिथिल समाधि
मन्ये येनेयमालिखिता ।।

રાજા કહે છે જ્યારે મેં એને ચિત્રમાં જોઈ ત્યારે મને લાગ્યું કે એનું સૌન્દર્ય ચિત્રમાં દોરાયું તેવું નહિ હોય પરંતુ એને પ્રત્યક્ષ જોયા પછી લાગે છે કે ચિત્રકાર એને દોરતાં એકાગ્રતા સાધી શક્યો નથી. (અર્થાત્ ચિત્ર કરતાં પણ એ અધિક સુંદર છે. બનવા જોગ છે કે ચિત્રકાર એના સૌન્દર્ય પર મુગ્ધ બન્યો હોય).

પ્રથમ દર્શને પ્રણયના અંકુર ફૂટતાં રાજાને માલવિકામાં અસાધારણ નૈસર્ગિક લાવણ્ય દેખાય છે. એના અંગોપાંગના સૌષ્ઠવ અને લાલિત્યનું વર્ણન કરતાં રાજા કહે છે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अहो सर्वस्थानानवद्यता रूपस्य ।

પ્રત્યેક અંગમાં સૌન્દર્ય કેટલું પરિપૂર્ણ છે! મોટી આંખો અને શરદ્ચંદ્ર સમું મુખ, ખભા ઉપર બન્ને હાથોના સુઘટિત વળાંકો, ઉન્નત અને અડોઅડ એકબીજાને અડતા પયોધર, હસ્તમાં સમાય એવી કટિ અને ભરાઉદાર નિતંબો, એના પગના અંગુઠા પણ જરાક વળેલા છે. જાણે એનું સારુંયે અંગ નર્તન માટે જ સર્જાયું છે.

માલવિકાએ શર્મિષ્ઠાકૃતિના ચતુષ્ભાગનું મધ્ય લયમાં નર્તન કરી દેખાડ્યું.

નૃત્યકળામાં સંવાદનું માધ્યમ અભિનય છે. નૃત્યમાં વ્યકત થતી વિવિધ મુદ્રાઓ, અંગભંગી, અંગમરોડ, ભ્રુચાલન, ભ્રુવિક્ષેપ, કંપન, ગતિ, આદિ સમજાય તો નર્તનકળાના સૌન્દર્ય, રસ અને આલ્હાદની ભાવાનુભૂતિ અને આનંદાનુભૂતિ થાય છે.

કળાની એક વ્યાખ્યા એવી પણ છે કે,

कं आनंदमय लाति ददाति इति कला ।

પ્રાચીન શાસ્ત્રકારોએ નર્તકી કેવી હોવી જોઈએ એનું સુરેખ વર્ણન કર્યું છે. જેમ કે:

'તન્વી, યુવાન, સુડોળ, પ્રગલ્ભા, રસિક, મોટી આંખોવાળી, બહુ ઊંચી નહિ તેમ બહુ નીચી નહિ ઉપરાંત એનામાં વેગ, સ્થૈર્ય, સુરેખતા, દૃષ્ટિ, બુદ્ધિ વગેરેનું જ્ઞાન હોવું જરૂરી છે.'

માલવિકામાં રાજાને આ બધા ગુણો દેખાયા અને એના મુખમાંથી ઉદ્ગારો સરી પડે છે,

अपूर्वा इय दारिका

માલવિકાના ગુરુ ગણદાસ પણ એને परम निपुणा मेधाविनी च કહી બિરદાવે છે. સૌન્દર્ય ઉપરાંત કળાનું પણ અજબ પમાડે એવું જાદુ

ના. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય તો ભાવભૂતિએ 'ઉત્તરરામ ચરિત'માં કહ્યું છે તે પ્રમાણે એ સ્ત્રી વિશ્રામો હૃદયસ્ય બને છે.

ચિત્રાવલોકન કરતી વેળા નાયિકા સખીને કહે છે;

'હે સખી! એમના નયન નિહાળતાં મારાં લોચનિયામાં સ્નેહનો ખુમાર ઉભરાય છે. અને હું ભાન ભૂલી જાઉં છું.'

ધનંજયકૃત 'દશરૂપકમ્'માં એ 'સ્વભાવિક' દસ અલંકારો વર્ણવ્યા છે. તેમાં 'વિભ્રમ' અલંકાર એટલે પિયુના ધ્યાનમાં નાયિકાએ પોતે અવળા અલંકારો સજ્યા છે તેનું પણ એને ભાન રહ્યું નથી.

ઉપરાંત 'મોટ્ટાયિત' અલંકારમાં સખીઓ દ્વારા પ્રિયતમની સખીઓ સાથે અથવા સખીઓ દ્વારા પ્રિયતમની વાતો કરતાં હૃદય ધરાતું નથી. સુખની એ ક્ષણોમાં નાયિકાને આત્મવિસ્મૃતિ થાય છે. એની ચેષ્ટાઓમાં આંખોની પૂતળીઓમાં ચમક, કીકીઓ ચપળતા પૂર્વક ફેરવી, પાંપણો પટપટાવતાં શરીરે રોમાંચ થવા અથવા શૃંગારરસની વાત આવે ત્યારે પિયુ સાથે જાણે સાક્ષાત મિલન થયું છે એમ સમજી એના ધ્યાનમાં ખોવાઈ જવું વગેરે ભાવો આપોઆપ દ્રષ્યમાન થાય છે. આવું ધ્યાન રસનિષ્યત્તિનું કારણ બને છે. નાટ્યશાસ્ત્ર અનુસાર તો વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે. ખરી રીતે ભાવકે એ દશા પ્રાપ્ત કરવી જોઈએ પરંતુ એ માટે નર્તનકાર નર્તનકળામાં સંપૂર્ણ જાણકાર જોઈએ.

'કુમારસંભવ'માં કામદેવ જ્યારે શિવજીને લક્ષ બનાવી શરસંધાન કરે છે ત્યારે હિમાલયસૂતા પાર્વતી રોમાંચ થયેલા અંગો દ્વારા, પ્રેમભાવને વ્યક્ત કરતી, ચંચલ નેત્રોથી અલંકૃત થયેલી અત્યધિક ઊભી હતી. રસાનંદની એ દશા હતી.

ચિત્રદર્શનનું વિશેષ ધ્યાન અને એકાગ્રતા સ્વપ્નદર્શનમાં પણ પરિણમે છે.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વપ્ન દર્શન

કોઈ કુમારિકાને સ્વપ્નમાં પણ શ્યામસલુણાનાં દર્શન થાય છે. શ્રવણ, સાક્ષાત દર્શન, ચિત્રદર્શન અથવા માત્ર ચિંતનની દશા પછી સ્વપ્નમાં એ જ મૂર્તિ આકાર ધરે છે. જેવી મતિ તેવી ગતિ, જેવું ચિંતન તેવું દર્શન.

સ્વકીયા, પરકીયાના રગેરગમાં પ્રિયતમનું જ ચિંતન ચાલતું હોય છે. તેના સ્વપ્નમાં પણ પ્રિય મૂર્તિ દેખાય તેમાંયે વિરહાવસ્થામાં તો આ ચિંતન ઊગ્ર સ્વરુપ ધારણ કરે છે ત્યારે તો અચૂક સ્વપ્ન દર્શન થાય છે. કુમારિકાની પણ એ જ અવસ્થા.

જ્યારે સામાન્યા ધન પ્રાપ્તિની લાલસાને કારણે એના યારને જુએ છે અને તે અધમ કોટીની હોય તો એને એક જ પુરુષનાં દર્શન કેવાં! અને એ દર્શન હોય તો પણ એમાં પણ પ્રણય તો નથી જ. ઉત્તમ કોટીની વસંતસેના અથવા આમ્રપાલી હોય તો જુદી વાત!

સ્વપ્નની પણ પ્રક્રિયા છે. જીવાત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાએ કરીને વિષયને ભોગવે છે એમાં સ્વપ્નાવસ્થા રજોગુણાત્મક છે. મનુષ્યમાં કામ, ક્રોધ આદિ વિકારો, સ્નેહ અથવા વેરના ભાવ કે રાગ અનુરાગના સંવેદનો હોય છે. એમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધનો સ્પર્શ થાય છે એટલે મનુષ્યને ગમતા વિષયો તરફ મમતા જાગે છે. અણગમતા વિષયો પરત્વે અભાવ ઉત્પન્ન થાય છે.

મન સંકલ્પ વિકલ્પ કરે છે. ચિત્ત નિશ્ચય કરે છે અને જે વિષય અથવા મનુષ્ય તરફ આપણને ભાવ ઉત્પન્ન થાય છે તેનું પ્રતિબિંબ અન્તઃકરણ ઝીલે છે. એ ભાવની માત્રા જેટલી તીવ્ર તેટલા પ્રમાણમાં સ્થૂળ દેહમાં રહેલા સૂક્ષ્મ દેહ સાથે એ ભાવ વણાઈ જાય છે. મનુષ્ય રોજબરોજના બીજાં કાર્યો પણ કરે છે ત્યારે પણ અદ્રશ્ય રહેલા એ ભાવો અથવા ઈચ્છાઓ રવાઈની પેઠે ઘૂમીને છેવટે સ્વપ્નમાં આકાર પામે છે. કોઈ વાર બે કે ત્રણ સારાંનરસાં સંવેદનો મિશ્ર થઇ જતાં સ્વપ્નમાં વિકૃત દર્શન પણ થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અન્તઃકરણમાં વિકારો પણ ઝીલાયા હોય છે જેની વિસ્મૃતિ મનુષ્યને થાય છે તો તે કારણે સ્વપ્નમાં ન ધારેલા, ન કલ્પેલા દ્રશ્યો નજરે પડે છે.

નાયિકાભેદ સાથે આ મુદ્દાને એટલી જ નિસબત છે કે કોઈ પ્રણય ઉપરછલ્લો હોય, માત્ર વાસના સંતોષવા પૂરતો હોય તે નાયિકા સ્વપ્નમાં જે સુખ વાંછે છે તે તેને મળતું નથી. જ્યારે દિવ્ય પ્રેમ હોય ત્યાં સાચી પ્રીતના અણુસાર વર્તાય છે. તેનું દૃષ્ટાંત લોકશાયર ઝવેરચંદ મેઘાણીની વાર્તા 'શેણી વિજાણંદ.'

શેણીના બાપે વિજાણંદ પાસેથી એકસો નવચંદરિયું ભેંસ માગી હતી તો જ તને દીકરી પરણાવું એની શરત મારી. એવી નવચંદરિયું ભેંસ ગોતવા વિજાણંદ ગામેગામ ગોતવા નીકળ્યો પણ શેણી પ્રત્યેની બાળાપણાની પ્રીત વિસરાતી નથી. શેણીને પણ લાગ્યું હવે વિજાણંદ નહિ આવે એટલે હેમાળે ગળવાનો નિશ્ચય કર્યો. મેઘાણીભાઈ લખે છે. :

'આંસુડે પલાળેલા લોટની લાપસી કરીને દીકરીએ બાપને ખવરાવી. બાપ તો ખાઈપીને ઘસઘસાટ ઘોંટચો પણ શેણી શેં સુખે સૂએ ! આખી રાત પવનના કમાડ ભભડે તો ઝબકે છે કે આ વિજાણંદ આવ્યો ! પવનના સૂસવાટામાં પણ વિજાણંદની વીણા રોતી હોય એવું લાગે છે ને પળવાર ઝોલું આવતાં સ્વપ્નમાં વિજાણંદને ઠપકો દેવા લાગે છે કેઃ

'અરે ભુંડા ! રસ્તે આટલો બધો ખોટીપો ? કોઈ કામણગારૂં તને મળ્યું'તું ?'

વિરહોત્કંઠિતાનો આ અજંપો છે. પ્રભાતે ઊઠીને શેણીએ પોતાનું પોટલું બાંધ્યું. બાપુની પાસે હાથ જોડી બોલી :'

'બાપુ, દમણી જોડાવી દેશો ?'

'કાં બાપ, કીસે જાવો છો ?'

'હેમાળે ગળવા.'

'અરર ! દીકરી ! હવે તોરા સાટુ શું સારો ઠેકાણો જોવા નીકળતો સોઃ !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'બાપુ, હવે એ બધી આશા મેલી દો. વિજાણંદની વરમાળ બીજાને બાંધું નહિ. ચારણ હો લખચાર, બાંધવ કહી બોલાવીએ.'

શેણીએ તો વિજાણંદને દીઠો હતો. પરંતુ જેને કદીએ જોયા ન હોય, જેનું નામ સુદ્ધાં સાંભળ્યું ન હોય એવી વ્યક્તિ પણ સ્વપ્નમાં આવે છે. શ્રીમદ્ ભાગવતમાં આવા પ્રસંગનો ઉલ્લેખ છે.'

બાણાસૂરની પુત્રી ઉષાને કોઈ પણ વખતે ન જોએલા, નામ પણ ન સાંભળેલા પ્રદ્યુમ્નના પુત્ર અનિરૂદ્ધ સાથે સમાગમ થયો.

स्वप्ने प्रद्युम्निना रतिम् ।
कन्या लभत कान्तेन प्रागदृष्टश्रुतेन ।

ત્યારે ઉષાની સખી ચિત્રલેખાએ પૂછ્યું :

'હે સુંદર ભ્રૂકુટિવાળી ! તું કોને શોધે છે ? તારું મન કોને ઝંખે છે ?'

'મેં શ્યામ કમલનેત્ર ધરાવનાર પુરુષને સ્વપ્નમાં દીઠો. મને એના પર પ્રેમ જાગ્યો પરંતું મને દુઃખસાગરમાં મૂકી એ ચાલ્યો ગયો.'

'જો તે પુરુષ ત્રિલોકીમાં ક્યાંય હશે તો હું તેને તારી પાસે લાવી તારું દુઃખ હળવું કરીશ.'

ચિત્રલેખાએ દેવ, ગંધર્વ, સિદ્ધ, ચારણ, સર્પ, દૈત્ય, વિદ્યાધર, યક્ષ અને મનુષ્યોનાં ચિત્રો દોરવાં માંડયાં. જ્યારે એણે અનિરૂદ્ધનું ચિત્ર દોર્યું કે ઉષા બોલી ઊઠી :

'આ જ મારા હૃદયનો સ્વામી છે.'

ચિત્રલેખા આકાશમાર્ગે ઊડી અને દ્વારકાના મહેલમાં સૂતેલા અનિરૂદ્ધને પલંગ સાથે એના યોગ બળે શોણિતપુરમાં ઉષાના કક્ષમાં લાવી મૂકયો.

આ સંબંધમાં નિર્લોભાનંદ સ્વામીએ ભગવાન સ્વામીનારાયણને પ્રશ્ન પૂછ્યો હતો,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'હે મહારાજ ! જાગ્રંત અવસ્થામાં કોઈ દિવસ દીઠાય ન હોય, ન સાંભળ્યા હોય તેવા પદાર્થ સ્વપ્નમાં સ્ફુરી આવે છે તેનું કારણ શું હશે ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા :

'ન દીઠા હોય, ન સાંભળ્યા હોય એવા પદાર્થ સ્ફુરે છે તે પૂર્વ-જન્મના જે કર્મ તેની વાસનાએ કરીને સ્ફુરે છે.'

આમ સ્વપ્ન એ પણ મનુષ્યને બીજા મનુષ્ય અથવા પદાર્થને જોડી આપે છે. પ્રણયની માત્રા વિશેષ હોય, મનડું અહોરાત્ર જેને ઝંખતું હોય તેના સ્વપ્ન અચૂક આવે જ છે.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

वासकसज्जा



उचिते वासके या तु रतिसम्भोगलालसा ।
मङ्गलं कुरुते हृष्टा सा वै वासकसज्जिता ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : પાંચમું

અષ્ટ નાયિકાઓ :

નાયિકાના પ્રકારો સ્વકીયા, પરકીયા, સામાન્યાનાં દર્શન પછી હવે એમના ભેદ જોઈએ. પ્રકૃતિ, પરિસ્થિતિ અને ભાવ નિરખતાં એવી આઠ નાયિકાઓને ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં વર્ણવી છે :

વાસકસજ્જા, સ્વાધીનપતિકા, વિરહોત્કંઠિતા, ખંડિતા, કલહાંતરિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતપતિકા અને અભિસારિકા.

પદ્માકરે એમના ' જગદ્વિનોદ ' ગ્રંથમાં દશ ભેદ નિરૂપ્યા છે. ઉપરની આઠ નાયિકાઓ ઉપરાંત એમણે ' પ્રવત્સ્યપતિકા ' અને ' આગત પતિકા ' આલેખી છે. પરંતુ ભરતનાંટ્યશાસ્ત્ર ઉપરાંત દશરૂપકમ્, રસમંજરી, અભિનવભારતી વગેરે બધા ગ્રંથોમાં અષ્ટ નાયિકાઓનો જ ઉલ્લેખ છે. દશરૂપકમ્ તો જણાવે છે કે આ આઠ ઉપરાંત બીજા ભેદો હોઈ જ ન શકે.

*

વાસકસજ્જા :

પ્રિયતમનું આગમન નિશ્ચિત થવાનું છે અને તે માટે જે પોતાના અંગને તથા પોતાના વાસ એટલે ઘરને સજાવે તે વાસકસજ્જા. નાટ્ય શાસ્ત્રમાં એની વ્યાખ્યા આ પ્રમાણે છે :

उचिते वासके या तु
रतिसंभोग : लालसा
मंडन कुरुते हृष्टा
सा तु वासकसज्जा ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પતિ પરગામ હોય તો તે પ્રોષિતપતિકા બની જાય, એની પાસે જ હોય તે સ્વાધીનપતિકા બને માટે જ ભરતમુનિએ રતિસંભોગ લાલસા શબ્દ મૂક્યો છે. રોજિંદા વ્યહારમાં એ શૃંગાર કે ઘરસજાવટ કરતી નથી પણ કામનો આવેગ એને આ પ્રેરણા કરે છે. કામને અહીં નિકૃષ્ટ પ્રકારની વાસના સંતોષવાની ભૂખ એ અર્થમાં ગણવાનો નથી પરંતુ રતિ એટલે આનંદજન્ય મંગલમય 'પ્રણય' સમજવાનો છે. બધી જ અષ્ટ નાયિકાઓની અવસ્થામાં મંગલમય પ્રણયભાવના જ મુખ્ય છે:

એ માટે રતિ શબ્દનું વિસ્તારથી વિશ્લેષણ કરીએ. શૃંગારનો સ્થાયી ભાવ રતિ છે. રતિ એટલે પ્રેમ, અનુરાગ અને એથીયે વધુ ઉચ્ચ કક્ષા તે આત્મૈક્ય. રતિનો બીજો અર્થ છે:

स्मरम्चितान्त : करणयो :
स्त्रीपुंसयो : परस्पर रतिःस्मृता ।।

સ્ત્રી પુરુષની કામવાસનામાંય રમણેચ્છા એ પણ રતિ કહેવાય.

ત્યારે ભક્તિસૂત્રધાર કહે છે:

" अनिर्वचनीयम् प्रेमस्वरुपम मुकास्वादवत् ।

પ્રેમ એ જીવ માત્રનો ધર્મ છે. નિસર્ગ તરફથી જીવમાત્રને મળેલી અતિ ઉદાર પ્રસાદી છે.

प्रेम एव परो धर्म : ।

શ્રી રૂપગોસ્વામી "ઉજ્જવલ નીલમણિ" ગ્રંથમાં લખે છે કે 'પ્રેમ વગર આલ્હાદ સંભવે નહિ. પ્રેમ એટલે જ આત્માનું મિલન.'

उन्मज्जनित निमज्जन्ति यत्र स प्रेमसंज्ञक

સાગર તરંગોની પેઠે બધા જ રસો અને ભાવો જેમાં ઉદ્ભવે છે અને વિલીન થાય છે તે પ્રેમ.

એ પ્રેમ અધમ કોટીનો હોય તો એવા જીવને પશુવત, વિષયી અને મિથ્યાચારી કહે છે. પરંતુ જ્યાં ઉદાત્ત પ્રેમ છે એવી પરિણીત સ્ત્રી જો મુગ્ધા હોય, મધ્યા હોય કે પ્રગલ્ભા હોય પણ એને આકર્ષણ થયું ત્યાં મિલનની ઝંખના જાગે છે. એકબીજાને સર્વસ્વ અર્પણ કરવાની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવના જાગે છે અને એ ભાવના મૂર્ત થાય એ માટે સાક્ષાત મિલન થાય તો જ સંયોગ શૃંગારમાં પરિણમે છે. ત્યાં મનુષ્યમાં ઉદ્ભવતી સહજ કામુકવૃત્તિ એ દોષ નથી. માટે જ ભરતમુનિ એ દોષ ન ગણતાં 'રતિ-સંભોગલાલસા' પ્રત્યે નિર્દેષ કર્યો છે.

ઉદાત્ત પ્રેમ હોય તો શૃંગાર અને સજાવટની શી જરૂર! એ પ્રશ્ન સાહજિક છે પરંતુ સ્ત્રી પક્ષે વિચારીએ. સ્ત્રીનું હૃદય એટલે સંગીતના ત્રણ સપ્તકના સૂર. કંઈક શંકા એને જાગે છે. સામે પક્ષે એટલે જેને પ્રેમ કર્યો એના તરફથી, એની સાથે સૂર મળશે કે નહિ? ખરજ અને ટીપ એ સાગરના બે કિનારા છે. સૂરતરંગો બન્નેને જોડી દે છે. પ્રેમ અન્યોન્ય પર નિર્ભર હોય છે નહિ તો સ્ત્રીના અંતરની ઊર્મિઓને ઠેસ વાગે છે. માટે જ તે શૃંગાર સજે છે, સજાવટ કરે છે. ઋતુસંહારમાં કવિવર કાલિદાસ લખે છે :

શ્રોણિ પર શુભ વસન વિરાજે
ઉપર કંદોરો ચમકે,
કુસુમહારથી શોભિત સ્તન
ચર્ચિત ચંદનથી ચમકે.
ઢળતી કટિ પર કનકમેખલા
હાર સ્તનો પર હિંડળતા
મદન તણા મદથી નારીની
શિથિલ થઈ છે શરીર લતા.

અને પ્રિયતમ આવે ત્યારે એનાથી બોલાઈ જવાય છે.

ઓચ્છવ મુજ આંગણે
આજ સખી મિલનના.

*

સ્વાધીનપતિકા

સ્વાધીનપતિકાને ભરત નાટ્યશાસ્ત્રમાં સ્વાધીનભર્તૃકા પણ કહી છે.

सूरतातिरसैर्बद्धा यस्याः पार्श्वे तु नायकः ।
सान्द्रामोदगुणप्राप्ता भवेत् स्वाधीनभर्तृका ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે સ્ત્રીનો પતિ એની પાસે જ રહે છે, એને સ્વાધીન રહે છે અને એ કારણે જે પ્રસન્ન રહે છે તે સ્વાધીનપતિકા અથવા સ્વાધીનભર્તૃકા.

પાસે જ રહે એનો અર્થ એવો કરવાનો છે કે જે પતિ નિયત સમયે ઘેર આવતો હોય. એની પત્નીથી સંતુષ્ઠ હોય, એના પર અનન્ય પ્રેમ હોય.

અષ્ટનાયિકાઓમાં સ્વાધીનપતિકા અન્ય નાયિકાઓથી જુદી પડે છે. અભિસારિકાને પણ એનો પતિ મળે છે પરંતુ અભિસારિકા પતિને મળવા જાય પછી મળે છે. સ્વાધીનપતિકાને એના પતિનો લાંબા સમયનો વિયોગ નથી માટે જ એ વિરહોત્કંઠિતા પણ નથી. એનો પતિ પરસ્ત્રી-ગમન પણ કરતો નથી માટે એ ખંડિતા કે કલહાંતરિતા નથી. વિપ્રલબ્ધાનો પતિ નિયત સમયે ઘેર આવતો નથી તેથી આ વિપ્રલબ્ધા પણ નથી. એનો પતિ પરદેશ પણ વસતો નથી માટે એ પ્રોષિતપતિકા પણ નથી. કંઈક અંશે વાસકસજ્જાને એ મળતી આવે છે કારણ આ બન્ને નાયિકાઓ પ્રસન્ન રહે છે પરંતુ વાસકસજ્જાનો પતિ એને સ્વાધીન છે એમ નિશ્ચિત્ત કહી ન શકાય માટે જ ભરતમુનિએ સ્વાધીનભર્તૃકાને અન્ય નાયિકાઓથી જુદી તારવી છે.

પતિ સ્વાધીન ક્યારે રહે કે પત્નીમાં એવા સહૃદયતાના, અન્યોન્યને સમજવાના અને અપ્રતિમ પ્રેમના વારિથી સ્વામીને રીઝવવાના ગુણો અને કળા હોય! આમ જોઈએ તો પત્ની પણ પતિને આધીન રહે છે. એક પક્ષીય પ્રેમ હોય તો મનદુઃખ થાય. પ્રેમનું રૂપ જ શાંત અને કલ્યાણમય છે. કામ અને પ્રેમ વચ્ચેનો ભેદ સમજવો પણ જરૂરી છે. કામ એ કંઈ પ્રેમનું સાર્થક્ય નથી. પ્રેમનું પરમ લક્ષ્ય મંગલ ભાવના છે. શારીરિક પ્રણયની પરિણતી આત્મૈક્યમાં જ થવી જોઈએ. જેમ આકાશનો અંત નથી, કામધેનુ કે ચિંતામણિનું મૂલ્ય ન થાય તેમ સાચા દિવ્ય પ્રેમનો પાર પણ પામી ન શકાય.

આ જગતમાં જ્ઞાની અને તપસ્વી અનેક મળી આવશે પણ સાચા પ્રેમી મળવા વિરલ છે. બંસી બોલના કવિ દયારામ સતસઈમાં લખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

स्वाधिनपतिका

सुरतातिरसंवंद्धो यस्था: पार्श्वगत: प्रिय: ।
साप्रोंदं गुणसंयुक्ता भवेत् स्वाधीनपतिका ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રીતિ જોરવી સરલ પૈં
કરિબો કઠન નિભાવ.

પ્રીતિ કરવી સ્હેલ છે પણ નિભાવવી મુશ્કેલ.

સ્વાધીનપતિકા નાયિકાનું એક ઉદાહરણ આ મુજબ મળે છે. ૧૬૮૧ ની સાલમાં આમેરની ગાદી પર મહારાજા જયસિંહ આવ્યા. એમણે ચૌહાણ વંશની રાજકુંવરી અનંતકુંવરી સાથે લગ્ન કર્યાં. પછી તો રાણીના સહવાસમાં એવા તો રમમાણ થઈ ગયા કે રાજ્ય કારભાર બધું છોડી રાણી પાસે અંતપુરમાં જ દિવસ–રાત રહેવા લાગ્યા. એટલું જ નહિ પરંતુ તેમણે ફરમાન જાહેર કર્યું કે ' જે કોઈ મારા રંગનો ભંગ કરશો તેને અંગભગ કરી નાખીશ '

રાજાના મંત્રીઓને ચિન્તા થઈ. ત્યારે કવિ બિહારીલાલે (બિહારી સતસઈના કર્તા) મંત્રીઓને કહ્યું.

' હું તમારા મહારાજાને રાણીવાસમાંથી મુક્ત કરાવું. એક છંદ લખી આપું અને તે મહારાજા પાસે કોઈ ગાઈ સંભળાવે. પરંતુ કોઈ તૈયાર ન થયું. બધાને એમ જ લાગ્યું કે અંતપુરમાં પહેલાં તો પ્રવેશ જ નહિ મળે અને મહારાજાને જાણ થઈ કે એમના રંગમાં ભંગ પડાવવા કોઈ એ માથાળો આવ્યો છે તો શિરચ્છેદ કર્યા સિવાય નહિ છોડે. બધાએ એકમત થઈ બિહારીલાલને કહ્યું : " તમે જાઓ " પણ બિહારીલાલને મહારાજા ઓળખતા હતા.

'હું એમના રાજ્યનો કવિ. મને કંઈ ઈજા ન કરે તો પણ મારો છંદ સાંભળવા પણ તૈયાર ન થાય તો આપણો શ્રમ વ્યર્થ જાય.'

છેવટે અંતપુરની દાસીને સાધવામાં આવી. એને તો અંતપુરમાં આવજા કરવાની છૂટ હતી અને મોકો મળતાં એણે છંદ ગાઈ સંભળાવ્યો.

નહિ પરાગ, નહિ મધુર મધુ,
નહિ વિકાસ ઈહિ કાલ;
અલિ કલી હી સોં બંધ્યો,
આગૈં કૌન હવાલ ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજાએ કવિત્ સાંભળ્યું, રાજા સમજુ હતા. ફરી ગાવા કહ્યું.

'હે ભ્રમર! તું એવી કળીમાં મોહિત્ થઇ બંધાયો છે કે જે કળીમાં મધ નથી, તેમ જ તેનો હજી વિકાસ પણ થયો નથી. હવે આગળ ઉપર તારા શા હાલ થશે એ દૈવ જાણે!'

'આ કવિત્ કોણે રચ્યું છે?'

દાસી થરથર ધ્રુજવા માંડી, પોતાના પર આફત ન આવી પડે તેથી ઝટ દાસીએ કવિવર બિહારીલાલનું નામ દીધું. રાજાને બિહારીલાલ પર અપાર પ્રીતિ. એમના કવિત્માં માધુર્ય, કલ્પના તેમ જ ગૂઢ રહસ્ય પણ અંતર્હિત રહેતું. રાજા વિચારવા લાગ્યા. જેમ જેમ વિચારવા લાગ્યા તેમ તેમ મોહના પડળ ખસવા લાગ્યાં અને ભવિષ્યના કપરા દિવસો સામે આવી જેમ ભૂતાવળ નાચે તેમ નાચવા લાગ્યાં. તત્કાળ એમને ગળે વિંટાળેલો રાણીનો સુકુમાર હાથ છોડાવી અંતઃપુરનો ત્યાગ કરી દરબારમાં ચાલ્યા ગયા અને રાજ્યધુરા ફરી સંભાળી લીધી.

એવો જ કિસ્સો પૃથુરાજ ચૌહાણનો છે. સંયુક્તાનું અપહરણ કરીને એને મહેલમાં લાવે છે. પટરાણી પદ આપે છે. સંયુક્તા પણ એના સૌન્દર્યના જાદુ પાથરી ચૌહાણવંશમાના રાજવીને એવો વશ કરી લે છે કે સંયુક્તા સ્વાધીનપતિકા બની જાય છે. આઠે પ્રહર એના હૃદયેશ્વર એની પાસે જ પડયોપાથર્યો રહે છે. એનો લાભ લઈ સુલ્તાને એના કિલ્લા ફરતો ઘેરો ઘાલ્યો ત્યારે ચંદબરદાયીના કર્તા ચંદ બારોટે અંતઃપુરમાં ઘસી જઈ કવિત ગાયું.

ઐસો રાજ પૃથિરાજ, જૈસો ગોકુલમેં કાન્હ,
ઐસો રાજ પૃથિરાજ જસો હથ્થહ ભીમ કહ,
ઐસો રાજ પૃથિરાજ જૈસો અહંકારી રાવન,
ઐસો રાજ પૃથિરાજ જૈસો રામ રાવણ સંહારન

તેમ છતાં પૃથિરાજ પર કંઈ અસર ન થઈ ત્યારે બીજું કવિત પૂરજોશમાં લલકાર્યું:

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कृष्णाभिसारिका

हित्वा लज्जां समाकृष्टा मदेन मदनेन था ।
अभिसारयते कान्तं सा भवेदभिसारिका ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દિન પલટયો પલટી ઘડી,
પલટયો હાથ કમાન;
પિથલ ! એહી પારેખુ
દિન પલટયો ચૌહાણ.

ત્યારે રંગરાગમાં પડેલા પૃથુરાજનો આત્મા જાગ્યો. વીણા મૂકી એણે તલવાર હાથમાં લીધી.

આ બધા સ્વાધીનપતિકાનાં ઉદાહરણો છે.

*

અભિસારિકા

કેવું આકર્ષક શિર્ષક છે. તે સાથે રહસ્યમય. પણ છોગાળાને છાનાછપના મળવા જવું એ કાર્યમાં રહસ્ય તો હોય જ ને ?

कामार्ताऽभिसरेत्कान्तं
सारयेत्वाभिसारीका ।

કામથી પીડીત જે સ્ત્રી છાની રીતે પોતાના પ્રિયતમ પાસે જાય તે અથવા પિયુને પોતાની પાસે બોલાવે તે અભિસારિકા.

ભરતમુનિ કહે છે :

हित्वा लज्जां तु या श्लिष्ठा
मदेन मदनेन च ।
अमीसारयत् कान्तं
सा भवेदभिसारीका ।

મદથી અથવા મદનથી (કામથી) પરવશ થઈ લજ્જા ત્યાગી જે પોતાના પ્રિયતમ પાસે જાય અથવા પ્રિયતમને પોતાની પાસે બોલાવે તે અભિસારિકા.

અન્યોન્ય પ્રત્યે આકર્ષાયેલાં પ્રણયી યુગલની સંયોગાવસ્થા પૂર્વેની જે દશા તેને ' અયોગ ' કહે છે. એ અયોગ અવસ્થાના દસ લક્ષણો નાટ્ય-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શાસ્ત્રમાં વર્ણવ્યાં છે. તેમાંથી અભિસારિકાને ચાર લક્ષણો સ્પર્શે છે. એમાંનુ પ્રથમ લક્ષણ તે 'અભિલાષા,' પિયુ સાથેના મિલનની સતત ઝંખના થયા જ કરે છે.

સ્વપ્નમાં પિયુ દર્શન થાય તે બીજું લક્ષણ.

'સ્મૃતિ' અથવા 'ચિંતન' એ ત્રીજું લક્ષણ. કોઈ ધન્ય પળે દૂરથી પણ પિયુના દર્શન થઈ જાય, અથવા પિયુ સંબંધી વાતો સંભળાય તો એ ચિંતન ફળદાયી નીવડયું એમ અભિસારિકા સમજે છે,

અભિલાષા, સ્વપ્ન દર્શન અને ચિંતનની પરિણતી પિયુના 'ગુણાનું કીર્તન' માં થાય છે તે ચોથું લક્ષણ.

અભિસારિકાના સૂક્ષ્મ પ્રાકૃતિક ભેદો પણ છે.

૧. દીવાભિસારિકા.

૨. કૃષ્ણાભિસારિકા

૩. શુકલાભિસારિકા

અને વળી પ્રભેદો પણ છે.

૧. પ્રેમાભિસારિકા

૨. ગર્વાભિસારિકા

૩. કામાભિસારિકા

વિરહની માત્રા જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે સંકોચને ફગાવી સ્ત્રી અભિસારિકા બની જાય છે.

*

દીવાભિસારિકા :

એનું એક ઉદાહરણ લઈએ.

'કોણ જઈ રહ્યું છે ત્યાં ? સૂર્યદેવ હજી સાગરમાં પોઢયા નથી. ત્યાં ધીરાં ડગલાં ભરતી, અનંગના તાપે તપતી, કો વિરહાકુળ ચન્દ્રવદના કયાં જઈ રહી છે ?'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જરા ધ્યાનથી નિહાળો. એ છે સ્વર્ગની અપ્સરા ઉર્વશી. કવિકુલગુરુ કાલિદાસે 'વિક્રમોર્વશીયમ્'માં એને દીવાભિસારિકા તરીકે આલેખી છે. એની સાથે એની સખી ચિત્રલેખા છે. જરાક હળવેકથી સાંભળજો એમના સંવાદો.

'સખી ઉર્વશી ! સંકેતસ્થાન દર્શાવ્યા વિના તું ક્યાં જઈ રહી છે ?'

'સખી ! તે દિવસે હેમકુટ શિખર પર કુંજલતાની વનવેલીમાં મ્હારો પાલવ અટવાઈ ગયો ત્યારે તેં મારી મશ્કરી કરી છતાં પૂછે છે ?'

'એટલે તું રાજા પુરૂરવાના મિલન કાજે જાય છે ?'

'હા. લજ્જા પરિહરિને જાઉં છું.'

ભરતમુનિએ આલેખ્યું તેને જ કવિકુલગુરુએ વાચા આપી; હીત્વા લજ્જાં ત્યારે ચિત્રલેખાએ પૂછ્યું, :

'અને એનું વિજ્ઞાપન કરવા તારી પૂર્વે કોણ ગયું છે ?'

'મારું હૈયું.

ઉર્વશી પુરૂરવાનું મન પણ એને મળવા ઉત્સુક છે તે જાણી ગઈ છે. પરંતુ ચિત્રલેખા વધારે સ્પષ્ટતા કરવા ચાહે છે.

'સખી હજીયે વિચારી લે.'

'પ્રણય મને સાદ દે છે. બીજું હું શું વિચારું ?'

'તો મારે કંઈ કહેવું નથી.'

'તો મને માર્ગ દેખાડ. ચિત્રલેખા ! [જેથી મારા કાર્યમાં કંઈ વિક્ષેપ ન નડે.'

'સખી ! ભયમુક્ત થા. દેવોના ગુરૂએ આપણને અપરાજિતા શિખાબંધનની વિદ્યા શીખવી છે. એ કારણે દાનવોથી આપણે અજિત છીએ.'

'ખરેખર ! મને તો એનું વિસ્મરણ થયું'

'સખી ! પ્રતિષ્ઠાનપુરના શિરમોર સમાં રાજભવન સમીપ આપણે આવી પહોંચ્યા. અહીં ગંગા યમુનાના સંગમના સલિલમાં એ ભવન કેવું રમ્ય અને પાવનકારી ભાસે છે !'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'હા. જાણે સ્વર્ગ અહીં આવી વસ્યું છે. સખી! ક્યાં હશે એ દુઃખાર્તોના આશ્રયદાતા?'

'પ્રમદવનમાં પ્રવેશતાં જ એની પ્રતીતિ થશે. અહા! જો સખી? જે પ્રમાણે ચન્દ્ર ચાંદનીને આવકારે તેમ તેઓ તારું સ્વાગત કરી રહ્યા છે!'

'સખી! પ્રથમ દર્શને મેં એમને નિહાળ્યા એ કરતાં પણ આજે તેઓ મને વિશેષ સુંદર દીસે છે.'

'દીસે જ તો. ચાલ આપણે એમને મળીએ.'

'તિરસ્કરણી વિદ્યાથી સમીપ છતાંયે અદૃષ્ટ રહીને હું એમનું સંભાષણ શ્રવણ કરીશ. જો આ એકાંત સ્થાને તેમના મિત્ર સાથે તેઓ વાત કરી રહ્યા છે.'

એમ....દૂતીકાર્ય કરતી ચિત્રલેખા પુરૂરવાને મળી.

'મહારાજાનો જય હો!'

'સ્વાગત કરું છું, ભવતિ! પરંતુ તારી સખીને મૂકી તું એકલી આવી તેથી મને આનંદ થતો નથી. એવો ભાસ થાય છે જાણે સંગમના સ્થાન પર યમુના ગંગાવિહીન આવી.'

'પ્રથમ વાદળ ગરજે છે મહારાજ, પછી જ વીજળી ચમકે છે.'

આ સંવાદ પછી ઉર્વશી પુરુરવાનું મિલન થાય છે.

*

કૃષ્ણાભિસારિકા

દીવાભિસારિકાના છાનાછપના અભિસાર નિહાળ્યા પછી અંધારી રાતે ચૂપકે ચૂપકે જતી કૃષ્ણાભિસારિકા પાછળ આપણે જઈએ. જવું તો ન જોઈએ એ ખરી વાત! કોઈના પ્રણયરંગને નિહાળવાનો આપણને શો અધિકાર! પણ આ તો સ્વામીનીજી રાધિકાજી અને મુરલી મનોહર શ્રીકૃષ્ણનો અલૌકિક દિવ્યાતિ દિવ્ય પ્રેમ છે.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાધા

રાધા કોણ અને ક્યારે પ્રકટ થયાં ? કે માત્ર ભક્તિતરસ વહાવતા ભક્તકવિઓની કલ્પનામૂર્તિ માત્ર હતી ?

પુરાણોમાં રાધાના નામનો ઉલ્લેખ છે. ખાસ કરીને બ્રહ્મવૈવર્ત પુરાણમાં.

તે પછી બીજી સદીમાં જે નાટકો લખાયાં તેમાં ક્યાંયે રાધાનું નામ કે રાધાકૃષ્ણના પ્રસંગોનો ઉલ્લેખ નથી.

દસમી સદીના સંસ્કૃત ગ્રંથોમાં રાધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વિષ્ણુસ્વામી

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી પૂર્વે શ્રી વિષ્ણુસ્વામી નામના આચાર્ય થઈ ગયા એવો ઉલ્લેખ 'સંપ્રદાય પ્રદીપ'ના દ્વિતીય પ્રકરણમાં કરવામાં આવ્યો છે. વિષ્ણુસ્વામીએ શુદ્ધાંદ્વૈતવાદી 'રૂપ સંપ્રદાય'ની સ્થાપના કરી હતી. તેમણે શ્રીકૃષ્ણની આનંદપૂર્ણ સિદ્ધશક્તિ તરીકે રાધાનો સંકેત કર્યો છે.

નિમ્બાર્ક સંપ્રદાય

સમય ઈ. સ. ૧૧૬૨. દ્વૈતાદ્વૈતવાદમાં એમણે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે એ સાથે ગોપીઓ અને રાધા એમના પ્રેમ અને માધુર્યની અધિષ્ટાત્રી છે એમ કહ્યું છે.

ચૈતન્ય મહાપ્રભુ

ચૈતન્ય મહાપ્રભુ અને એમના અનુયાયીઓ રાધાકૃષ્ણ યુગલ સ્વરૂપના ચરણના ઉપાસક હતા અને ચૈતન્યદેવમાં તો રાધિકાજીનો ભાવાવેશ પ્રકટ થતો હતો એટલે રાધિકાજીનાં દર્શન, એ દિવ્ય, અલૌકિક શક્તિનો પરિપૂર્ણ ભક્તિ દ્વારા સંચાર એમના લૌકિક દેહમાં થતો અને આનંદ-જન્ય અવર્ણનીય ધારા વહાવતો એ હકીકત છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વલ્લભ સંપ્રદાય

શુદ્ધૈદ્વાત સંપ્રદાય અને પુષ્ટિમાર્ગના પ્રવર્તક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય શ્રીકૃષ્ણની અનન્ય ભાવે સેવા કરવા થકી જ જીવ પ્રભુનો અનુગ્રહ પામી શકે છે એમ દર્શાવ્યું રસો વૈ સઃ રસરૂપ શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ આનંદાકાર વિગ્રહથી અક્ષર ધામમાં એમની ઇચ્છા અનુસાર લીલામગ્ન રહે છે અને એમની આલ્હાદિની શક્તિ સ્વામીની રાધા સાથે નિત્યલીલા કરે છે. ગોલોક એ પણ અક્ષરધામ મનાયું છે.

અષ્ટછાપના ભક્તકવિઓ સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ, કૃષ્ણદાસ, ચત્રભુજદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી અને નંદદાસે રાધા-કૃષ્ણના સંયોગ અને વિપ્રલંભ શૃંગારનાં ઘણાં પદો લખ્યાં છે અને ગાયાં છે.

સં. ૧૫૯૧માં સ્વામી હિતહરિવંશે રાધાવલ્લભીય સંપ્રદાયની સ્થાપના કરી હતી.

રાધિકાજીએ જે સ્વરુપે કવિઓને અને ભકતોને પ્રેરણા આપી તેમ જ દર્શન દીધું તે સ્વરુપે તેમણે સ્વામીનીજીને આલેખી છે. "ધ્વન્યાલોક"ના બે શ્લોકોમાં રાધાની પ્રેમમય પણ વિહરદશાનું વર્ણન છે.

કવિવર જયદેવની રાધા વિલાસપ્રિય છતાં કૃષ્ણમય છે.
વિદ્યાપતિની રાધા કિશોરી, મુગ્ધા થયા પછી કૃષ્ણમય બને છે.

ચંડીદાસની રાધા કોમલ અને ભાવુક છે.

નરસિંહ મહેતાને મન રાધા એ શ્રીકૃષ્ણ પ્રત્યેની માધુર્ય ભક્તિની પરમ પ્રેમસ્વરુપા છે.

બંસીબોલના કવિ દયારામની રાધા પ્રેમલક્ષણા ભક્તિનું જ સ્વરુપ છે. રાસેશ્વરી હોવાથી મિલન, વિરહ, માન, ઉત્કંઠા અને ઢોંગભર્યા રીસામણા મનામણા પણ કરે છે.

શ્રી રૂપગોસ્વામી કૃત 'ઉજ્જવલ નીલમણિ' ગ્રંથમાં તો એક આખું 'રાધા પ્રકરણ' છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવી પરમપ્રેમસ્વરૂપા રાધા એક અંધારી રાતે કૃષ્ણના અભિસાર અર્થે નિસરે છે. આસમાની રંગનું અંબર ધારણ કર્યું છે. એ અંબરમાંથી એના ગોરા ગોરા બદનની જ્યોતિ ઝગમગે છે. હીરાના હાર અથવા મણિમુક્તામાળ હોય તો ચમકે એ બીકે માત્ર સુમનની માળા પહેરી છે જેથી ચોરી ન પકડાય. છતાંય એના લોલવિલોલ થતાં બે નયનો અંધાર પટમાંયે ચમકી રહ્યાં છે.

બિહારી સતસઈમાં વર્ણન છે :

ચમચમાત ચંચલ નયન
બિચ ઘૂંઘટપટ ઝીન
માનહુ સુરસરિત વિમલ
જલ ઉછલત યુગમીન.

આછાં ઝીણા સાળુના ઘૂંઘટમાંથી ચંચલ નયનો ચમચમે છે. જાણે સુરસરિતામાં બે માછલીઓ તગતગી રહી છે.

જગદ્વિનોદમાં કવિ પદ્માકર પણ આલેખે છે.

સાંવરી રૈનમેં સાંવરી પામરી,
પૌન સખી નિસરી સંગ સખી સાંવરી

પોતે તો રૂપાળી છે, પણ સાથે દૂતી કર્મ કરનારી સખીને લીધી છે એ શ્યામ છે, સાંવરી પસંદ કરી છે. ભક્તકવિ પરમાનંદદાસ ગાય છે.

સુનિ રાધે! એક બાત ભલી,
તું જિન ડરૈ રૈનિ અંધિયારી;
મેરે પાછે આઉં અલિ!
નહિ લે જાઉં જહાં મનમોહન,
મેં દેખી એક બંક ગલી.
સઘન નિકુંજ સેજ કુસુમનિ રચિ,
ભૂતલ આદિ વિટપ તલી;
હરિ કી કૃપા કૌ મોહિ ભરૂંસો,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમ ચતુર ચિત કરત અલિ !
પરમાનંદ સ્વામી કૌ મિલિ ફિન,
મિત્ર ઉદૈ જૈસે કમલ કલી.

પણ રાધા પછવાડે કોઈક જઈ રહ્યું છે. રાધાના અંગની ચંદન શી સુગંધથી આકર્ષાઈ એક હરણી જઈ રહી છે. રાધાને એની ચિંતા નથી કારણ કે એ કાળિયાર છે. રસિકપ્રિયામાં કેશવદાસ વર્ણન કરે છે.

ચંદન ચઢાઈ ચારૂ અંબરકે,
ઉરહાર સુમન શૃંગાર સોહે
વારૈં કોડ રતિનાથ
મૃગરૂ મરાલ સાથ
ચોંક ચોંક ચકઈસી ચલી,
આઈ વ્રજચન્દ્ર ચંદ્રાવલિ,

રાધાના આવા મનોહર રૂપ પર કરોડો રતિનાથ પણ વારી જાય છે. ત્યારે કવિ જયદેવે રાધાને જુદી રીતે આલેખી છે.

રતિસુખસારે ગતમભિસારે
મદન મનોહર વેશમ્
ન કુરુ નિતંબિની ગમનવિલંબન
મનુસર તં હૃદયેશમ્ ।।

સખી રાધાને કહે છે : કે મદન મનોહર વેશ સજી રતિસુખ કાજે હૃદયેશ્વરના મિલન અર્થે નીકળી છે તો વિલંબ ન કર.

રાધા પૂછે છે " એ વનમાલી ક્યાં વસે છે ? " ત્યારે સખી કહે છે.

ધીર સમીરે યમુના તીરે
વસતિ વને વનમાલી, ।
ગોપી પીનપયોધર મર્દન
ચંચલ કર યુગશાલી. ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ વનમાં એ કહાનને શોધવો ક્યાં ?

નામસમેતં કૃત સંકેતં
વાદયતે મૃદુ વેણુમ્ ।

એની વેણુનો મધુર નાદ સંભળાય છે અને એ નાદની દિશામાં રાધા આગળ વધે છે. પણ....

પતતિ પતત્રે વિચલિત પત્રે
શંકિત ભવદુપયાનમ્ ।

અભિસાર અર્થે નીકળેલી રાધિકા વૃક્ષ પરથી ખરંતા પાંદડાંઓના ખડખડાટથી પણ ભય પામે છે. એને લાગે છે કે કોઈ ત્રાહિત્ એને જોઈ રહ્યું છે. એ જોનાર કવિ જયદેવ પોતે છે. પોતાના અંતર્ચક્ષુથી એ જુએ છે પણ શા માટે ?

શ્રી જયદેવે કૃતહરિસેવે ।।
ભણતિ પરમ રમણિયમ્

રાધાકૃષ્ણનો પ્રેમ દિવ્ય અને અલૌકિક હતો. નારદજીએ એમના 'ભક્તિસૂત્ર'માં કામ એને પ્રેમનો ભેદ વર્ણવ્યો છે. વિશ્વવિમોહિત સંસારી જીવો કામને પ્રેમ માની અનેક શંકા કુશંકાઓ કરે છે. કામ વિષપૂર્ણ મધુ છે. પ્રેમ એ દિવ્ય સુધા છે. કામ એ થોડા જ સમયમાં દુ:ખમાં પરિણમે છે. જ્યારે પ્રેમના અણુએ અણુના વિશેષ ઉપભોગમાં સ્વર્ગીય આનંદ મળે છે. કામમાં ઈન્દ્રિયતૃપ્તિ છે અને એ જ આત્યંતિક સુખ છે એમ મનાય છે જ્યારે પ્રેમમાં પ્રિયતમના સુખની અતૃપ્ત આકાંક્ષામાં પરમ સુખ છે.

કવિશ્રી મૂળશંકર મૂળાણીએ એમના નાટક "શ્રીકૃષ્ણ ચરિત્ર"માં રાધાના અભિસારનો સરસ પ્રસંગ આલેખ્યો છે શ્રીકૃષ્ણના મિલન અર્થ એ નિસરી છે ને હૈયામાં પ્રેમનાં સ્પંદનો જાગે છે. એ સ્વગત કહે છે.

'કહાનને મળવા મારા કાળજામાં કંઈ કંઈ થાય છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કનૈયો આવ્યો. રાધાને જોઈ.

'કોણ રાધા! વૃષભાનુકુંવરી! ત્યારે તો આજે મને એવડા દાણ મળશે.'

'કોણ છે અમારાં દાણ લેનાર?'

'અમે છીએ અને અમે તો દહીંના દાણ લઈએ છીએ રાધે! ત્યારે તું તારું દાણ આપવાની વાત કરે છે.' શું તું તને પોતાને વેચવા નીકળી છે?'

'હું શા માટે વેચાઉં! હું તો તારા જેવાને વેચાતા રાખું એમ છું.'

'ઓહો, એમાં શી મોટી વાત છે? અમારા જેવા તો વેચાય છે. ભરબજારે, ચોરે ચૌટે, વસ્તીમાં કે વનમાં રાતે કે દિવસે અને વળી અમારાં દામ પણ સસ્તાં છે.'

'શું દામ લઈશ કાન્હા?'

'માત્ર કૃષ્ણ નામ.'

'હવે હું તો શું તને વેચાતો લઉં! આવાં મીઠાં બોલને મૂલે હું જ વેચાઈ ગઈ. કેવો ધીટ છે! બોલે છે તે તો જો. જાણે પરમેશ્વર! એના અવતારની સાથે પોતાની સરખામણી કરે છે પણ ક્યાં એ અને ક્યાં તું ગોવાળિયો!'

'પણ રાધા, બધા તને લક્ષ્મીનો અવતાર માને છે એટલે મને વિષ્ણુ સાંભરી આવ્યા.

'વિષ્ણુ તો લક્ષ્મીના વર. તું કંઈ થોડો જ મારો વર છે?'

'ગોળધાણા નથી. નહિ તો હમણા તને ખવડાવત?'

'ચલ હટ, જવા દે મને.'

'દાણ આપી જાઓ, રાધિકે!'

'દાણ શાના? ક્યારથી લેવા માંડયાં?'

'તું મહિયારણ બની ત્યારથી.'

'કૃષ્ણ, તું શું એમ માને છે કે બધા તારા બોલ સાંખી લેશે? ચાલ, મારો કેડો મૂક.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કનૈયાએ બંસી છેડી. રાધાના ચરણ ત્યાં જ થંભી ગયાં. કોઈ મધુર નિનાદે મૃગલી ખેંચાય તેમ કૃષ્ણ તરફ ખેંચાઈ ફરી ભાનમાં આવી. પોતે તો અભિસાર અર્થે આવી છે.

'બંસી ન બજાવતો કોઈ આવી ચડશે.'

'તો શું થયું ?'

'કેમ સમજતો નથી ?'

'સમજ્યો. ત્યારે તું મને ઝંખતી હતી.'

'એ તો પોતાના મનથી વિચારીએ.'

'તો તું મહી વેચવા કેમ ન નીકળી ?'

'વર પરણવા માટે કન્યાને માંડવે આવે છે.'

'અત્યારે તો વર અને કન્યા બન્ને અભિસાર અર્થે અહીં આવ્યા છે. બોલાવ પેલા કાળિયારને. એ આપણા ગાંધર્વલગ્ન કરી આપે.'

'તેં મારો છેડો પકડચો ત્યારથી જ આપણા લગ્ન થઈ ચૂક્યાં છે. પણ મને અડીશ નહિ.'

'કાં રાધે ?'

'તારો શ્યામ રંગ મને લાગી જશે.'

'ના. ગોરી ! તારો ગોરો રંગ લાગતાં હું ગોરો બની જઈશ.'

કેવી નિર્દોષ બન્નેની વાતો છે. રસિકપ્રિયામાં કેશવદાસ પણ લખે છે.

બનમેં વૃષભાનુકુમારી મુરારિ
રમેં રુચિસોં રસરૂપ પિયે
કલકૂજત પૂજત કામકલા
વિપરીત રચી રતિકેલિ હિયે.

*

શુક્લાભિસારિકા

રાધિકાજીનું પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ ઘણા કવિઓએ આલેખ્યું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आत्मा वै राधिका प्रोक्ता

રાધા આત્મા સ્વરુપ છે.

रसिका कामवर्जिता

ત્યાં કામ કે વાસનાની ગંધ નથી. એટલે જ રાધાનું પાત્ર એની અપ્રતિમ ગૂઢતાને અંગે સારાયે વિશ્વમાં શ્રીકૃષ્ણની આલ્હાદિની શક્તિ તરીકે છવાઈ ગયું છે. કૃષ્ણને એ પોતાથી ભિન્ન નથી માનતી. રાધા કહે છે કે :

'કોઈ મેરે હૃદય તલેકો પૈઠકે જો વિલોકે તો પાવેગા લસિત ઊસમેં કાન્તિ પ્યારી ઉન્હીકી.'

હવે જે સ્ત્રી ચાંદની રાતમાં અભિસાર અર્થે નીકળે તે શુક્લા-ભિસારિકા કહેવાય.

એક નાયિકા એવી છે જે પરકીયા છે, પ્રૌઢા છે, ધીરા છે. હૃદય એકને સમર્પ્યું હતું પણ સંજોગવશાત લગ્ન અન્ય સાથે કરવાં પડયાં. એની દુનિયા જ બદલાઈ ગઈ. ચારે કોર દૃષ્ટિ નાખતાં જડચેતન એને વિરહના તાપે તપતાં દેખાય છે. પિયુમિલન માટે ઉત્તેજિત કરતા વસંતના વાયરા એની કોમળ કાયાને દઝાડતા હોય એમ ભાસે છે અને વર્ષાની વાદળી જાણે એના દગમીનથી વરસતી અશ્રુધારાની સ્પર્ધા કરતી હોય એવું લાગે છે. વ્યોમમાં આમથી તેમ ઊડતા પંખીગણ જાણે એના અકળાયેલા અંતરની પ્રતિકૃતિ હોય તેમ જ લાગે છે. અને તેથી જ એના અંતરમાં જે મૂર્તિ કંડારાઈને સ્થાન પામી છે તેના મિલન માટે એ તલસે છે.

પરંતુ એ તો પરાયો. કોઈના ઘરનું સિંદુર પોતાની સેંથીમાં પૂર્યા પછી એને સંભારવાનો પણ એને શો અધિકાર ?

અધિકાર ! હા, એના તન પર ભલે એના પરણ્યાનો અધિકાર હોય પરંતુ એના હૃદય પર તો એના મનમાન્યાનો જ અધિકાર છે. પ્રેમની વાટણી કદી થઈ ન શકે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોણ છે એ ભગ્નહૃદયા ? હતભાગિની ! કારુણ્યમૂર્તિ !

સરસ્વતીચંદ્રની કુમદ સાંભરીને ? ના. આ છે દેવદાસની પારૂ–પાર્વતી. શરાબની પ્યાલીમાં એની પ્રિયાને ભૂલવા મથતા દેવદાસને એ મનાવવા નીકળી છે. એ ભીરૂ નથી. મનમાં દૃઢ નિશ્ચય કરીને એ નીકળી છે. એ કામવશ નથી. પોતાના શીલની મશાલ જલતી રાખે એવી એ તેજસ્વીની છે. અજવાળી રાતે દેવદાસ પાસે જતાં એને કોઈ જોઈ ગયું તો હજાર હજાર જીભો એના પર ફિટકાર વરસાવશે એની સભાનતા સાથે એ જઇ રહી છે.

પ્રારંભમાં વિપ્રલંભ શૃંગાર છે પરંતુ વિપ્રલંભ સિવાય સંયોગ શૃંગારની પુષ્ટિ નથી. પિયુ પ્રત્યેનો અગાધ પ્રેમ એ આલંબન વિભાવ છે. વિષાદ એ સંચારી ભાવ અને સ્વભાવોક્તિ એ અલંકાર છે.

શરદબાબુની વિખ્યાત નવલકથા ‘ દેવદાસ’ને નાટ્યકાર શિવકુમાર જોષીએ નાટ્યરૂપ આપ્યું છે. તેમાંના એક ભાગનું આ દૃશ્ય છે :

રાત્રિનો સમય અને દેવદાસ એકલવાયો પોતાની ઓરડીએ પારુના જ ચિંતનમાં મગ્ન છે ત્યાં પારુ જ આવી.

‘ દેવદા ! ’

‘ કોણ પારુ કે ? આટલી મોડી રાતે અને એકલી આવી કે શું ? ’

‘ હા. એકલી આવી.’

‘ અહીં આવતાં બીક ન લાગી ? ’

‘ મને કોઈ ભૂતબૂતની બીક લાગતી નથી.’

‘ ભૂતની બીક ભલે ન લાગે. માણસની બીક તો લાગે ને ? ’

‘ આજે તો બધી જ બીક પાછળ મૂકીને આવી છું, દેવદા ! ’

‘ કોઈ એ જોઈ તને ? ’

‘ હા. દરવાન કિસનસિંઘે. પડાળીમાં નોકરો સૂતા છે એમાંથી પણ કોઈએ જોઈ હોય.’

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'છિ : છિ : આવતી કાલે લોકોને તું મોઢું દેખાડીશ શી રીતે ?'

'એ હિંમત મારામાં છે.'

'પણ હું કઈ રીતે મારું મુખ લોકોને બતાવવાનો હતો ?'

'તમારે શું, તમે તો પુરુષ. આજે નહિ તો કાલે તમારા કલંકની વાત બધી જ લોકો ભૂલી જશે. પછી કોઈને યાદ પણ નહિ રહે કે એક હતભાગિની પાર્વતી પોતાનું બધું જ તુચ્છ ગણીને તમારી પાસે આવી હતી. દેવદા ! નદીમાં કેટલુંબધું પાણી છે ! એમાં શું મારું કલંક નહિ ધોવાય ?'

'કોણ જાણે પારુ, મને પણ થાય છે કે તું મારી બાજુમાં હોત તો મારે કઈ ચિન્તા હતી ! પણ પારુ, તું તો હવે કાબેલ ગૃહિણી બની ગઈ છે. એ વાત સાચી ?'

'ધૂળ ગૃહિણી ! બાવળનું ફૂલ તે કદી દેવને ચરણે ચડતું હશે ?'

'ખરેખર મને હસવું આવે છે. તું આટલી અમથી હવે કેટલી મોટી થઈ ગઈ છે ! મોટું ઘર, મોટી જમીનદારી, દીકરા દીકરી અને વળી ચૌધરી મોશાય !'

'તેનું શું છે ?'

'મારું એક કામ કરીશ પારુ ?'

'શું ?'

'તારા ધ્યાનમાં કોઈ સારી છોકરી છે ?'

'કેમ ?'

'લગ્ન કરવાં છે'

'ખૂબ રૂપાળી ?'

'હા. તારા જેવી.'

'અને ખૂબ ભલીભોળી ?'

'ના. તારી જેમ મારી સાથે ઝઘડો કરે તેવી.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'આજે તો ઝઘડો કરવા જ આવી છું. દેવદા! તમે શરાબ પીવાનું ક્યારથી શીખ્યા?'

'શરાબ!'

'ખરું છે ને?'

'કંઈક અંશે.'

'વચન આપો કે હવેથી શરાબ નહિ પીઓ.'

'એ શક્ય નથી. તું મને વચન આપી શકીશ કે તું મને ક્યારેય યાદ નહિ કરે?....મોડું થયું છે. હવે ઘેર જા. પારુ!'

'નહિ જાઉં. પ્રતિજ્ઞા લો.'

'ના. બારણું ખોલી નાખ પારુ!'

'કોઈ રીતે હું જવાની નથી મારું દુઃખ અસહ્ય છે દેવદા! હું તલતલ મરી રહી છું. કોઈ દિવસ પણ હું તમારી સેવા કરી શકી નથી. મારી સાથે ચાલો. અહીં તમારી ભાળ લેનાર કોઈ નથી.'

'મારી સેવાચાકરી કરવાથી તારું દુઃખ હળવું થતું હોય તો મરતાં પહેલાં તારે આંગણે જરૂર આવીશ.'

અને ખરેખર મૃત્યુની આલબેલ વાગી ત્યારે દેવદાસે વચન પાળ્યું. પાર્વતીનાં આંગણામાં જ દેવદાસે પ્રાણ છોડ્યા.

*

પ્રેમાભિસારિકા

અભિસારિકાના ત્રણ ભેદ, દીવાભિસારિકા, કૃષ્ણાભિસારિકા, શુક્લાભિસારિકા વળી તેના ત્રણ પ્રભેદ છે.

પ્રેમાભિસારિકા.

ગર્વાભિસારિકા

કામાભિસારિકા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક પ્રશ્ન સહજ ઊઠે કે પ્રિયતમના મિલન અર્થે જાય તેના હૃદયમાં પ્રેમ તો હોય જ પછી પ્રેમાભિસારિકાનો પ્રભેદ શા માટે ?

કેશવદાસે રસિકપ્રિયામાં એની સ્પષ્ટતા કરી છે કે જે અવિવાહિતા સ્ત્રીને શ્રવણ, ચિત્રદર્શન અથવા સ્વપ્ન દર્શનથી જે પુરુષ પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થાય છે તે સ્ત્રી, દૂતીકર્મ કરનાર પોતાની સખીને પ્રિયતમ પાસે મોકલે છે. એ સખી નાયિકાના સૌન્દર્ય અને પ્રણયનું વર્ણન કરે છે.

નૈનનકી ચતુરાઈ, બૈનનકી ચતુરાઈ,
ગાતકી ગુરાઇ ના દુર્શતી દ્યુતિચાલકી

મારી સખીના નયન આપના દર્શન કાજે આતુર બન્યાં છે. એના શબ્દોમાં ચાતુરી છે, એના ગાત્ર ગોરાં છે ને તેજ (દ્યુતી)થી ચમકે છે. નેત્રની પાલખી કરી તેમાં આપને આસન આપ્યું છે તો હે મારી સખીના પ્રાણપ્યારા ! મારી સખીનું આસન સ્વીકારો.

આ કારિકામાં વાંછિત ફલની પ્રાપ્તિ માટેનો સાહિત્ય દર્પણ પ્રમાણે પ્રહર્ષન ' અલંકાર છે.

ધનંજયકૃત ' દશરૂપકમ્'માં આ વાતનું સમર્થન જુદી રીતે મળે છે.

' પ્રતિમુખસંધીના જે તેર અંગ નિરુપ્યા છે તેમાં પહેલું, જ અંગ ' વિલાસ ' છે. રતિ માટે ઉદ્ભવતી તીવ્ર ઇચ્છાને વિલાસ કહે છે. પણ એમાં અનુરાગ આવશ્યક છે.

શ્રી હર્ષકૃત ' રત્નાવલી ' નાટકના બીજા અંકમાં વત્સરાજ ઉદયનના મિલનની ઇચ્છા સાગરિકાએ ચિત્ર દ્વારા પ્રકટ કરી છે. તેમાં અનુરાગનું બીજ સમાયેલું છે. એટલે જ પ્રેમાભિસારિકાને એ વિશિષ્ટ રૂપ અપાયેલું છે.

પ્રેમમાં એ શકિત છે કે પ્રેમીને પોતાને વશ કરી લે છે. કવિ દયારામે સંયોગ અને વિપ્રલંભ શૃંગારનાં ઘણાં પદો લખ્યાં છે તેમાં રાધિકાજીએ કૃષ્ણને વશ કર્યા તેનું પણ પદ છે.

રાધે ! પ્યારી, બીજું અવર ન કોઈ,
જેને જગત મોહ્યું, તે તુંને રહ્યા મોહી,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેં વશ કીધો રાધે, દયાનો પ્રભુજી,
હું નવ જાણું કે તેં કઈ ગોર પૂજી ?

એક બીજો ભેદ પણ જાણવા જેવો છે. અભિસાર અર્થે નીકળેલી રાધાને અથવા જે નાયિકા હોય તેને પિયુમિલન થાય છે જ. ન થાય તો તે અભિસારિકા નહિ પરંતુ વિરહોત્કંઠિતા બની જાય.

પ્રેમાભિસારિકાના ઉત્કટ પ્રેમનું એક દૃષ્ટાંત મારી લઘુનવલ ' જેની જોતાં વાટ'માંથી આપું છું. લઘુનવલનું શિર્ષક જ વિરહ અથવા અભિસારનું સૂચન કરે છે. કથાના નાયક સંજયને આગ્રા જવાનું થયું એટલે તાજમહાલ જોવા મન લલચાયું. મીનાક્ષી એને ચાહતી હતી એટલે એ પણ ગઈ.

' તાજમહાલ ! '

જેના નામ પર પારાવાર પ્રેમના ઉદધિ ઉછળે છે. પ્રણયની પ્રેરણા જાગે છે. જેની ઈમારતનો એકેક સ્ફટિક વિશુદ્ધ સ્નેહની ગાથા ગાય છે. જેણે અનેકાનેક પ્રેમીઓનાં મનડામાં મધુર મિલનની ઝંખના જગાવી છે અને જેને સ્પર્શીને આવતી લહેરખીઓ પર સ્મરણોની સવારીઓ લહરાતી આવે છે એવા અપ્રતિમ સ્નેહ અને સૌન્દર્યધામમાં મીનાક્ષી સંજયને મળી. તાજની ધવલ ફરસીઓ પર સાથે પગલાં માંડતાં નીલરંગી પાણીના હોજમાં બન્નેનાં પ્રતિબિંબો પડયાં. હવાની લહેરખીએ પાણીની સપાટીને હલાવતાં બન્નેનાં પ્રતિબિંબો એકબીજામાં ભળી જતાં હોય એવું લાગ્યું.

' સંજય !' મીનાક્ષીએ કહ્યું : આ તાજ અલૌકિક પ્રેમનું પ્રતીક છે ને ?'

' ના. પ્રેમનાં પ્રતીક ઊભાં કરવાં એટલે ચાર દીવાલો વચ્ચે એની મર્યાદા બાંધી લેવી એવું થયું. આ તાજ તો પોકાર કરે છે કે ઓ ખુદાના બંદા ! ઇશ્કમાં પાગલ બનવું હોય તો ચિર વિયોગની વસમી વિદાય ભોગવવા પણ તૈયાર રહેજે. '

' સંજય ! એ મીઠી વેદનાના અગન પણ મીઠાં લાગે, થોડીઘણી પણ જે આનંદની, એકતાની, આત્મિયતાની પળો મળે એમાં જીવન ધન્ય થઈ જાય.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અહીં પ્રણય એ વાસના નહિ પણ દિવ્યાનુભૂતિ છે. શાકુંતલ અને કુમારસંભવની સમાલોચના ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે આ પ્રમાણે કરી છે.

ઉભય કાવ્યમાં કવિએ બતાવ્યું છે કે જે અકૃતાર્થ છે તે મંગલમય થઈ કૃતાર્થ બને છે. તેમણે બતાવ્યું છે કે જે સૌન્દર્ય ધર્મથી સંયુત છે તે જ ધ્રુવ છે. પ્રેમનું શાંત, સંયત, કલ્યાણ રૂપ જ શ્રેષ્ઠ છે. સંયમમાં જ સૌન્દર્યની ખરી શોભા છે. ઉચ્છૃંખલતામાં તરત જ તેની વિકૃતિ થઈ જાય છે.

એ માટે જ નાયિકાભેદના સંવિધાયકોએ ગર્વાભિસારિકાને અને કામાભિસારિકાને નોખી પ્રકૃતિની આલેખી છે.

*

ગર્વાભિસારિકા

ગર્વાભિસારિકા બહુધા પોતાના પ્રિયતમને પોતાની પાસે પૂર્વ સંકેત કરી બોલાવે છે. પોતે ક્વચિત જ એની પાસે જાય છે. એ જરા માનીની પણ છે. એના રૂપનો, એના ગુણનો, એના કલાવૈભવનો ગર્વ પણ એને હોય છે એટલે એ જાય અને ચોરી પકડાઈ જાય તો એના મનને ઠેસ લાગે છે.

એમાં પણ જો મુગ્ધા નાયિકા હોય તો એનું મન ચંચળ હોવાથી પિયુને આવતાં મોડું થાય તો એનો ગર્વ ગળી જાય છે કારણ કે એ અવસ્થા જ તરવરાટની છે, અધિરાઈની છે અને તેમાં પણ કામનો આવેગ તીવ્ર હોવાથી એ પોતે પિયુને મળવા દોડી જાય છે. એ વખતે શું એ ગર્વાભિસારિકા મટી જાય છે ? ના. પિયુ મિલન થતાં જ અધિરાઈનો જે રોષનો જથ્થો એકઠો થયો હોય છે તે પિયુ પર ઠાલવે છે. પણ આખર બે હૃદયોના મિલનનું સમાધાન થાય છે.

મધ્યા નાયિકા હોય અને પિયુને આવતાં મોડું થયું તો એ સામે જતી નથી પણ સહી લે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રગલ્ભા નાયિકા હોય તો એને ખાત્રી જ હોય છે કે મોડાવહેલા પણ પિયુ મળવા આવશે જ કારણ પિયુ એને વશ છે અને મોડું થયું તે સકારણ જ હશે. એ એને બેવફા નથી નીવડ્યો એની એને ખાત્રી છે.

કવિ દયારામે એવી એક મુગ્ધાની ચંચળતા નિહાળી. વાટ જોઈ જોઈને મુગ્ધા થાકી એટલે એની સખીને કહે છે :

લાલ લલી લલી લાલકી
લે લાગી લખી લોલ;
લ્હાય હરિ લય લાયકર
દુહુ કહિ સુનિ ચિતચોર,

જ્યારે કવિ બિહારીલાલ જુદું જ ચિત્ર બતાવે છે.

પહુંચતિ કટિ-રન સુભટકી
રોકી સકે સબ નાહીં
લાખન હુકી ભીર મેં
આંખી રહિ, ચલી નાહીં

આંખોને સુભટ માની છે. નાયક પાસે જતાં એને કોઈ રોકી શકે તેમ નથી. નાયિકાનું મન એ પતંગ છે જે ઊડે છે. એની દોર પિયુને હાથ છે પણ આંખોનું શું ? આંખો પણ ત્યાં પહોંચવા ચાહે છે પણ

કવિ કહે છે.

આંખ રહી, ચલી નાહીં,

સામાન્યા અથવા ગણિકાનો અભિસાર નિરાળો હોય છે. કુદરતે રૂપ દીધું છે એ રૂપ પર બળી મરવા કૈંક પતંગો આવે છે એમને રીઝવવા એ બાહ્ય કઠારો કરે છે પરંતુ ગણિકા પણ આખર સ્ત્રી છે. હૃદય કોઈ પર ઢળ્યું તો એ પણ શૃંગાર સજશે પણ ઠઠારો નહિ કરે. સેંથીમાં સિંદુર પૂરશે. લલાટે લાલચટક ચાંદલો કરશે વેણી બાંધશે, કેસરી રંગની ઓઢણી ઓઢશે અને પિયુમિલનની રાહ જોશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હા, એને પણ ગર્વ છે, ગણિકા હોવા, છતાં કોઈ સાથે નેડો બાંધ્યો તેનો ગર્વ છે. સાચો સ્નેહ બાંધી કોઈની પ્રણયીની બનવાનો ગર્વ છે. બીજી ગણિકાઓ એની ઠેકડી ઉડાવે તેની તેને પરવા નથી. એના હૈયામાં તો ઉમંગ અને આનંદ છે. પિયુમિલનની એ ઘડી! એ એક ઘડી માટે એ ગણિકા નહિ પણ ગૃહિણી બની જાય છે. એને ગૃહિણીના જ ભાવ જાગે છે. એ મિલન પૈસા કાજે નથી. પૈસા કાજે હોય તો એ અભિસારિકા નહિ.

*

કામાભિસારિકા

એ થોડીક ધીટ છે. કામનો આવેગ એને ધીટ બનાવે છે. કામાભિસારિકાને ઓળખવા માટે કેટલાક લક્ષણો છે.

પાણીમાં ત્વરિત ગતિએ માછલીઓ ફરે તેમ એના નયનોની કીકીઓમાં પણ એ ચંચળતા, એ ગતિ દેખાય છે. એના મુખમાંથી નીકળતા વાક્યો પણ રતિક્રીડાને સૂચવાતા હોય તેવા દ્વિઅર્થી અને અર્થસૂચક હોય છે. એટલું જ નહિ પરંતુ આછા સાળુમાં કાયાને ઢાંકી, ઘૂંઘટ તાણી ભરબજારે ચાલી જતાં પણ એ અચકાતી નથી. કોઈ જોઈ જશે તેની પણ એને પરવા નથી કારણ કે એ સ્વકીયા છે.

પરકીયા હોય તો જુદી વાત. એ છડેચોક એના પ્રણયની છડી પોકારતી નથી. વળી પરકીયા થઈ ને પરપુરુષને પ્રેમ કરવો એ પાપ મનાય છે છતાં એ કામાભિસારિકા છે એટલે બને તેટલા પ્રમાણમાં વાત છાની રાખવા પ્રયત્ન કરશે. કદાચ એ વાત છતી થઈ જાય તો પણ એને પરવા નથી.

પ્યાર કીયા તો ડરના ક્યા!

ડરી જાય તો એ કામાભિસારિકા નહિ, એટલું જ નહિ પણ એ અંગપ્રદર્શનમાં પણ માને છે. છાનાછપના પોતાના પિયુને પોતાને ઘેર તેડાવ્યો હોય તો એના કમખામાંથી યૌવન ડોકિયાં કરે છે. અભિસારિકા અને કામાભિસારિકા વચ્ચે કેવો સૂક્ષ્મ ભેદ!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમરૂશતકમાં એક સરસ મુક્તક આ ભેદને છતો કરે છે. એ મુકતક કામાભિસારિકાની વિરૂદ્ધમાં છે. પિયુની વાટ જોઈ જોઈ ને એ થાકી છે. વડીલોની લાજમર્યાદા ઉવેખી શકાતી નથી. ત્યાં તો પિયુ તરફથી આવેલી સખી નાયિકાને કહે છે :

'બહેન, તું શા માટે આમ માન ધરીને બેઠી છે?'

ત્યારે નાયિકા જવાબ વાળે છે : 'સખી! તું શું બોલી? મારે તે વળી રૂસણાં કેવાં! પ્રેમ હોય છતાં વડીલોની માઝા કેમ મૂકાય? મિત્રો કેમ ઉવેખાય? લોકલજ્જા કેમ લોપાય? સોગંદ પાછા કેમ ઠેલાય? લોક કહે છે પ્રેમ ત્યાં નેમ નહિ. એ બધું, ઠીક છે. માયા, મહોબત હોય એટલે જ રીસાવું પણ પડે.'

આ મુક્તક બતાવે છે કે એ અભિસારિકા છે પણ કામાભિસારિકા નથી.

*

ના. ૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : સાતમું

વિરહોત્કંઠિતા

ભરત નાટચશાસ્ત્રમાં વિરહોત્કંઠિતાની વ્યાખ્યાં આ પ્રમાણે આપી છે :

અનેક કાર્ય વ્યાસંગાદ્યસ્યા
નાગચ્છતિ પ્રિય : ।
તદનાગતદુઃખાર્તા
વિરહોત્કંઠિતા તુ સા ॥

અનેક કાર્યોમાં ગૂંથાયેલો જેનો પતિ ઘેર આવી શકતો નથી એના વિરહથી જે દુઃખ પામે છે તે વિરહોત્કંઠિતા

જ્યારે ધનંજય દશરૂપકમ્‌માં તેને લગતી જ પણ જરાક જુદી વ્યાખ્યા લખે છે :

' ચિરયત્યવ્ય લીકે તુ
વિરહોત્કંઠિતોન્મના: ।

પ્રિયતમનો અપરાધ ન હોવા છતાં પણ સમયસર જે આવી શક્યો નથી તેને અંગે જેનું મન વ્યથિત થાય છે તે વિરહોત્કંઠિતા.

વિરહોત્કંઠિતાનું એક સુંદર ચિત્ર જોયું હતું તે યાદ આવે છે. જોરદાર વરસાદથી બહારના માર્ગ ઉપર પાણી ભરાયાં છે પરંતુ એ વરસાદ રહી ગયો અને ઘરની છત ઉપરથી હવે માત્ર પાણીનાં ફોરાં ટપકવાં માંડ્યાં છે, ચન્દ્ર વ્યોમમાં મધ્ય ભાગે આવ્યો છે. વિરહદશામાં સમય કેટલો વ્યતિત થયો તેનું આ સૂચન છે. પિયુની વાટ જોઈ જોઈને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विरहोत्कंठिता



अनेक कार्य व्यासङ्गाद्यस्था नागच्छति प्रियः।
तस्थानुगमदुःखार्ता विरहोत्कंठिता मता ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાકેલી વિરહોત્કંઠિતા પોતાની સખીને બોલાવી એની સમીપે હૃદયના ઉભરા ખાલી કરે છે. સ્ત્રીનું વ્યથિત હૃદય વહેમને પણ નોતરે છે, એ કહે છે :

'સખી! હવે તો વેણી પણ મુરઝાવા લાગી પણ એ ન આવ્યા. મને ખાત્રી છે બેઠા હશે મારી શોકચને ઘેર. એને પગે અલતો લગાવતા હશે. પણ અલતો કેમ લગાડવો એની પણ એમને સૂઝ નથી એટલે હાથ ઉપર અને એમના કપડા પર એ અલતાનો લાલ રંગ લાગી જશે એનું પણ ભાન કામના આવેશમાં એમને નહિ રહે અને મોડી રાતે મારી પાસે આવશે ત્યારે ચોરી પકડાઈ જશે. અરેરે! મારાં નયનોમાંથી સરતાં અશ્રુની આ વરસાદના ફોરાં વરસાવી વાદળોને દયા આવી પણ એમને કંઈ પડી નથી!'

જો જો હં! આ સ્નેહભીની પ્રણયિની પર ખોટું દોષારોપણ ન કરતા. પતિ અન્ય સ્ત્રી પર મોહિત છે અને એને ઘેર છે એ માત્ર એના મનનો વહેમ છે. એ હકીકત હોય તો એ વિરહોત્કંઠિતા નહિ પરંતુ ખંડિતા બની જશે.

અહીં વિરહોત્કંઠિતા દુઃખી છે જ્યારે નાટ્યમહર્ષિ પ્રભુલાલ દ્વિવેદીએ વિરહોત્કંઠિતાની એક નિરાળી પણ સુંદર કલ્પના કરી છે અને એ છે એમના નાટક 'વડીલોના વાંકે' ની નાયિકા સમતા.

માનવી શહેરનું હોય કે ગામડાનું પણ પ્રેમની ઊર્મિઓ બન્નેનાં હૈયામાં જાગે છે. જરા ધીમેથી એના શયનખંડમાં ડોકિયું કરજો. વિપ્રલંભ શૃંગારની આછેરી ઝલક વર્તાય છે. આછેરી એટલા માટે કે એ દુઃખી નથી. ભલે ચાંદો માથે આવ્યો પણ 'એ તો આવશે જ' એની એને પૂર્ણ શ્રદ્ધા છે. અને પછી મધુર મિલનના સપનામાં એ ખોવાઈ જાય છે. પગલે પગલે એને પિયુના આગમનના ભણકારા વાગે છે અને એ દ્વાર ભણી દોડે છે. જરા સરખો યે અવાજ થાય તો પાંખો ફફડાવતી પારેવડી સમી એ ફફડી ઊઠે છે. આમને આમ સમય વીતે છે છતાં એ ઉદ્વિગ્ન થતી નથી. એ કહે છે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'જીવતરમાં અમથા ઉજાગરા તો ઘણાએ થયા પણ વહાલાંની વાટ જોતાં હોઈએ, પગલે પગલે એના ભણકારા વાગતા હોય એવો ઉજાગરો તો આજે થયો' અને એના મુખમાંથી ગીત સરી પડે છે :

'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા
જોતી'તી વહાલાની વાટ રે !
અલબેલા કાજે ઉજાગરો;

અંતરમાં તો અમથા ઉચાટ છે કારણ પિયુમિલનની ઘડીઓ તો ગણાઈ રહી છે, અને નીંદરડી સાથે એ હોડ બાંધે છે. ઘેરાતી આંખડીને સોગન દે છે

'મટકું માર્યું તો તારી વાત રે'

કારણ ?

'ઊભી હું ગંગાને ઘાટ રે !'

શા માટે કવિએ 'ગંગાને ઘાટ' કહ્યું ? ગંગા શિવજીની જટામાં વિરાજે છે અને પછી વહેતી વહેતી અનેકને પાવન કરે છે. ભોળી અને શ્રદ્ધાળુ સમતા પણ એ જ કલ્પના કરે છે.

'હું યે મારા પિયુની સંગે રહી અનેકના દુઃખ દૂર કરી શકું તો એમાં જ સ્ત્રીજીવનની સાર્થકતા છે.

કેવી ભવ્ય કલ્પના !

એનાથી ઊલટું વિપ્રલભ શૃંગારનું બીજું દૃશ્ય તે કવિકુલગુરુ કાલિદાસના મેઘદૂતની યક્ષકાન્તા. એના વિરહને સીમા નથી..

નિશ્ચે એની રડી રડી
હશે આંખ સૂઝી ગયેલી,
ફીકા સુખા, અધર અરૂણા,
ઉષ્ણ નિઃશ્વાસ નાખી
હાથે ટેકયું મુખ જરી જરી
કેશમાંથી જણાતું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મેઘે છાયું કલુષિત દીસે
બિંબ શું ચંદ્રમાનું.

યક્ષ અને યક્ષપત્નીનો વિયોગ તો કુબેરના અપરાધી બનવાને કારણે યક્ષને શિક્ષા કરવામાં આવી તેનો વિયોગ હતો. એક વર્ષ માટે હતો પરંતુ ચિરવિરહની દશા તો શ્રીકૃષ્ણ ગોકુલ છોડી મથુરા સિધાવ્યા ત્યારે ગોપીઓ અને સ્વામીની રાધિકાએ ભોગવી.

આ વિરહમાં વાસના કે કામાસક્તિ ન હતી. એ દશા દુઃખમય તો ખરી છતાં તેમાં અલૌકિક દિવ્યતા હતી. એનું ઝીણવટભર્યું અવલોકન જરૂરી છે.

નારદ ભક્તિસૂત્રમાં ભક્તિની અગિયાર આસક્તિ બતાવી છે તેમાં એક 'પરમ વિરહાસક્તિ' છે.

પ્રેમ ચાહે લૌકિક હોય અથવા ભગવદીય હોય પણ એની સાચી પરીક્ષા વિરહાવસ્થામાં થાય છે. ઘણી વખત વિરુદ્ધ ભાવદશાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે અનુકુલ ભાવ દૃશ્યમાન થાય છે. પ્રણયની સંયોગાવસ્થામાં કેવું અપ્રતિમ સુખ સમાયેલું છે તેનું મહત્ત્વ વિરહ દશા ભોગવ્યા પછી જ સમજાય છે. પ્રેમની તીવ્રતા, પ્રિય પ્રતિ આકર્ષણ, સંયોગના અભાવથી સદૈવ થતું એનું જ ધ્યાન, સ્મરણ અને પિયુમિલનની લાલસા એ વિરહની અનુભૂતિ કરાવે છે. આ મધુર ભાવના પતિતપાવની ગંગા પેઠે મનુષ્યના હૈયામાં ઉઠતા ભાવો અને એના કર્મોને પવિત્ર કરતી વિરાટ–પ્રેમ ભણી દોરી લઈ જાય છે.

પ્રિયની ઝંખના જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે આત્મવિસ્મૃતિ થઈ જાય છે. અષ્ટછાપના ભક્તકવિ નંદદાસે ચાર પ્રકારના કૃષ્ણ–વિરહ એમના પુસ્તક 'વિરહમંજરી'માં દર્શાવ્યા છે.

૧. પ્રત્યક્ષ.	૩. વનાંતર
૨. પલકાન્તર	૪. દેશાન્તર

વિરહમાં ચિત્તની સમાધિ દશા થઈ જાય છે. કૃષ્ણવિરહના અસહ્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અગ્નિના તાપમાં ગોપીઓના પાપકર્મો ભસ્મ થઈ ગયા અને એ કૃષ્ણમય બની ગઈ. 'રૂપમંજરી'માં તો નંદદાસ એથી આગળ જઈને કહે છે :

'સંયોગમાં તો એક સ્થાનમાં જ પિયુમિલન છે પરંતુ વિયોગમાં તો પિયુ સર્વત્ર અને સર્વ–પ્રિયમય રૂપે દેખાય છે.'

હૈં જાનો પિય મિલન તૈં
બિરહ અધિક સુખ હોઈ,
પિલતે મિલિએ એક સોં
બિછુરે સબ છા હોઈ.

(રૂપમંજરી)

કાવ્યશાસ્ત્રમાં વિરહની દશ અવસ્થાઓ દર્શાવી છે. અભિલાષા, ચિન્તા, ગુણકથન, સ્મૃતિ, ઉદ્વેગ, પ્રલાપ, ઉન્માદ, વ્યાધિ, જડતા તથા મૃત્યુ.

અષ્ટછાપના ભક્તકવિ પરમાનંદદાસે 'સ્મૃતિ' અવસ્થા પર સરસ પદ લખ્યું છે.

મોહન વહ 'ક્યોં' પ્રીતિ બિસારી
એક દિન બન ખેલત ભીતર
બેની સુહથ સંવારી
બીનત ફૂલ ગયો ચૂભી કંટક
ઐસી સહી બિચારી

ઉપરાંત જશોદામા પાસે ચન્દ્રની ફરિયાદ કરે છે :

માઈરી ચંદ લાગ્યો દુઃખદેન

ગોપીને ચન્દ્રની ઈર્ષા આવે છે કે કનૈયો જ્યાં પણ હોય તું એના દર્શન કરી શકે છે અને અમને ચંદ્રમુખી કહેનાર એ નટખટ અમને છોડી ગયો.

અને રાધિકાજીના દુઃખનો પાર કોણ પામી શકે? મથુરા જતાં એક પ્રવાસીને ગોપી કહી રહી છે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ હો પથિક ! કહીઓ ઉતે
વા ગિરિધર સોં હેર
રાધા દૃગજલ બરસી કે
બ્રિજહી બુડાવત ફેર.

ઇન્દ્રે મહા કોપ કરી બારે મેઘ વરસાવ્યા ત્યારે તેં ગોવર્ધન પર્વત ઉંચકી વ્રજને બૂડતાં બચાવ્યું હતું પણ તારા વિરહે રાધાના નયનમાંથી જે હેલી વરસી રહી છે તે નક્કી વ્રજને ડુબાવશે.

સખી રાધા પાસે જાય છે. ત્યારે રાધાના મુખમાંથી જે ઉદ્‌ગાર નીકળે છે તે સખી સાંભળે છે :

‘ મારા નયનસલુણા શ્યામ ! તમ કાજે આંખમાં અંજન સાર્યું. અંજન છે શ્યામ, તમે પણ છો શ્યામ. અંગને ચંદનચર્ચિત અંગરાગથી શણગાર્યું ત્યારે ભાસ થયો, જાણે તમારા શ્રીઅંગની અમૃતમીઠી સુગંધ માણી રહી છું. અભિસારમાં અવરોધ ન થાય એ માટે આ કટિમેખલા કસીને બાંધી. પ્રાણવલ્લભ ! હજી કેમ ન આવ્યા ? તમ મિલન કાજે ટળવળતી ઉત્કંઠિતાને વિરહાગ્નિએ તપાવી. હવે તો ચંદ્રા અને ચંદન પણ તાપે બળતાં લાગે છે. આ સુમનમાળા સર્પનો સળવળાટ ભાસે છે ને વાયુના આ સુસવાટા ! ના, ના, એ તો પંચશરનાં બાણ છે. હે મન્મથ ! બાણ મારીશ મા. મારા હૃદયમાં બિરાજતા નવલ–કુસુમસમ નંદકિશોરને વાગશે. મારા પ્રાણાધાર ક્યારે આવશે ? એને ક્યાંથી જાણ હોય.

ત્વં જિવિતં ત્વમસિ મે હૃદયં દ્વિતીયમ્ ।
ત્વં કૌમુદીર્નયનોર્મૃતં ત્વમંગે ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : આઠમું

કલહાંતરિતા

ઘર ઘર માટીના ચૂલા પરંતુ આ ચૂલાનો અગ્નિ અને એનો તાપ નિરાળો છે. એ અગ્નિ અંતરમાં સળગે છે અને એનો તાપ જીરવ્યો જીરવાતો નથી. એની જ્વાળાઓ શબ્દનું રૂપ પામી મુખ વાટે બહાર ધગધગે છે.

ભરતે એને કલહાંતરિતા કહી છે,

ઈર્ષ્યા કલહનિષ્ક્રાન્તો
યસ્યા નાગચ્છતિ પ્રિય: ।
સામર્ષવશ સંપ્રાપ્તા
કલહાંતરિતા ભવેત્ ।।

કોઈ કાર્યમાં રોકાઈ મોડેથી સ્વામી ઘેર આવે ત્યારે અથવા પરસ્ત્રીના સહવાસમાં રાત ગાળી આવે ત્યારે ઈર્ષ્યાને લીધે જે કલહ કરે પણ પાછળથી પસ્તાય તે કલહાંતરિતા.

અમરૂશતકમાં પ્રિયતમની વાટ જોતી પ્રિયતમાથી ચિત્ર શરૂ થાય છે. સખી આવી અને પૂછે છે :

સુતનુ ! તવ આ શાણે
ચક્ષુ ચકોર સૂનાં બન્યાં ?
નરવર ક્યાં કેશ પૂરાં જ
ભાગ્ય ભાતાં ભાળ્યાં ?

ત્યારે પ્રિયતમા ઉત્તર વાળે છે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कलहांतरिता

ईर्ष्याकलहविक्रान्तो यस्या नागच्छति प्रियः ।
आमर्षवेषसंतप्ता कलहांतरिता भवेत् ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સોસાયે તનડું ચીરાય હઈડું;
નિઃશ્વાસ ધીકયા કરે;
નાવે નીંદ, ન ઝાંખ થાય
પિયુની, ચોધાર આંસુ ઝરે.

સખી ગઈ નાયક પાસે અને ફરિયાદ કરી :

એને તેં જ રસે ચડાવી રતિને,
નેહે લડાવી ય તેં
દૂભી તે પણ તેં જ આજ,
બનવા કાળે દૂભેલી ન તેં;

પરંતુ 'રસિક સંજીવની' અને 'શૃંગારદીપિકા' ઉપરના શ્લોકનો અર્થ જુદી રીતે ઘરાવે છે. નાયકે સખીને પ્રથમથી જ સાધી રાખી છે તેથી સખી જો કે નાયકને ઠપકો દે છે તો પણ વસ્તુતઃ તે નાયિકાને જ વ્યંગ વાકયોથી પ્રબોધે છે.

'બહેન, તું જરા વિચાર કર. તું છેક મુગ્ધ હતી તે વખતે પ્રીતિમાં પહેલ કરી પિયુએ તને પ્રેમનો રસ ચખાડયો, અનેક લાડ લડાવ્યા કોઈ દિવસ તને દુભવી નથી તે આજે દુભવે ખરા? મિથ્યા વહેમથી ભરમાઈ તું ખોટું રૂસણું લઇ બેઠી છે.

પણ ત્યાં તો પ્રિયતમ આવ્યો એનો ભેદ પામવા નાયિકાએ :

ધૂણાવ્યું શિર, શોકયના ભણી
ભવાં કેરો ઈશારો કર્યો;
આભો કંથ ઊભો જ ચેતી
ચિત્તમાં ભેદુ સખી સૂચવ્યે

શોકયને ઘેર રાત ગાળવાનો ઈશારો થતાં નાયકે માથું ધૂણાવી આરોપનો ઈન્કાર કર્યો છે પણ નાયકે ભેદુ સખી પ્રતિ જોયું એટલે ચતુર નાયિકા સમજી ગઈ. એટલે,

રતિરસભીનો આવ્યો આપે,
પગેય પિયુ પડયો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ નાયિકાએ એને તરછોડી કાઢયો એટલે સખી કહે છે:

ઘેર ઘેર ઘણીય છે તરૂણીઓ,
જા પૂછ તેને જઈ
નામે માથું કહીંય નાથ,
તૂજ તો છે દાસ સ્વામી સહી

નાયક પણ મજાકમાં નાયિકાને કહે છે:

'મેં શું અનુચિત કર્મ કર્યું છે? યદિ કર્યું હોય તો તેનાથી દ્વિગુણ એવો જ વ્યવહાર તું મારી સાથે કર.'

પણ માનીની ન માની અને પિયુ ચાલ્યો ગયો ત્યારે નાયિકાના અંતરમાં પશ્ચાત્તાપનું ઝરણુ ફૂટયું.

સખી કેરી શીખ નં ગણકારી
શીદ પિયુ શું ભુંડી! લડી પડી?

અને સખી જાતે જઈને પોતાની સખીના પિયુને મનાવી લાવે છે. કેવો વિચિત્ર વ્યવહાર? પતિને પાપ કરવાની છૂટ અને એ પાપકર્મ કર્યાની જાણ પત્નીને થાય તો પણ જરાક રીસામણા મનામણા થાય એટલે ફરી પિયુમિલન કાજે અધીરા થવું અને જે હાથોએ શોકયને રમાડી તેનાં રમકડાં બનીને રહેવું!

પુરુષોને શું એ અધિકાર હશે? કોણે આપ્યો? પત્નીના વહાલની વિટંબણા કોણે કરી? પરાપૂર્વથી આ પ્રશ્ન ચર્ચાતો આવ્યો છે. એ ભોગવિલાસ પોષાતો આવ્યો છે. રાજ્ય ધુરા સંભાળનારાઓએ પણ એ પ્રશ્ન પરત્વે આંખમિંચામણા કર્યા છે. પરસ્ત્રીગમન એ પાપ છે એવો કોઈ કાયદો ઘડાયો નથી.

કલહાંતરિતા અને ખંડિતામાં એટલો જ ફેર છે કે કલહાંતરિતા ઉદાર મન રાખી પિયુને માફ કરી દે છે જ્યારે ખંડિતા માફ કરતી નથી. એ એમ જ માને છે કે પાપ કરે એને સજા થવી જ ઘટે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ રે! રે! હતભાગી નારી! એ સજા, એ જનમટીપ તો આખરે તારે પોતાને જ ભોગવવી રહી.

કલહાંતરિતાની કરૂણા તમે જોઈ ને? મારું મરાઠીમાં અનુવાદિત થયેલું નાટક યાદ આવે છે. એનું શીર્ષક હતું.

"પાપ કુણાચે શ્રાપ કુણાલા?"

પાપ કોઈ કરે અને શ્રાપ બીજાને લાગે. આવો જ એક બીજો કિસ્સો યાદ આવે છે. પ્રિયતમની બેવફાઈથી વ્યથિત, નિરાશ થયેલી એક યુવતી પોતાના હૈયાનો ભાર હળવો કરવા પોતાની બહેનપણીને ઘેર જવા નીકળી. પરંતુ એના આંગણામાં પ્રવેશ કરતાં જ એણે કેવું દશ્ય નિહાળ્યું?

એની બહેનપણીનો પતિ એને માર મારી રહ્યો હતો. સાંજને સમયે પિયુની વાટ જોઈને એ બેઠી હતી. પિયુ તો આવ્યો પણ સાથે એ જેના આવાસે જતો હતો એ વેશ્યાને પણ સાથે લાવ્યો. પત્નીએ વાંધો લીધો અને ઝઘડો કર્યો. બદલામાં પોતાનું પુરુષાતન દેખાડવા પતિએ એને માર માર્યો.

સખી આંગણામાંથી જ પાછી વળી. એના હૈયાનો ભાર હળવો થયો હતો. એને લાગ્યું કે હું દુઃખી છતાંય મારી બહેનપણીના સંસાર કરતાં વધારે સુખી છું. આ દુનિયામાં આપણા કરતાંય વિશેષ વેદના અને વ્યથા ભોગવતા માનવો વસે છે એ વિચારે પણ આશ્વાસન મળે છે. દુઃખનું સ્થાન આખર તો મન છે.

પરંતુ ફ્રાન્સનો મહાન ફિલસુફ વોલ્ટેર જુદી જ વિચારસરણી ધરાવતો હતો. એ માનતો કે 'સમાન શીલ વ્યસનેષુ સખ્યમ્.' જ્યાં વિચારોની સમાનતા હોય, આદર્શોની એકતા હોય એવા પરપુરુષ અથવા પરસ્ત્રીને પ્રેમ કરવો એ સહજ માનવસ્વભાવ છે. ફ્રાન્સના એક ઉમરાવ-જાદાની પત્ની મારકવીસ દ શેટેલે પર એ મુગ્ધ બન્યો. એ બહુશ્રુત અને પ્રજ્ઞાવાન હતી. અઠ્ઠાવીશ વર્ષની હતી જ્યારે પોતે ચાળીશ વર્ષનો હતો. પણ વિચારોની સમાનતા હોય તો વયનાં કજોડાં જોવાં ન જોઈએ. એ વિદુષીએ ગણિતશાસ્ત્ર અને ન્યુટનનાં સિદ્ધાંતો ઉપર ગ્રંથો લખ્યાં અને ફ્રાન્સ અકાદમી તરફથી એનું બહુમાન થયું. વોલ્ટેર કહેતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'એ તો ફ્રાન્સનું રત્ન છે. એક મહાન નારી જેની એક જ ભૂલ કે એ સ્ત્રી થઈને જન્મી.'

વોલ્ટેરના અમુક લેખો માટે ફ્રાન્સ રાજ્યના અધિકારીઓ તવાઈ લાવ્યા ત્યારે એણે આ વિદુષીને ત્યાં જ આશરો લીધો હતો. વોલ્ટેરની આ માન્યતા પર થોડોક સુધારો કરવો જરૂરી છે. 'સમાન શીલ વ્યસનેષુ સખ્યમ્' માં વાસનાતૃપ્તિ હોવી ન ઘટે નહિ તો ચારિત્ર્યના પાયા જ ડગમગી જાય.

એક વાત એ સનાતન સત્ય છે કે પરસ્ત્રી અથવા પરપુરુષ સાથેના વ્યભિચારથી સંસારમાં તણખા ઝરે છે. એમ કહેવું ઉચિત છે કે એક સ્ત્રી જ બીજી સ્ત્રીની દુશ્મન બને છે. અને જે તણખા ઝરે છે તેમાંથી કેવી આગ પ્રકટે છે તે જોવું હોય તો આવો મારી સાથે.

એક આલિશાન મકાન દેખાય છે. એમાં વસતા શ્રીમંતો કેટલા બધા સુખી હશે? અરે! પણ આ શું? દીવાનખંડના પડદા ઓથે છુપાઈને કોઈ પ્રમદા અંદરની વાતો સાંભળી રહી છે. એના નયનો રક્તવર્ણા છે. ક્રોધને અંગે, ઉના નિઃશ્વાસથી એના ઉર ધબકી રહ્યાં છે. એ છે શ્રી દેશી નાટક સમાજે રજૂ કરેલ મારા નાટક "મા બાપ" ની નાયિકા માધવી. એનો પતિ અભય કેબેરેમાં નૃત્ય કરતી મોનિકામાં મુગ્ધ બન્યો. એ નૃત્યાંગના આજે એને ઘેર પધારી છે. છાનામાના એમની વાતો સાંભળજો.

'અભયકુમાર! વાહ રાજા! ખરા છો તમે પણ. ડાન્સિંગ કલબમાં તો આવ્યા પણ મને મુદ્દામાલ આપ્યા વગર જ ચાલ્યા ગયા?'

'આવતી કાલે હું તારે ત્યાં આવીને આપી જઈશ. તું અહીં શા માટે આવી?'

'ના. રાજાજી! અમારી કલબનો કાયદો છે આજે રોકડા કાલે ઉધાર.'

'એટલો મારામાં વિશ્વાસ નથી?'

'અમારું ધામ જ એવું છે કે ઘરના માણસોને અંધારામાં રાખી લોકો બહારનો ઉજાસ મેળવવા અમારે ત્યાં આવે છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાં માધવીએ દીવો કર્યો. અભયે કહ્યું :

'અરે ! આ દીવો કોણે કર્યો ?'

'મેં કર્યો. હવે તમે દિલમાં દીવો કરો.'

'અભયકુમાર કોણ છે આ સ્ત્રી ?'

'એ તો હું તને પૂછું છું કોણ છે તું અને મારા ઘરમાં શા માટે આવી છે. ?

'માધવી ! કોની સામે શું બોલવું તેનું તને ભાન છે કે નહિ ?'

'પૂરેપૂરુ ભાન છે. હવે એક પરાઈ સ્ત્રી સામે તમારા પાપનો પડદો ઉંચકીશ એ તમને ગમશે ખરું ? અજવાળું ખોળવા તમે આ અંધારાની ઓસરીએ જાઓ છો ?'

'તમે પણ સાંભળી લો ગૃહલક્ષ્મી ! ગૃહદેવતાને રીઝવવાની આવડત સ્ત્રીમાં ન હોય ત્યારે જ આવા રંગરસિયા અમારી ઓસરીએ આવે છે. આનંદનો પ્રકાશ ખોળવા.'

'એને તું પ્રકાશ કહે છે ? એ તો અગનઝાળ છે જ્યાં તુજ સમી સ્ત્રી આખું ઘર પ્રજાળે છે. પણ આ બધું તને કહેવાનો શો અર્થ ? આંધળીની આંખે પાટા બાંધો તોયે શું, ન બાંધો તોયે શું ? એ ખરો પ્રકાશ ઝીલવાનું તારું ગજું નથી.'

'અભય ! આ મારું અપમાન છે. મારી રકમ મારે ત્યાં પહોંચતી કરજો.'

અભયથી સહેવાયું નહિ અને એણે માધવીને લાત મારી..

'મારા મહેમાનનું આવું અપમાન ?'

'અપમાન તો મારું થયું છે. એક હલકટ સ્ત્રી મારે માટે ગમે તેવા શબ્દો બોલી ગઈ અને એના દેખતાં તમે મને લાત મારી ? પણ આ લાત તમે તમારા ભાગ્યને જ મારી છે. પરાયો માલ મીઠો લાગે એટલે ઘરની લક્ષ્મીને લાત મારી છે. પણ એટલું યાદ રાખજો. લક્ષ્મી ચંડિકા પણ બની શકે છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : નવમું

ખંડિતા

કલહાંતરિતા અને ખંડિતાની અવસ્થા પાસે પાસે છે. બન્નેના પતિ પરસ્ત્રીમાં મોહિત છે. બન્ને વચ્ચે ભેદ એટલો જ છે કે કલહાંતરિતા ઝઘડો કરી પાછળથી પસ્તાય છે અને પતિને શરણે જાય છે જ્યારે ખંડિતાને પશ્ચાત્તાપ થતો નથી. પતિ જ પત્નીની ક્ષમા યાચી એને શરણે જાય છે.

નાયિકાભેદના ઘણા ગ્રંથોમાં રાતે ઘેર આવતા પતિના શરીર પર શોક્યના નખક્ષત અને ઓષ્ટ ઉપર થયેલા દંત પ્રહારની નિશાનીઓ જોઈ પત્ની સમજી જાય છે. પતિ એ નિશાનીઓ છુપાવવાનો પણ પ્રયત્ન કરે છે. કિન્તુ શોક્યના અંગરાગની સુગંધ પતિના કપડાં પર લાગી હોય છે અને ચોરી પકડાઈ જાય છે એટલે ખંડિતા પતિને પાસે પણ આવવા દેતી નથી અને ધુત્કારી કાઢે છે:

કાહે અબ તુમ આયે મેરે દ્વારે
મીઠી મીઠી બતિયાં કરો ન તુમ
સોતન સંગ જાગે, રસ ફાગે
વહીં જાઓ જીનકે છતિયનસોં લાગે—

ભરતે ખંડિતાની વ્યાખ્યા આપી છે :

વ્યાસાંગાદુચિતે યસ્યાઃ
વાસકે નાગતઃ પ્રિયઃ ।
તદનાગમદુઃખાર્તા
ખંડિતા સા પ્રકીર્તિતાઃ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

खण्डिता

व्यासङ्गादुचिते यस्याः वासके नाग(तः) प्रियः ।
वदनागमनार्ता तु खण्डितेस्यभिधीयते ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કામેષણા વિશે ફ્રોઈડે વિશિષ્ટ સિદ્ધાંતો બતાવ્યા છે. શૈશવાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી ભોગેચ્છાઓનું સૂક્ષ્મ પૃથ્થકરણ કર્યું છે. જ્ઞાન, લાગણી અને પ્રયત્ન એ ત્રિવિધ પ્રક્રિયાઓનું મૂળ પણ ભોગેચ્છાઓ છે. જ્યારે તે સક્રિય હોય છે ત્યારે તુષ્ટિ માટે બહાર પ્રયત્ન આદરે છે સંવેદના, વાસના, આવેગો બધાનો અનુભવ જ્ઞાનપૂર્વક થાય તેને સંપ્રજ્ઞાત અવસ્થા (કોન્શિયસનેસ) કહે છે. એની આડે આવતા વિઘ્નોમાંથી માર્ગ કાઢવા બુદ્ધિ પ્રવર્તે છે. પરંતુ જેમ ભોગેચ્છાઓનું પરિબળ વધારે તેમ બુદ્ધિનો વિકાસ ઓછો રહે છે. ભોગેચ્છાઓનું નિયંત્રણ કરીને બુદ્ધિ વિકસે છે. પ્રાણીઓમાં પશુ પંખીઓમાં ભોગેચ્છાઓનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. તેથી જ તેઓ મંદબુદ્ધિના હોય છે. મનુષ્યમાં પણ જ્યારે ભોગેચ્છા વાસનારૂપે સંપ્રજ્ઞાતપણે વ્યક્ત થાય છે ત્યારે એક પ્રકારની તાણ વર્તાય છે અને શરીરમાં એક પ્રકારનો જોશ ઉત્પન્ન થતાં મનુષ્ય પાપ કરવા પણ પ્રેરાય છે.

આ જ કારણે પેલી ઉક્તિ શોધાઈ છે: 'કામ ન જુએ જાત કુજાત'

ખંડિતા નાયિકાના કેટલાંક રૂપ અમરૂ–શતક' માં સુંદર રીતે આલેખાયાં છે.

પિયુને તેડવા મોકલેલી દૂતી પોતે જ પિયુ સાથે રમણ રમી આવી અને નાયિકા પ્રત્યે ખોટું બોલી.

'હું લાલાજી પાસે જઈ આવી. મેં તેમને બહુ વિનવ્યા પણ તે તે ન આવ્યા.'

એ સાંભળતાં દૂતીના શરીર પરનાં ભોગ–વિલાસનાં ચિહ્નો જોઈ વિદગ્ધ ખંડિતા કહે છે:

'સ્વાર્થી! સખી હોય તે આમ છેહ ન દે. એણે કરેલાં ચુંબનને અંગે તારી આંખના ખૂણાનું કાજળ લૂછાયું છે, મર્દનને કારણે સ્તનમાં પડખાંનું ચંદન લ્હોવાયું છે, અધરપાનને લીધે નીચલા ઓઠની જ લાલી ગાઠી છે અને અદ્યાપિ ક્રીડાના આનંદને લીધે તારા સુકુમાર શરીરે રોમાંચ પણ છવાયાં છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને પિયુ આવે છે ત્યારે એની ચોરી પણ પકડાઈ જાય છે.

લાગ્યો છે અળતો લલાટ,
પડી છે રેખા કડાંની ગળે;
રંગાયું મુખ કાજળે,
દૃગ વળી રોળાઈ છે તાંબૂળે.

મારી જ લખેલી નાટિકા "ખંડિતા" માં આ પ્રેમમયી સુહાસને નિહાળો. એનો પતિ દીપક ચિત્રકાર છે અને નીલાનું ચિત્ર દોરતાં એના પ્રેમમાં પડ્યો. સુહાસ પોતાના બન્ને બાળકો પર વહાલ ઠાલવતી ઘરને સાચવતી પરંતુ નીલા શ્રીમંત હતી. રમકડાં અને સારું સારું ખાવાનું મળતાં બાળકો પણ દીપક સાથે નીલાને ઘેર આખો દિવસ રહેતાં. સુહાસ તદ્દન એકાકી બની ગઈ. ઘરની ચાર દીવાલો હવે એને ખાવા ધાતી. સહિષ્ણુતાની માત્રા અસહ્ય બની ગઈ એટલે અંતરની અગનઝાળ બહાર આવી.

"એ જ્યારથી મારા ઘરમાં આવી, રૂપના ભડકા લઈ ને પ્રવેશી ત્યારથી મારો સંસાર સળગી ગયો. એને કોઈ હક નથી. તમારા જ દોરેલા આ ચિત્રને જુઓ સ્ત્રીના હૈયામાં સમાયેલી અકથ્ય વેદનાના ભાવ મૂંગા ભાવ આલેખી શકો છો પણ તમારા ઘરમાં જ જીવતી-જાગતી વેદનાની મૂર્તિ મૂકભાવે બેઠી છે તે તરફ દૃષ્ટિ કરવાનીયે તમને નવરાશ નથી? જે યાતના હું સહી રહી છું એ આપણા ઘરની આ નિર્જીવ વસ્તુઓને વાચા હોત તો તમને કહી સંભળાવતે. ઘરના ઠામ વાસણોમાં મારા રૂદનના પડઘા છે, ચૂલામાંનો અગ્નિ એ મારા અંતરનું તપન છે અને પવનના સૂસવાટા એ મારા નિશ્વાસ છે. એમ લાગે છે કે વિધાતા લાખ લાખ જીભે મારા પર હસી રહી છે. તમે મારાં ન રહ્યાં. અરે! મારા બાળકોને પણ માતાના હૈયેથી છીનવી લીધાં હવે મારે કોને માટે જીવવું? સંભાળો તમારું આ ઘર. આ ઘરની એક વસ્તુએ મેં લીધી નથી. એટલીયે યાદ, એ માયા શા કાજે?

અને સુહાસ ચાલી ગઈ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

प्रोषितभर्तृका

गुरुकार्यान्तरवशाद्यस्या विप्रोषितः प्रियः।
सारुडालकके शान्ता भवेत्प्रोषितभर्तृका ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : દશમું

પ્રોષિતપતિકા

નાનાકાર્યાણિ સન્ધાય
યસ્યાઃ વૈ પ્રોષિતપ્રિયઃ ।
સા (પ્ર ?) રુઢાલકકેશાન્તઃ
ભવેત્ પ્રોષિતભર્તૃકા ॥

જેનો પતિ કોઈ કારણુસર પરદેશમાં વસતો હોય તેના વિરહમાં ઝૂરતી સ્ત્રી તે પ્રોષિતભર્તુકા અથવા પ્રોષિતપતિકા.

પિયુ પરદેશ સિધાવે એ પહેલાં બિહારીએ સતસઈમાં સુંદર કલ્પના કરી છે. પોષ મહિનો છે અને પિયુને પરદેશ જવાનું થયું. એની આગલી રાતે પ્રિયા પિયુને રીઝવવા ગીત ગાય છે. સાથે બીન વગાડે છે.

પુસ માસ સુનિ સખિનુ યૌ
સાંઈ ચલત સવારુ
ગ્રહિ કર બીન પ્રબીન
ગાઈ રાગ મલ્હારુ

મલ્હાર રાગ તો હંમેશ વર્ષાઋતુમાં ગવાય એવો નિયમ છે પરંતુ નાયિકાએ પોષ માસમાં મલ્હાર છેડ્યો.

શા કાજે ?

એને શ્રદ્ધા છે મલ્હાર ગાવાથી વરસાદ વરસીને શ્રાવણનું દૃશ્ય ખડું કરશે. વર્ષા વિરહનો અનુભવ કરાવે છે. પ્રિયતમને પણ એ વિરહની પ્રતીતિ થશે અને પરદેશ જવાનું માંડી વાળશે પરંતુ....

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ન તો વરસાદ વરસ્યો
ન તો પિયુ રોકાયા.

અને પછી....ખરેખરો શ્રાવણ માસ બેઠો. વિરહની વેદના અગન જલાવી રહી.

એ જ પ્રોષિતપતિકા.
એ જ બીન
પણ ગીત જુદું
સાવન આયો આજ
પાયો ના સંદેશ વાકો
ઉન બિન ભઈ હેરાન
ખુંદન ઝરન લાગે

અને એની દશા ?

નીર-સોં ધીર સમીર લગૈ
બૂઝિ હુ બોલતિ નાહિ
ચંદ-ઉદૌ લખિ ચંદ્રમુખી
મુખમંદ હૈ મંદિર માહી
ભરતિ ઉસાસનિ દગ ભરતિ
કરતી ગેહ કે કાજ
પલ પલ પર પીરી પરતિ
પરી લાજ કે રાજ —

કાળનો પ્રવાહ તો વહી ગયો પરંતુ સ્મૃતિપટ પર એ પ્રવાહ જાણે પાછો વળે છે. યમુનાના શ્યામલ નીરની તરંગમાલા પર તરતી મૂકેલી દીવડીઓ જાણે પાછી વળી રહી છે અને એ અકેક દીવડી પર અકેક દૃશ્ય દેખાય છે.

ઘરમાં કશીક હલચલ મચી છે. માને પૂછતાં હળવેકથી પરંતુ વહાલથી માથે ટપલી મારી કહ્યું :

'આજે તારો થનારો વર આવવાનો છે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વર! એ શબ્દ સાંભળતાં જ મુખ ઉપર શરમના શેરડાં પડે છે અને બારણાની પાછળ લપાઈને વરને નિહાળ્યો ત્યારે એકી ટશે જોઈ જ રહી. પછી લગન ટાણે ગોર મહારાજે હથેવાળો મેળવ્યો ત્યારે પિયુના પ્રથમ સ્પર્શે સારાયે શરીરમાં ઝણઝણાટી ફેલાવી, જાણે સરરર કરતી વીજળી દોડી ગઈ. અને પછી મધુરજનીની રાત! લજ્જા, ભય, સંકોચ ત્રણેયે જાણે એક સાથે હલ્લો મચાવ્યો. પણ પછી?

ભાળ્યો દામણી દૃષ્ટિએ
વીનવિયો બેએ કરો જોડીને
વાર્યો વસ્ત્ર ગ્રહી રહી જ
પકડી રાખ્યો ભુજે ભીડીને

અને એ રોમાંચ, એ આનંદસમાધિનું વર્ણન કરવું અશક્ય છે.

એવી તે કેટલીયે મધુર સ્મૃતિઓ સ્મરણ પટે ચડે છે અને એ સ્મૃતિઓ જેટલી મધુર તેટલી જ વિરહદશામાં દુઃખદાયક બને છે.

જેવી રીતે પ્રોષિતપતિકાની આ દશા છે તે જ પ્રમાણે અમરૂશતકમાં પરદેશ વેઠતા પિયુની વિરહદશાનું વર્ણન આપ્યું છે:

ગુંજે મંજુલ મ્હો ભરી
મધુકરી ઝાઝા પરાગે નહીં,
એવી આમ્રની મંજરી
ઘરતણી વાડી વિશે હા! રહી,
દૃગો દાબી મુખે મુંગે,
ધડકતે ઉર ઉસાસ ભરી;
જાણ, રાંકડી રોય એ
પટતણા છેડે વપુ આવરી.

અહીં નાયિકાગત આવેગ ભાવનું પ્રદર્શન છે, દૃગ ઉપજવો એ અનુભાવ છે, પિયુનો વિયોગ એ આલંબન, આંબાને મહોર આવવો એ ઉદ્દીપન છે. વેપથુ, અશ્રુપાત, વૈવર્ણ્ય એ સાત્વિક ભાવ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : અગિયારમું

વિપ્રલબ્ધા

તસ્માદ્દ્ભુતાં પ્રિયઃ પ્રાપ્ય,
ગત્વા સંકેતમેવ વા; ।
નાગતા કારણે નેહ,
વિપ્રલબ્ધા તુ સા મતા ॥

ભરતે વિપ્રલબ્ધાની વ્યાખ્યા ઉપર મુજબ કરી છે : સંકેત કરેલા સ્થળે પ્રિયતમ ન આવે એને કારણે જે દુઃખી થાય તે વિપલબ્ધા.'

સંકેત સ્થળે જવા પૂર્વ સુંદરી સુંદર દેખાય એ માટે શણગાર સજીને જાય છે. માત્ર પુરુષોની નજરે જ નહિ પરંતુ સ્ત્રી પોતાના સૌન્દર્ય પર પણ મુગ્ધ થાય છે. બ્રહ્માએ ઘડેલો નારીનો એ દેહ ! એમાંયે નવલ કુસુમ મંજરી મ્હોરી હોય તો પૂછવું જ શું ? અરીસો એનો સાથી બને છે. એમાં પોતાને નિરખતાં સ્ત્રીને લાગે છે કે જગતના સાહિત્ય અને કાવ્યનો મુખ્ય વિષય તે સ્ત્રીનું સૌન્દર્ય જ છે.

મહાકવિ કાલિદાસ 'ઋતુસંહાર'માં એ શણગારનું વર્ણન કરે છે,

ઉરમંડલ પર ધવલ ચંદને,
ભીના મૌલિક હાર લસે;
ભુજ પર બાજુબંધ કડાંઓ,
જઘને કટિ–કંદોરા કસે.
મન્મથ પીડિત માનસવતી
સ્ત્રીઓ નિતંબિની મલપંતી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विप्रलब्धा

तस्त्राद्भूतां प्रियः प्राप्य गत्वा सङ्गतमेब वा ।
नागत : कारणेनेह बिप्रलब्धा तु सा मता ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરંતુ કોઈ ગરીબ ઘરની વધૂ હોય તો ?

પુષ્પવેણીની ભભક ભરેલા,
દીર્ઘ કેશ નિતંબે ઢળે;
કુસુમહાર હિંડળના સ્તન પર,
એ લલના મુખમધુ વડે.
વિલાસીઓને મન ભાવે
પૂર્ણ પ્રીતિ ઉર પ્રકટાવે.

મહાકવિએ પૂર્ણ પ્રીતિ કહી છે. સપ્તપદીના સાત પગલાં ભરતાં, સપ્ત સૂરોનો સંવાદ સાધી, સપ્ત સિંધુ અને સપ્ત લોક સાથે પાર કરવાં છે. એવી પ્રેમાળ પત્ની તો એમ જ ઇચ્છે છે કે એનો પતિ સદા એની પાસે જ રહે. આ સંબંધમાં 'વ્યતિરેક અલંકાર વ્યંગ્ય' દાખવતો દાસકવિનો એક સરસ દુહો છે. રાધા પોતાની સખીને કહે છે :

સખી તેરો પ્યારો ભલો
દિન ન્યારો વ્હૈ જાત
મોતે નહિ બલવીરકો
પલ બિલગાવ સુહાત.

'હે સખી ! તારો પ્રિયતમ તો ભલો છે કે દિવસે તારાથી જુદો થઈ જાય છે પરંતુ મારો કનૈયો તો પળભર માટે પણ મને છોડતો નથી.'

વ્યંગમાં રાધિકાજી એમ કહેવા માગે છે કે તારા કરતાં હું કેટલી બધી ભાગ્યશાળી છું. આવું સૌભાગ્ય જેના જીવનમાં હોય પછી તેને વિપ્રલબ્ધાનો અનુભવ થાય તો તેને જીવન કેટલું દોહ્યલું લાગતું હશે એવી વિરહિણીને એની સખી સમજાવે છે કે

'હે મુગ્ધે ! તારું યૌવન આમ ભોળપણમાં શા માટે વીતાવી રહી છે ? એથી તો તારો પ્રિયતમ તારા વશમાં નહિ રહે. એ વશીકરણ માટે તો રૂસણાં લે, માનભંગ ન થતી અને પ્રિયતમ પ્રતિ જે સરલતા છે તેનો ત્યાગ કર.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યારે ભયભીત મુદ્રાથી નાયિકા બોલી,

'સખી! ધીરે બોલ, મારા હૈયામાં બેઠેલા મારા પ્રિયતમ ક્યાંક સાંભળી લેશે.'

આ મધ્યા વિપ્રલબ્ધા છે. પ્રૌઢા વિપ્રલબ્ધા પદ્મમાકર આ પ્રમાણે આલેખે છે :

સુખન સુ બિંબ લગ્યો
દુષન કદંબ લગ્યો;
મોહિ ન વિલંબ લગ્યો
આઈ ગેહ તજી કૈ,
મીંજન મયંક લગ્યો
મીન હુ ન અંક લગ્યો
પંક લગ્યો પાયનિ
કલંક લગ્યો બજિ કૈ

હે કહાન! જરાયે વિલંબ કર્યા વગર ઘર છોડીને હું તારા મિલન માટે આવી પણ તું ન આવ્યો. આ ચાંદો પણ મને ફિક્કો લાગે છે, કદંબમાં દુષણ દેખાય છે – અર્થાત્ અનુરાગનાં મીઠાં સ્મરણો જગાવે છે ને સંતાપ થાય છે. જેવી રીતે આ વિકટ માર્ગે આવતાં મારા પાયલે કાદવ લાગ્યો છે તે પ્રમાણે જો કોઈ મને જોઈ ગયું તો મારા પર કલંક લાગશે.

શ્રી મમ્મરાચાર્ય કાવ્યપ્રકાશમાં અપહ્નુતિ અલંકારથી સુંદર કલ્પના કરે છે. નદી કિનારે લતાકુંજમાં મિલનનો સંકેત કરવા છતાં પિયુ ન આવ્યા એટલે હતાશ થઈ નાયિકા પાછી ઘર તરફ વળી ત્યાં એને અણસાર મળ્યો કે પ્રિયતમ તો લતાકુંજમાં પધાર્યા છે. હવે પાછું જવું છે પણ ઘરમાંથી સાસુનણંદ જુએ છે. પાછું વળાતું નથી પણ નાયિકા ચતુર છે, ઘરમાં દાખલ થતાં બારણા સાથે અથડાઈ ઘડો પાડી નાખે છે અને ઘડો ફૂટી જતાં પાણી ઢાળાઈ જાય છે. હવે બીજો ઘડો લઈ પાણી ભરવા તો જવું જ પડશે અને એ બહાને જાય છે. એ શ્લોકની નીચે મમ્મટ બીજું પણ નોંધે છે કે સાસુનણંદ ઘરમાં ન હોય તો સખી નાયિકાની પરિસ્થિતિ સાચવી લે છે અને કહે છે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'હું તારી સાસુને કહીશ કે ઘડો ફૂટી જતાં વહુ ફરી પાણી ભરવા ગઈ છે.'

આ શ્લોકમાં ચમત્કૃતિ એ છે કે શરૂમાં વિપ્રલબ્ધા નાયિકા છે અને એ અવસ્થા પૂરી થતાં અભિસાર મંડાય છે અને એ અભિસારિકા બની જાય છે.

વિપ્રલબ્ધાની કરૂણા તમે જોઈ ? એ વિરહ દશાને વિપ્રલંભ શૃંગાર પણ કહે છે. પરંતુ કરૂણ અને વિપ્રલંભ શૃંગારની સ્થિતિના વિષયમાં ક્યારેક ભ્રમ પણ થાય છે. ભ્રમની સંભાવના મુખ્યતઃ પ્રેમીઓના વિયોગની અવસ્થામાં રહેલી છે, એ વિયોગ બે પ્રકારનો છે.

૧. સ્થાયી વિયોગ.

૨. અસ્થાયી વિયોગ.

બન્ને પ્રેમીઓના જીવનકાળમાં કોઈ પણ કારણને લીધે થોડા સમય માટે વિયોગ થાય તે અસ્થાયી વિયોગ અને વિપ્રલંભ શૃંગારની વ્યાખ્યામાં આવે છે. પરંતુ બન્ને પ્રેમીઓમાંથી કોઈનું મૃત્યુ થઈ જાય તો તે સ્થાયી વિયોગ કહેવાય જેમાં ફરી મિલનની ઘડી ક્યારે પણ પ્રાપ્ત થતી નથી. અને તે કરૂણરસની સીમામાં આવે છે. આ પ્રમાણે જ્યાં સુધી પ્રેમીઓના વિયોગનો સંબંધ છે તેમાં વિપ્રલંભ શૃંગાર અને કરૂણરસની લક્ષ્મણરેખા મૃત્યુ છે.

સંસ્કૃત નાટકોમાં એના ઘણાં ઉદાહરણો મળે છે. તેમ છતાં એવા પણ પ્રસંગો આલેખાયાં છે કે મૃત્યુ થયા પછી પણ બન્ને પ્રેમીઓનું પુનર્મિલન શક્ય બને છે. અથવા તો વસ્તુતઃ મૃત્યુ થયું ન હોય પણ એકના મૃત્યુ પામ્યાના સમાચાર મળ્યા હોય અને બીજા પાત્રને આઘાત લાગે. આ બન્ને અવસ્થાઓ પણ કરૂણરસની દ્યોતક છે. અને જ્યારે પુનર્મિલન થાય છે ત્યારે તે પૂર્વની અવસ્થાને કરૂણવિપ્રલંભ શૃંગાર નામ અપાયું છે જેમ કે સાહિત્ય દર્પણકારે લખ્યું છે:

યુનોરેકતરસ્મિન ગતવતિ
લોકાન્તરં પુનર્લભ્યે ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિમનાયતે યદૈકસ્તદા
ભવેત કરૂણવિપ્રલંભઃ ।।

મહાશ્વેતા કાદંબરીમાં એવો પ્રસંગ છે પુંડરિકનું મૃત્યુ થતાં મહાશ્વેતા અને કપિંજલ વિલાપ કરે છે. નાટયકાર કવિચિત્રકાર ફુલચંદ માસ્તરે પ્રથમ અંકના ચોથા દશ્યમાં એના સંવાદો લખ્યા છે. દરમિયાન કોઈ દિવ્ય જ્યોતિ પુંડરિકના મૃત શરીરને ઉઠાવી લઈ જાય છે અને મહાશ્વેતાને આકાશવાણી સંભળાય છે કે તારા પ્રિયતમ સાથે પુનઃ તારું મિલન થશે. આ આકાશવાણી પૂર્વે મહાશ્વેતાનો વિલાપ એ સ્પષ્ટપણે કરૂણરસ છે. ત્યારબાદ મિલનની આશાને વિપ્રલંભ શૃંગાર કહી શકીએ. એ બન્ને પ્રસંગો મળી કરૂણ–વિપ્રલંભનો પ્રયોગ થયો.

પરંતુ મમ્મટાચાર્યે 'કાવ્યપ્રકાશ'માં કરૂણ અને વિપ્રલંભ વચ્ચે કોઈ ભેદ માન્યો નથી. એમના મતે તો આ કરૂણરસ જ છે. આકાશવાણીની પશ્ચાદની ભૂમિકા એ માત્ર કવિની કલ્પના છે. વસ્તુતઃ અંત સુધી કરૂણરસ જ વહે છે. વ્યવહારમાં એ માની લીધેલું મૃત્યુ છે. અને પુનર્મિલન એ અદ્ભુતરસમાં પરિણમે છે.

મહાકવિ ભવભૂતિના નાટક 'ઉત્તરરામચરિત' માં પણ એનું ઉદાહરણ મળે છે. શ્રીરામના આદેશથી ગર્ભવતી સીતાને લક્ષ્મણ જંગલમાં છોડી આવે છે. ત્યારબાદ શ્રીરામને એમ જ લાગે છે કે જંગલના વિકરાળ હિંસક જનાવરોએ સીતાને મારી નાખી હશે એ યાદ કરતાં શ્રીરામે જે કરૂણ વિલાપ કર્યો તે પથ્થર હૃદયને પણ પીગળાવે તેવો છે.

'અપિ ગ્રાવા રોદિત્યપિ દલતિ વજ્રસ્ય હૃદયમ્.'

આ વિલાપ પણ શ્રીરામની ધારણા માત્ર ઉપર રચાયો છે. એટલે અહીં કરૂણ નહિ પરંતુ વિપ્રલંભ જ છે. કારણ કે શ્રીરામને સીતા મિલનની આશા તો છે જ. આ નાટકમાં સ્વયં શ્રીરામના મુખમાં ઉક્તિઓ મૂકી છે.

'ઉપાયાનાં ભાવાદવિરલવિનોદ વ્યતિકરૈ....વગેરેમાં સ્પષ્ટ થાય છે.

સાહિત્યદર્પણકાર કરૂણ અને વિપ્રલંભનો ભેદ બતાવતાં લખે છે કે :

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'કરૂણરસનો સ્થાયિભાવ શોક છે અને વિપ્રલંભશૃંગારનો સ્થાયિભાવ રતિ છે. કારણ કે તેમાં પુનર્મિલનની આશા સ્પષ્ટપણે વર્તાય છે.

ભરતમુનિએ વિપ્રલંભને સાપેક્ષ અર્થાત્ આશામય અને કરૂણને નિરપેક્ષ અર્થાત્ નિરાશામય રસ કહ્યો છે.

આ તો માત્ર કરૂણ રસ અને વિપ્રલંભ શૃંગારનો ભેદ બતાવવા પૂરતું જ સ્પષ્ટીકરણ કર્યું બાકી બન્ને પ્રેમીઓમાંથી એકનું ખરેખરું મૃત્યુ થાય એ પછીની વિરહદશા એ માત્ર કરૂણરસ જ છે.

માટે જ પ્રિયતમ ન આવતાં વિપ્રલબ્ધા હતાશા, નિરાશા અનુભવે છે. કરૂણા નહિ. દેવર્ષિ શ્રીકૃષ્ણભટ્ટ 'લાલ' એમના ગ્રંથ "શૃંગાર રસ માધુરી"માં એવી જ એક વિપ્રલબ્ધા નાયિકાની વ્યથા આલેખે છે.

ઘોર ઘટા ઘુમડી ચહુ ઓરનિ,
દીર્ઘ દામિન દેત દેખાઈ;
ભાદવકી અતિ કારી નિશા,
ભયભારી લગૈ અંધિયારી છાઈ;
બાલ ગઈ ઉહિ કેલિ કે કુંજ,
તહાં ન લખૈ વ્રજરાજ કન્હાઈ,
તા સમેં પાવસ પાવક મેં,
રતિરાજ ચમુ હુ સમુહાનિ ધાઈ.

આ પંક્તિઓમાં ભાદરવાની ઝડીઓ, વાદળના ગડગડાટ, વીજળીનું અટ્ટહાસ્ય, આંધિને પણ ન ગણકારતાં બાલા સંકેત પ્રમાણે પિયુને મળવા જાય છે પણ કનૈયો ક્યાંય દેખાતો નથી. અહીં પ્રણયની ઉત્કટ ઝંખના છે કે પ્રતિકુળ વાતાવરણ હોવા છતાં ગોપી જાય છે પણ વર્ષાની શીતલતા અગન સમી લાગે છે. કામદેવ એના સર્વ શસ્ત્રો સાથે ધાઈ એને અકળાવે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : બારમું

માનીની

અષ્ટ નાયિકાઓના પ્રકારો, ભેદો, પ્રભેદો, એમના જીવનસાથી અથવા મનનાં માનેલા મનમોહન સાથેના પ્રણય ફાગ, રૂસણા, મનામણા, રસાનંદ અથવા આઘાતનાં દર્શન આપણે કર્યાં, પણ એમાંની કેટલીક એમના વૈશિષ્ઠને કારણે એક નિરાળું વ્યક્તિત્વ ધરાવે છે. જરીક એમના એ પાસાંને પણ પરખીએ.

માનીની

માનીની, મુદિતા, લક્ષિતા, દેવશીલાંગના, આસૂરી, ગંધર્વસત્વા, રાક્ષસશીલા, કુલટાનાં લક્ષણો લાક્ષણિક અને અનોખા છે.

માનીની એ માનગર્વીતા છે. જેના નેત્રમાં પોતાના વર્ચસ્વનો ખુમાર છે, એ વર્ચસ્વ ઉપર પ્રહાર થાય તો એ નેત્રો અરૂણવર્ણા બની જાય છે, એનું મસ્તક સદાયે ઉન્નત રહે છે. જેની વાચામાં સત્તાના શોલા ભડકે બળે છે. એવી જ એક માનીની સાક્ષરવર્ય કનૈયાલાલ મુનશીની નવલકથા 'પૃથિવીવલ્લભ' માં તૈલંગણની અધિષ્ટાત્રી મૃણાલવતી. વૈરાગ્યનાં વાઘાં સજ્યાં છે. સંયમની શ્રૃંખલાથી દૈહિક સુખોને બાંધ્યા છે પરંતુ આખર તો માનવહૃદય, પ્રણયની આલબેલ વાગે છે અને વાઘણ સમી એ વનિતા વશ થઈ જાય છે. મેં અને પ્રા. મધુકર રાંદેરિયાએ એ નવલકથાને નાટ્યરૂપ આપ્યું. એમાંના એક દ્રશ્યમાં એ માનીનીનાં માન માલવાધિરાજ મુંજ પાસે કેમ ગળી ગયાં તે જોઈએ. મુંજરાજને કારાગારમાં બંદીવાન બનાવ્યો છે. મનોનિગ્રહ એજ જીવનની સાર્થકતા છે એનો બોધ આપવા આવી છે. મુંજ પણ એ જોગ સાધે તો રસરાજની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રસિકતા ઓગળી જશે એમ માને છે. પરંતુ કારાગારની કાળી દીવાલો-માંયે એના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વના ઓજસ અને મૃણાલને જોતાં એણે સ્નેહભર્યું સ્મિત કર્યું એ જોઈ મૃણાલને ક્ષોભ થયો. આખર તો એ પરકીયા ! મુંજરાજને એકલાં મળવા આવવાનું પાપ તો એણે કર્યું હવે કદાચ પગલું ચૂકી જવાય તો ? એ પાછી વળતી હતી ત્યાં મુંજની અમૃતવાણી સંભળાઈ.

'મૃણાલવતી ! આવ્યા જ છો તો જરા ઊભા તો રહો. તમારું રૂપ તો જોવા દો. મેં તેના ઘણાય વખાણ સાંભળ્યાં છે !'

'પાપી ! આવી અધમતામાંયે શું બોલવું તેનું તને ભાન નથી.'

'અધમતા ! અધમતા કેવી ?'

'પૂછ તારી કીર્તિને, પૂછ તારા કવિઓને, પૂછ તારી સેનાને.'

'મારી કીર્તિ સાંભળીને તો તૈલપની તપસ્વીની બહેન અહીં ખેંચાઈ આવી. મારા કવિઓથી તો મને જોવાનો તમને મોહ થયો. મારી સેનાના પ્રતાપથી અંજાઈ તમે મને પકડવાનો પ્રયત્ન કર્યો.'

'રાક્ષસ ! તું જાણે છે તેં શા પાપ કર્યાં છે ?'

'મારે મનફાવતું સદા મેં કર્યું છે તેમાં પાપ શું ?'

'મનફાવતું કરવું તે પાપ નહિ ? તેમાં જ સદેહે તું નરક ભોગવે છે.'

'એ તમારો ભ્રમ છે. અમે તો મસ્ત અને મનસ્વી માનવીઓ. અમારે દુઃખ શું ને સુખ શું ?

કવચિદ ભૂમૌશાયી
કવચિદપિ પર્યંકશયના ।
કવચિદ કંથાધારી
કવચિદપિ દિવ્યાંબરધરઃ ।।

'આ જુઠાણું મારી આગળ ચાલશે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'મારે જૂઠું શા માટે બોલવું જોઈએ ?'

'તારી અધમતા છુપાવવા ?'

'અધમતા ક્યાં છે ? હું તો હતો એવો જ છું'

'કોણ ?'

'પૃથિવીવલ્લભ.'

'પૃથિવીવલ્લભ તો એ બેઠો મહેલમાં.'

'કોણે કહ્યું ?'

'આખી દુનિયાએ.'

'તો દુનિયા જખ મારે છે. જે સુખ હું મારા પ્રાસાદમાં માણતો હતો તે આ કારાગારમાં પણ અનુભવું છું. જે આનંદ હું વિજયમાં અનુભવતો હતો તે હું પરાજયમાં પણ માણું છું. પૃથ્વીનો જેવો વલ્લભ જ્યારે હતો તેવો આજે પણ છું જ્યાં સુધી મારી વલ્લભતા કાયમ છે ત્યાં સુધી તૈલપ અને તપસ્વિની તમે પણ ઝાંખા લાગો છો.'

'હું ઝાંખી લાગું છું ? શું બકે છે ?'

'ગુસ્સો ન કરો મૃણાલ ! જો કે ગુસ્સામાં પણ તમે વધુ સુંદર લાગો છો.'

'બંધ કર તારી જબાન.'

'સુંદરી ! આ ચંચલ જીવન શા માટે જતું કરો છો ?'

'મને તારો બોધ ન જોઈએ.'

'એમાં તો આવાં જ રહ્યાં. મારો બોધ લીધો હોત તો આ સાદાં વસ્ત્રો પહેરી આવરદા એળે ન ગુમાવત.'

'ને તેં શું કર્યું છે ?'

'સૃષ્ટિનો રસ ચાખતાં નથી એક પણ પળ મારી દુઃખમય ગઈ, ન તો એક પ્રસંગ જીવનનો લહાવો લીધા વગરનો ગયો. તમે એવું જીવન ભોગવ્યું છે મૃણાલ ? જ્યારે એ રસ ભોગવવાની શક્તિ જશે ત્યારે તો જુદી વાત. અત્યારે તો હું જ છું પૃથિવીવલ્લભ.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'મુંજ, ત્યારે તું મને ઓળખતો નથી.'

'પાપીના સંબોધન ઉપરથી તું પર આવ્યા મૃણાલ, મારે તમને ઓળખવા પણ નથી. જેવા છો તેવા મારે મન પૂરતાં છો. માનભંગ થયેલા માનુની ! મને વશ કરવા આવ્યા પણ પોતે વશ થઈને જાઓ છો.'

'તું મને વશ કરવા માગે છે ?'

'ના. તમે વશ થવા ઇચ્છો છો. મારી પાસે આવવાની ભૂલ કરી એ ભૂલ ફરી ફરી કરવા લલચાશો.'

'મુંજ, તારામાં સમજવાની અક્કલ નથી. હું તો તારા આત્માનો ઉદ્ધાર કરવા આવી છું.'

'તમે મને શું તારવાનાં ? સત્તામાં પોતાને પૂર્ણ માની બેઠેલાં, અભિમાનમાં ફાલેલાં, જીવનમાં રસ કોને કહેવાય તેથી અજ્ઞાત, તમે મને શું શીખવવાનાં ?

'કેટલું અભિમાન ?'

'અભિમાન નથી મૃણાલ ! મને સિંહણોએ દૂધ પાયાં છે, ગજરાજોએ પવન નાખ્યો છે, મેં રમણીઓના રસભંડાર લૂંટ્યા છે તો લક્ષ્મી સમાન લલનાઓનો શિરચ્છેદ પણ કર્યો છે. શ્રુતિ વાક્યોના ભેદને પામી મેં અધ્યાત્મ તત્ત્વને ઓળખ્યું છે અને કામસૂત્રોને ગુંજતાં શૃંગારરસનો સાક્ષાત્કાર પણ કર્યો છે. એ ફૂલશય્યામાં સમાયેલો આનંદ....'

'બસ કર નહિ તો તારી જીભ...'

'મારી જીભે તો તમારા જેવી કંઈક કામિનીઓ વશ થઈ છે. પૃથિવીવલ્લભના હૃદય પર હૃદય રાખ્યા વિના હવે તમારો આરો નથી.'

'ના....ના.'

'હોઠ ના કહે છે પણ હૈયું આશાભર્યું ઉછળે છે. રગેરગમાં પ્રેમનું નૃત્ય ચાલી રહ્યું છે. મનની પાંખડીએ પાંખડી આક્રંદ કરી રહી છે. મુંજ....મુંજ.'

અને માનીનીનાં માન ઉતરી ગયાં. મૃણાલ મુંજના હૃદયમાં સમાઈ ગઈ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : તેરમું

મુદિતા

પ્રિયતમની વાત સાંભળતાં જેનું મુખડું મલકે, હોઠ પર સ્મિતની લહર લહરાય અને મન કંઈ કંઈ રસાનંદની કલ્પનાઓ કરે તે મુદિતા

ચીતહી સુનિ જો બાતકો
મુદિત હોય જો બાલ,
મુદિતા તાકો કહત હૈ
કવિ મતિરાય રસાલ.

સાધારણપણે સ્ત્રીઓને પ્રિયતમની વાત સાંભળવાનો અનુભવ રોજ અરોજ થતો જ હોય છે. પરંતુ નાયિકાભેદને અનુલક્ષીને જુદા જુદા પ્રકારની નાયિકાઓને વિશેષતા અર્પવામાં આવી છે.

અવિવાહિત મુગ્ધાને કાને આ વાત પડે કે એનું મનડું ભાવિ જીવન અને પ્રિયતમ સાથે આનંદ–પ્રમોદમાં જે રાતો વીતે તેની ભવ્ય કલ્પનાઓ કરે છે. એકલી એકલી પણ એ મુગ્ધા એ વિચારો, એ કલ્પનામાં ખોવાઈ જાય છે અને તે સમયે એના મુખ ઉપર જે ભાવ પ્રગટે છે તે મુદિતાના ભાવ હોય છે.

પરણ્યા પછી એ સ્વપ્ના સાકાર થયા કે નહિ, એનો અનુભવ એને થાય છે. એણે સંસાર માંડ્યો. જીવન એટલે આનંદ અને આઘાતનો સરવાળો. એમાં પણ આનંદ કરતાં આઘાતની સંખ્યા વધારે હોય છે અને એ આઘાતો સ્હેતા સ્હેતા એને એ મુદિતા અવસ્થા, એ મુગ્ધભાવનાં સંભારણા યાદ આવે છે. હોઠો પર આવેલા એ સ્મિતને સંભારી એની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આંખોમાં વિષાદની છાયા પથરાય છે ત્યારે કો કવિ ચિત્રકાર એ બંને ભાવ સંઘરી લે તો એમાંથી જ કોઈ કાવ્યની સ્ફુરણા જાગે છે અથવા તો રંગફલક પર રેખાઓ દોરાય છે.

મધ્યા અને વિવાહિતા નાયિકા હોય, પિયરિયાની પ્રીત હજી પાલવે બંધાઈ રહી છે ત્યાં સાસરેથી આણું તેડવા આવ્યા કે હૈયું હેલે ચડયું અને સૌ પ્રથમ એની આંખો સામે પ્રિયતમની મૂર્તિ આવીને ઊભી રહે છે અને જે ભાવ પ્રકટે તે મુદિતાના ભાવ હોય છે.

પરંતુ સપ્તપદીના ફેરા ફર્યા પછી પાલવડે પ્રીત બંધાઈ હોય ત્યારે પણ પિયુથી થોડીવાર માટે પણ અલગ થતાં કોઈ પ્રિય સખી આવી અને એના પિયુની વાત કરે તો એનું હૈયું હેલે ચડે છે. એક સ્નેહભર્યા સંસારમાં ડોકિયું કરીએ. ઘર ઘરની વાત છે પણ મન મુદિત કરે એવી છે.

સાક્ષરવર્ય શ્રી રમણલાલ વ. દેસાઈની નવલકથા ‘ કોકિલા ’માંનો એક પ્રસંગ છે. પ્રકરણનું શીર્ષક છે ‘ વરઘેલી ’ વિજયાલક્ષ્મી કોકિલાને મળવા આવ્યા અને કહ્યું,

‘તમારે તો બધીયે વાતમાં તમારા એ પહેલાં.’

કોકિલાના મુખ ઉપર શરમ નીચે સંતાતી પ્રેમજ્યોત ઝગમગવા લાગી. વિજયાને એના મુખ ઉપર હાથ ફેરવવાનું મન થયું. કોકિલા વાચાળ બની ગઈ. પતિની વાત આવતાં કઈ પ્રેમાળ પત્ની વાણીને વશ રાખી શકે છે ?

‘ જુઓ, નોકરી હતી ત્યારે તો મને કશીયે કાળજી રહેતી નહિ. હવે તો સવારે ઊઠું છું ત્યારથી સૂતાં સુધી મને એમના જ વિચાર આવે છે. ખરું કહું ? મને તો રાત્રે સ્વપ્નામાંયે એ જ દેખાયા કરે છે. પહેલા તો રસોઈઓ રસોઈ કરે, નોકર પથારી કરે, માણસો બધી સગવડ સાચવે, એટલે હું તો એક રમકડાં જેવી વધારે પડતી હતી, અને હવે ? ’

એ પ્રશ્ન પોતાની જાતને જ પુછી કોકિલા શાંત રહી....જીવનની પ્રત્યેક પળનો કંઈ ઈતિહાસ લખાતો નથી. પરંતુ તે પ્રત્યેક પળ પ્રેમીઓના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનમાં કેટકેટલું માધુર્ય ઉમેરે છે ? આવી મધુરા મિલનની તો ભૂલી જવાની ક્ષણો ન હોય તો જીવન શાને માટે જીવાતું હશે ?'

આ પ્રસંગમાં એક ઘરરખ્ખુ ગૃહિણીના ગૃહસંસારનું ચિત્ર આલેખાયું છે. પતિનું દરેકે દરેક કાર્ય કરતાં એને કેટલો આનંદ થાય છે! એનું કારણ કે એ કાર્યમાં રત રહેલાં સતત એને એના પતિની મૂર્તિ સ્મરણપટે રહે છે.

પરંતુ પતિ પાસે ન હોય ત્યારે પણ પોતાના પ્રિયતમ સંબંધમાં એ વધુ જાણવા ઇચ્છે છે. એ કઈ સ્થિતિમાં રહે છે, શું કરે છે, ક્યાં જાય છે, મને યાદ કરતા હશે કે નહિ, યાદ કરતા હોય તો પ્રેમની માત્રા કેટલી ? કોઈ અંતરંગ સખી મળી જાય તો આડકતરી રીતે એની પાસેથી આ બધું જાણી લે છે અને પિયુની પણ એજ દશા હોય તો તેમણે એને વિશે શું શું પૂછ્યું તે જાણી એ મનમાં ને મનમાં રાજી થાય છે. કવિવર બિહારી સતસઈમાં આલેખે છે.–

ફિરી ફિરી બૂઝતિ કહુ કહા,
કહ્યો સાંવરે ગાત,
કહા કરત દેખે કહાં.
અલિ ચલીં ક્યોં બાત ?

એ સિવાય પિયુ પાસે હોય તો પણ વ્યંગનો આશ્રય લઈ મુદિતા આનંદ માણે છે. રાધા કનૈયાને કહે છે–

કાન કહી જો કાનમેં,
કાનનમેં કી કા ન ?
કા ન કહેતી હ્યાં અલિ
કાનન ભાવ ન જાન.

હે કનૈયા ! આપે હમણાં જે વાત કરી તે મને કુંજમાં કેમ ન કહી ? એ માટે શું ન કહી કે હું ના કહું તો ? અરે ભોળા ! એટલુંયે જાણતો નથી કે સ્ત્રીઓ જ્યારે ના કહે એ નાનો અર્થ હા હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : ચૌદમું

દેવશીલાંગના

ભરત મુનિકૃત નાટ્યશાસ્ત્રમાં સૌ પ્રથમ નાયિકાભેદનું આલેખન થયું. ત્યાર બાદ તેના સારરૂપ ગ્રંથ તે શ્રી ધનંજયકૃત 'દશરૂપકમ્' અને નાટ્યશાસ્ત્રની વિસ્તારપૂર્વક ટીકા શ્રી અભિનવગુપ્તચાર્યે કરી. વડોદરાથી ગાયકવાડ ઓરીએન્ટલ સિરિઝમાં નાટ્યશાસ્ત્રનું પ્રકાશન કરવામાં આવ્યું તેના ત્રીજા વોલ્યુમનાં ૨૨મા અધ્યાયમાં અષ્ટ નાયિકાઓનું વર્ણન અને જ્યેષ્ઠાભિનય તથા વિવિધ ભાવોનું સચોટ વર્ણન છે. ઉપરાંત સ્ત્રીઓના જે બીજા પ્રકારો આપેલા છે તેમાંની એક તે દેવશીલાંગના.

આ પ્રકારોએ નાટ્યશાસ્ત્રના તદ્‌વિદોનું જોઈએ તેવું ધ્યાન ખેંચ્યું નથી પરંતુ સ્ત્રીઓમાં રહેલા આકર્ષણના તત્ત્વો, સ્વભાવ અને ગુણને નિરૂપે છે. આ તત્ત્વોમાંથી એકનું પણ પ્રાબલ્ય હોય તો તે પુરુષને વશ કરે છે. વાત્સ્યાયન ઋષિએ કામસૂત્રમાં મૃગી, હસ્તિની આદિ પ્રકારોની વિશદ ચર્ચા કરી છે.

દેવશીલાંગનાના જે ગુણો વર્ણવ્યા છે એવી નાયિકા કવચિત જ જોવામાં આવે. એના અમુક ગુણો ઘણી સ્ત્રીઓમાં સંભવે પરંતુ સમગ્ર ગુણયુક્ત દેવશીલાંગના મળવી મુશ્કેલ છે. એ ગુણો નીચે મુજબ છે.

જે સ્ત્રીના અંગઉપાંગ સ્નિગ્ધ હોય. મુલાયમ રેશમ શી મૃદુ કાયા અને તેમાંયે અધર એટલા સુકોમલ કે જરાક લસરકો લાગે તો લોહીની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ટશરો ફૂટી નીકળે. અને માટે જ એનો પ્રિયતમ અધરોષ્ટનું પાન કરે ત્યારે દંતક્ષત ન લાગે એની તકેદારી રાખે છે.

બીજો ગુણ છે 'નેત્ર સંકોચન.' શું એ ભીરૂ, ડરપોક છે ? જરાય નહિ. આ નેત્ર સંકોચન તો પિયુને આવતો જોતાં પ્રેમની નિશાની છે અથવા પિયુને કંઈક ઇશારાથી સંકેત કરવો હોય એ કાજે છે. કલ્પના કરો કે ગુલાબી રેશમી કાયામાં આ અભિનય બાણ કેવા કાતીલ લાગતા હશે !

ઉપરાંત ઋજુતાથી સભર એમ કહ્યું છે. એક વિચાર થાય કે સ્નિગ્ધ કહ્યા પછી ઋજુતાનો ગુણ શા માટે ઉમેર્યો ? બન્ને સૂચવે છે કે એ અંગ ઉપાંગો સુકોમલ છે પરંતુ સ્નિગ્ધમાં થોડીક ચીકાશ છે.

એ કાયા ગૌર તો ખરી પણ સાથે કાંતિમાન છે. આંખને આકર્ષે એવું તેજ એમાંથી નિસરે છે. જેમ લોહચુંબક લોઢાને ખેંચે છે તેમ પુરુષ પણ એ તેજને જોતાં એના તરફ આકર્ષાય છે.

સવિશેષ આશ્ચર્યભરી ઘટના તો એ છે કે ઘરકામ અથવા અન્ય કંઈ પરિશ્રમ કરતાં પણ એને સ્વેદ અલ્પ પ્રમાણમાં નીપજે છે. કેવી અબજ શી માટીમાંથી સર્જનહારે એને ઘડી હશે !

તમને એ સુકુમાર લાગી ? ખરી વાત છે. એ અલ્પ ભોજન લે છે પણ સમય આવે લડાઈમાં પણ શૂરી છે. એને કોઈ છેડે એટલી જ વાર ! કેટલા વીસું સો થાય છે તે બતાવી આપે. એનું કારણ એટલું જ કે સ્નિગ્ધ અંગો, ઋજુતાના ગુણો એને સદૈવ સજાગ રાખે છે. કોઈ એને નરમ અને સરલ સ્વભાવની માની એનો લાભ ઉઠાવવા પ્રયત્ન ન કરે.

એ બતાવે છે કે એ આરોગ્ય સંપન્ન રહે છે તે સિવાય લડાઈ કરી શકે નહિ.

એ ધૈર્યવાન છે. દુઃખમાં એ મનની સમતુલા ગુમાવતી નથી. એક આદર્શ ગૃહિણીનો એ બહુ મોટો ગુણ છે. એના થકી જ સંસાર સુખમય બને છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ સાથે એ રતિપ્રિય છે. શયનેષુ રંભાની પંક્તિ દેવશીલાંગનાની ચાતુરી અને કામકલાને દર્શાવે છે.

એક અનોખું આકર્ષણ કે જે કોઈક જ સ્ત્રીમાં હોય તે એના અંગમાંથી સુવાસિત પુષ્પની સુગંધ આવે છે. એની ઋજુતા, એની કાંતિ અને પુષ્પ પરાગ પુરુષનું ભાન ભુલાવવા પૂરતા છે. બીજા બધા ગુણોથી સંપન્ન એવી અનેક સ્ત્રીઓ મળે પણ પુષ્પ પરાગ એ તો કુદરતની બક્ષીસ છે.

કહેવાય છે કે ચિતોડની પદ્મિનીમાં આ બધા જ ગુણો હતા. એના અપ્રતિમ સૌન્દર્યની સાથે એના અંગમાંથી પ્રસરતી સુગંધે જ અલાઉદ્દીન ખિલજી ભાન ભુલ્યો હતો. એણે તો પદ્મીનીને દર્પણમાં પ્રતિબિંબ રૂપે જ જોઈ હતી. અલાઉદ્દીન અને પદ્મિનીની વચ્ચે તો આડો પડદો હતો પણ એ અંગસુગંધે દિલ્હીપતિની મતિ ફરી અને ભાન ભુલ્યો.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : પંદરમું

ગંધર્વ સત્વા

ગંધર્વ શબ્દ લખતાં કે સાંભળતાં સૂર અને સ્વરની સૃષ્ટિ ખડી થાય છે. સ્વર એ સર્વ વ્યાપી તત્ત્વ છે. "શબ્દ ગુણં આકાશમ્" શબ્દ-નાદ સ્વર—એ આકાશનો ગુણ છે. મહર્ષિ મતંગે આલેખ્યું છે.

આકાશસંભૂત નાદથી વર્ણ, વર્ણથી પદ, પદથી વાક્ય અને વાક્યથી ભાષા સર્જાઈ છે. સમસ્ત વિશ્વ નાદને જ આધીન છે. નિસર્ગે સર્જેલી નાદની અને ભાવની ભાષાથી જ (વાણીના ઉચ્ચાર માત્રથી નહિ) આનંદ અને આઘાત અથવા પ્રેમ કે તિરસ્કાર પરખાય છે. શબ્દની રસ-સૃષ્ટિ પણ સ્વરના ચૈતન્ય સ્પર્શથી જીવંત થાય છે.

દેવશીલાંગનાનું દૈવત જોયા પછી હવે આપણે ગંધર્વસત્વાના ગૃહમાં પ્રવેશીએ. એના ગુણ વર્ણવતાં નાટચશાસ્ત્ર આલેખે છે. ક્રીડામાં કુશળ, સુંદર નેત્રવાળી, નાજુક નખ અને દાડમની કળી જેવા દાંત હોય, સ્થિર-ભાષી, ઉપાધિમાં વિચલિત ન થાય તેવી, રતિપ્રિયા, ગીત, વાદ્ય, અને નર્તનમાં કુશળ, સુંદર વેશભૂષા સજી તથા જેના નયનોમાં એવો સ્નેહ વર્તાય કે પતિનું દુઃખ ભુલાવી દે તે ગંધર્વસત્વા.

એના શરીર સૌષ્ઠવનું વર્ણન વાંચતાં 'મેઘદૂત'ની યક્ષપત્ની યાદ આવે છે.

શ્યામા વેશે નહી નીચી
ઊંચાં કુંટડાં ગાત્રવાળી
ઘાટે નાની, હરિણી સરિખાં,
નેત્રવાળી રૂપાળી,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હારે હારે દર્શન કણીઓ
રત્ન જેવી જણાતી
શોભે ઝીણી કળી અધરની
બિંબ શી રાતી રાતી
ઊંડી નાભી, અધર વિલસે
પાતળી કેડ જેની.
ભારે ઊંચાં સ્તનથી કટિમાં
સ્હેજ નીચી નમેલી,
શ્રોણી ભારે મલપતી રૂડી
ચાલતી ધીમી ચાલે,
નારી રૂપે, પ્રથમ વિધિએ
હોય નિર્મેલી જાણે.

એવી જ કો રતિમૂર્તિ વ્યોમાંગી વસ્ત્રોમાં, નીલગગનમાં, ચન્દ્રશા પ્રકાશમાં ઝરૂખે બેઠી છે. એની કોમળ કરાંગુલિઓ વીણાના તારને છંછેડે છે અને એમાંથી સંયોગ શૃંગારની સુરાવલિ નર્તન કરે છે.

એ છે જહુરાઈ ગોસાંઈની બેટી રૂપમતી, નામ પ્રમાણે જ ગુણ છે. વગાડતાં વગાડતાં એ ગાય છે.

કમલનકો રવિ એક હૈ
રવિકો કમલ અનેક,
હમસે તુમકો બહુત હૈ
તુમને તુમ મોહિ એક.

સુજાઅતખાનના શાહજાદા બાજબહાદુર આ ગાન સાંભળીને ઝુમી ઊઠયા.

'બહુત ખૂબ, રૂપમતી, તું તો શાયર પણ બની ગઈ છે.'

'હા નામવર, આપને જોઉં છું અને મારી શાયરી ખીલી ઊઠે છે. મારાં ભજન જેટલી મુગ્ધતાથી, અને પ્રસન્નતાથી આપે સાંભળ્યાં છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલાં બીજા કોઈએ સાંભળ્યાં નથી. એટલે મારે મન તો આપ જ મારા સૂર્ય. સૂર્યને જોઈને જે ખીલે નહિ તે કમળ નહિ.

'સાચું છે રૂપમતી પણ હું એવો સૂર્ય બનવા માંગું છું કે રોજ એક જ કમળના વિકાસ પાછળ પોતાના જીગરનું અમી ઠાલવતો હોય. મારી ખ્વાહિશ છે એ કમળને વિકસેલું જોવાની. ને તારી નવી નવી શાયરી સાંભળવાની. એક ખુશખબર આપું. રૂપમતી, તું ચકોરી છે તો હું ચાંદ બનવા માગું છું, રૂપી, આપણા દિલને ને દેહને અલગ પાડતું અંતર હું દૂર કરવા માગું છું આપણે હવે શાદી કરી લઈશું.'

મુસ્લિમ શાહઝાદા સાથે ગોસાંઈની પુત્રી લગ્ન કરે એ જદુરાયથી કેમ ખમાય ? એમણે ઝેરનો કટોરો ઘોળ્યો અને બાઝના વાલિદ સુજાઅત-ખાનને માલૂમ પડતાં તેઓ પણ ફફડી ઊઠ્યા. બાઝે આબાને કહ્યું.

"આબાસાબ ! રૂપીનું સંગીત સાંભળવું મને ગમે છે. ગાતી વખતે એના ચહેરા પર જે અનેરી સુરખી ઉઠે છે તે જોતાં હું ધરાતો નથી. એના સૂરમાં સૂર મેળવી ગાતાં મને આનંદ આવે છે. એના કંઠમાંથી લ્હેરાતા આલાપ સાથે મારું દિલ લ્હેરાય છે. એની વીણાનો સુમધુર ગુંજાર મારા દિલને મસ્ત બનાવે છે. એનું લ્હેરિયાં લેતું મસ્તક અને તીરછી નમતી ડોક જોતાં હું મને ભૂલી જાઉં છું.'

સાંભળ્યો આ સંવાદ ? ગંધર્વસત્વાની સાક્ષી પૂરે છે ને ? પ્રણયના ફલક પર આવા રંગચિત્રો ઘણાય દોરાયાં હશે પણ ઈતિહાસમાં આલેખાયેલી આ તો પ્રત્યક્ષાનુભૂતિ છે. આવા પ્રત્યક્ષાનુભવ ગ્રંથસ્થ થયા છે એને જ શાસ્ત્રાધાર કહેવાય. આ દર્શન, એની રસમિમાંસા, ભાવોન્મેષ અને લાગણીની અભિવ્યંજના એ પૂરવાર થયેલું સત્ય છે કે આવી નાયિકાઓ એ માત્ર કવિકલ્પના નથી. માનવની અતિ સુક્ષ્મ અંતર ઊર્મિઓને આત્માની ઊંડી ભાવ લહરીઓને સુંદર રીતે મૂર્તિમંત કરે છે, એને શાશ્વત બનાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : સોળમું

ક્રિયાવિદગ્ધા

અન્ય પ્રભેદોમાં ક્રિયાવિદગ્ધા એ એક અનોખો પ્રકાર છે. સવિશેષ કુમારિકા અથવા નવોઢાનો એમાં સમાવેશ કરી શકાય. પંચેન્દ્રિયના જે ગુણ છે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમાં આવી નાયિકાને સ્પર્શથી રોમાંચ અને રતિભાવ ઉત્પન્ન થાય છે. એ સ્પર્શ સુખ મેળવવા કાજે નાયિકા કેટલાયે બહાના શોધે છે.

એક ગોપી વૃંદાવનમાં ગમાણમાં ગોબર લીંપી રહી હતી. ત્યાં દૂરથી એણે કનૈયાને આવતો દીઠો ને વિહ્વળ બની ગઈ. કનૈયાનું સ્પર્શ સુખ મળે એ માટે તો ગોપીઓ એને રમાડતી, એની સાથે રાસ ખેલતી જેમાં એક ગોપી સાથે એક એક કનૈયો હતો.

'એ કનૈયા, જરીક અહીં આવ તો !'

બંસીને ઘૂમાવતો કનૈયો ગોપી પાસે પહોંચ્યો.

'કનૈયા ! મારા હાથ ગોબરવાળા થયા છે. મારા ઉર ઉપરનું વસ્ત્ર સરકી ગયું છે. જરા ઠીક કરી દે ને !'

'શા માટે ? સરકી ગયું તો શું થયું ?'

'શું થયું ? ઘરનું કોઈ વડીલ આવી જોશે તો હું કેવી ભુંડી લાગીશ ?'

'તો ઠીક કરી દઉં પણ બદલામાં મને માખણ ખવડાવીશ ?'

'જરૂર ખવડાવીશ. મારે હાથે ખવડાવીશ.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્પર્શ સુખનો બીજો લ્હાવો ગોપી શા માટે જતો કરે! કનૈયાએ ગોપીનું વસ્ત્ર ઠીક કર્યું એ વખતે ગોપીના હાથો તો ગોબરવાળા હતા પણ બન્ને કોણીઓ વડે ગોપીએ કનૈયાને ઉર સાથે ચાંપ્યો અને મધુરું ચુંબન ચોડી દીધું.

'જો તેં શું કર્યું તે? વસ્ત્ર ફરી સરકી ગયું. લુચ્ચી! હવે હું ઠીક નહિ કરું.'

કનૈયો દોડી ગયો. કનૈયો જમુના તટ પર ગયો તો એક ગોપી પાણી ભરવા જતી હતી. કનૈયાને જોતાં એણે પણ એક બહાનું શોધ્યું.

'નંદકિશોર! યમુનાતટ પરની ભૂમિ લપસણી છે. હું પડી જઈશ તો મારી ગાગર ફૂટી જશે ને સાસુ ખીજવાશે. મને તારા હાથનો સહારો દે.'

'માખણ ખવડાવીશ?'

'મારા ખોળામાં તને બેસાડી મારે હાથે તને ખવડાવીશ.'

'તો તારી સાસુ ખીજાશે અને મને મારશે તો?'

'છાનોમાનો ખવડાવીશ.'

કનૈયાએ ગોપીનો હાથ પકડયો. જાણીજોઈને ગોપી ધીમે ધીમે ચાલવા લાગી અને ભૂમિ લપસણી હોય એવો ડોળ કરવા લાગી.

જે જુઠ્ઠા હોય તેમને બહાના તરત જડી જાય છે. ફરી ગોપીએ કહ્યું:

'જો કહાના! ભાગી જતો નહિ. પાણી ભરી પાછી વળું ત્યારે પણ તારા હાથનો ટેકો મને જોઈશે!'

કહાન કંઈ ના પાડે ખરો! ફરી એનો હાથ પકડયો અને કુંજ-ગલીમાંથી ગોપી કનૈયાની દોરવાઈ ચાલવા લાગી. ઉન્નત મસ્તકે અને ગર્વથી જેની છાતી ફુલાતી હતી. વૃન્દાવનવાસીઓને જાણે કહી રહી હોય:

'જુઓ, જુઓ રાસવિહારી મારી એકલીનો જ છે.'

એ રાધિકાજી હતાં. ઘેર જઈ કનૈયાને ખોળામાં બેસાડી પોતાને હાથે હેતથી માખણ ખવડાવ્યું. સાસુ બહાર ગઈ હતી તે આવી ચડશે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો પકડાઈ જઈશ એ બીકે પોતાના છેડા વડે કનૈયાના મુખ ઉપરનું માખણ લુછી નાખ્યું અને પછી અધરપાન કર્યું.

'લુચ્ચી!' કહેતો કનૈયો દોડી ગયો તો બીજી ગોપી સામે મળી. કનૈયાનું મુખ મરક મરક હસતું હતું. ગોપી સમજી ગઈ અને રાધા પાસે આવી કહ્યું:

પ્યારી તેરો અધરરસ
કયોં બિસરે ગોપાલ,
કેસર નિરમલ મુક્તા હું
જિહિં પરસત લાલ.

રાધિકે! તારા અધરપાનને ગોપાલ કેમ વિસરી શકે? જો તો ખરી, એના સ્પર્શ થકી તારું મુખ પણ લાલ લાલ થઈ ગયું તેથી તારું નકબેસર પણ લાલ રંગનું ભાસે છે.

યમુનાતટ પર માત્ર હાથનો સહારો યાચતાં રાધાએ કેટકેટલા સ્પર્શ-સુખનો અનુભવ કર્યો.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન સત્તરમું

અન્ય પ્રભેદો

લક્ષિતા :

પરપુરુષ સાથે વિહાર કરી આવેલી નાયિકા પોતાનું પાપ છુપાવવા ગમે તેટલા પ્રયત્નો કરે તેમ છતાં કોઈ ને કોઈ ચિહ્ન, કોઈ છિદ્ર એના એ કર્મને છતું કરી દે એ પૂર્વે નાયિકાની સખી એને લક્ષિત કરે તે લક્ષિતા.

'જગદ્‌વિનોદ' માં કવિવર પદ્‌માકર આલેખે છે.

વ્રજમંડળી દેખિ સખૈ પદ્માકર
હૈ રહી ચોં ચૂપચાપ રી હૈ
મનમોહનકી બાહિયાંમેં છુંટી
ઉપટી યહ બેની દીખા પરી હૈ
મકરાકૃત કુંડલકી ઝલકેં ઈત
હું ભૂજ-મૂલ પૈ છાપ રી હૈ
ઈનકી ઉનસે, જો લગી અખિયાં
તૌ હમૈં કછૂ કા પરી હૈ

વ્રજમંડળી બેઠી છે, પણ કનૈયાની ચોરી પકડાઈ ગઈ છે, એટલે પદ્માકર ચૂપ થઈ ગયા છે. મનમોહનની બાંયમાં ગોપીના કેશમાંથી છૂટી પડેલી વેણી દેખાય છે. ગાઢ આશ્લેષને કારણે ખભા ઉપર મકરાકૃત કુંડલની છાપ ઊઠી છે એ જોઈ પદ્માકર કહે છે.

'કનૈયા! તારી ચોરી પકડાઈ જશે, તેની તને કંઈ પડી નથી તો મને શી પડી હોય?'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીજા અર્થમાં કનૈયાના શૃંગારને બિરદાવતો પદ્માકરે શ્લેષ કર્યો છે.

ગોપીને પણ પદ્માકર કહે છે :

'બીતિબે હી સુ તૌ બીતિ ચૂકી

"અરે બહાવરી! થવાનું હતું તે થઈ ગયું. હવે ફરીથી અંજન આંજવાનું શું પ્રયોજન છે? તારા કૂચ હૃદય ઉપર પણ કનૈયાની આંખનું કાજળ લાગ્યું છે. એ કલંક તને લગાડી કહાન તારા અધરામૃતનું પાન કરી ગયો લૂચ્ચો!"

ઠુમરીના ગાયકો પણ આ લક્ષિતાને છતી કરે છે. ઠુમરીના બોલ છે:

સૈયાંસે લાગે દોઉ નયના
મેં જાન ગઈ.

અનુશયના :

સંકેત સ્થાનની ગડબડને કારણે જે પ્રિયતમને મળી શકતી નથી તે અનુશયના.

ચંદ્રમુખી ચિત્તમાં પ્રસન્નતાભરી હોંશે હોંશે ઉદ્યાનમાં ગઈ. આખો બાગ ઘૂમી વળી. મયુર મંજુ નૃત્ય કરે છે, ચકોર ચકોરીને ચૂમી રહ્યો છે. કદમ, અનાર, આમ્રવૃક્ષ, અશોકને લતાઓ વીટળાઈ વળી છે. આ બધું જોતાં ચંદ્રમુખી વધારે વિહ્વળ બને છે. કોઈ વાર અહીં તો કોઈ વાર ત્યાં બેસે છે, નિશ્વાસ ભરે છે, અને છેવટે વાટ જોઈ જોઈને થાકી પાછી ઘેર ફરે છે. વેણી કચડી નાખે છે, અલંકારો ફગાવી દે છે ને ધબ દઈને શૈય્યામાં પડે છે, પણ આંખોમાં નિંદ નથી.

બિન બાલમ તડપે મોરા જિયા

ગુપ્તા :

કોઈને ખબર ન પડે તેમ છાનામાના પ્રિયતમ સાથે રમી આવે એવી પરકીયા તે ગુપ્તા. એના પણ ત્રણ પ્રકારો છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોરીના દિવસો છે. ફાગ ખેલવા ગોરી નીસરી છે. અબિલ ગુલાલની પીચકારીઓના ફુવારા ઊડે છે, ત્યારે પોતાના પ્રિયત્તમ સાથે જ ફાગ ખેલતાં બંને બહાર ગુપ્ત સ્થાનમાં નીસરી જાય છે. અને પછી ફરતાં પહેલાં એ ચતુરા રમણુની કંઈ એંધાણી ન વર્તાય એમ ભૂતકાળની ઘટના દાબી દે છે.

જ્યારે બીજી ફાગ ખેલતાં જ અંગચેષ્ટાઓનો આનંદ કોઈને ખબર ના પડે તેમ લૂંટે છે. હોળી રમતાં તો એવાં કંઈ કંઈ મસ્તી તોફાન થાય છે.

ત્રીજી ભવિષ્યની ચિંતા કરે છે.

ગોકુલકી ગલી સાંકરી. એવી સાંકળી ગલીમાં કહાન ભેટી જાય અને ચેષ્ટા કરે, કોઈ જોઈ જાય તો હું તો ક્યાંયની ન રહું ! એટલે જ એ ગલી છોડી એ ગોપી જુદું જ સંકેત સ્થાન નક્કી કરે છે.

કુલટા :

નામ ઉપરથી જ સમજી જવાય કે એ કેવી હશે ! વેશ્યા તો હજી સારી કે એ તો ખુલ્લંખુલ્લા બજાર ભરીને બેઠી છે અને કહે છે, કે જેને આવવું હોય તે આવો. પૈસા આપીને માલ લૂંટો, પરંતુ કુલટા તો છાનો વ્યભિચાર કરે છે અને કેટલાંય પતંગિયા તેમાં બળી મરે છે. એકની સાથે વાયદો કરીને એ તો બીજાની સાથે પણ ચાલી નીકળે. પ્રેમ, સ્નેહ, લાગણી, શરમ કોને કહેવાય તે એ જાણુતી જ નથી.

આ પ્રમાણે જુદી જુદી તથા નિરાળા સ્વભાવવાળી છ પ્રકારની પરકીયા હોય છે.

ક્રિયાવિદગ્ધા, મુદિતા, લક્ષિતા, અનુશયના, ગુપ્તા અને કુલટા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકીર્ણ

દેવશીલાંગના અને ગંધર્વસત્વા જેવી દૈવી ગુણ ધરાવતી નાયિકા-ઓના આલેખન પછી એ નાયિકાઓથી તદ્દન વિરુદ્ધ એવી અવગુણથી' ભરેલી પણ સ્ત્રીઓ હોય છે.

આસૂરી

શીર્ષક ઊપરથી જ વાંચકો સમજી ગયા હશે કે આ કેવી ઘાતકી સ્ત્રી હશે ! અધર્મ આચરતાં એને લેશમાત્ર શરમ કે સંકોચ થતો નથી, કારણ કે એ શઠ છે. પોતાના સ્વાર્થ ખાતર બીજાનું નિકંદન નીકળી જતું હોય તો ભલે પણ પોતાનું જ ધાર્યું કરે. અતિ નિષ્ઠુર હોય ને સવારે ઘરને ઝાડુ મારે તો સાથે પડોશીના ઘરનો કજિયો પણ સાથે વાળી લાવે. મદ્યમાંસ એને પ્રિય છે એટલે છકેલી હાલતમાં પણ ફર્યા કરે અને એ દશામાં શેરીઓમાં પણ ઝઘડા કરતી ફરે.

અતિ માની, એટલે એના ઉપરથી જ પ્રતીત થાય છે કે એનું માન ઘવાય તો પછી એ કોઈની નહિ.

એક વિશેષણ આપવામાં આવ્યું છે કે એ ચપલા છે. ત્યારે જ તો એ ફાવી જાય. છે.

ઈર્ષાળુ પણ છે.

અને સૌથી મોટો અવગુણ તે એનો પ્રેમ અસ્થિર છે. વખત, આવે પોતાના પતિને છેહ દે.

રાક્ષસશીલા

એ પણ આસુરીનો જ બીજો અવતાર. એની રોમાવલિ જાડી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવી જ એની બુદ્ધિ પણ જાડી છે. એટલે આસુરીથી ભિન્ન છે. એ દીવાસ્વપ્ન જુએ છે અને કંઈ કંઈ ખોટા તર્કવિતર્ક કરે છે. એનો ક્રોધ જ્યારે માજા મૂકે છે ત્યારે સાનભાન ભૂલી જાય છે અને મારવા માંડે છે. ત્યાં સુધી કે પોતાના નખ અથવા દાંતથી એ જેના ઉપર ક્રોધ કરે એને કરડી ખાય છે, માટે જ એને રાક્ષસી કહી છે. સહેજે અનુમાન થાય છે કે એ ઝઘડાખોર છે. દિવસે ઉંઘે અને રાતે જાગે એના મનમાં લ્હેર ઊપડે તો અડધી રીતે એને વિહાર કરવાનું સૂઝે.

નાગસત્વા

એવો જ એક બીજો પ્રકાર ને નાગસત્વા. આસુરી અને રાક્ષસશીલા જેવી ભયંકર તો નથી પરંતુ ઝેરીલી ખરી.

આવી સ્ત્રીઓને નાયિકાભેદમાં બહુ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. પરંતુ સૃષ્ટિ ઉપર આવી સ્ત્રીઓ અસ્તિત્વ ધરાવે છે એ હકીકત છે. અહીં “ પડ્યું પાનું સુધારી લેં એ સૂત્ર કામ આવતું નથી. જે પુરુષ આવી સ્ત્રીને પનારે પડ્યો હોય છે તેનું જીવતર ઝેર થઈ જાય છે. જીવનમાં જે મધુરતા, લય, સૌન્દર્ય તત્ત્વનો આનંદ સુખ, શાંતિ એ બધું અલોપ થઈ જાય છે. બાકી રહે છે નિરાશા, મનનો ઉદ્વેગ, સંતાપ અને બળીઝળી, શેષ જીવન પૂરું કરવાનું કે જોવા તરફ એની પત્નીને કંઈ જ પડી નથી હોતી. આવો સંતપ્ત પતિ મોટે ભાગે ઘરની બહાર જ રહેવાનું પસંદ કરે છે.

અથવા તો............

સ્ત્રી એ જેને મન પોતાની વાસના તૃપ્તિનું એક સાધન છે એમ માની બધું સહન કરે જાય છે.

ભગવાન સ્વામીનારાયણે “ વેદરસ ” પુસ્તકમાં આવા અજ્ઞાનીનું વર્ણન કર્યું છે.

“ તે અજ્ઞાની ગૃહસ્થ કેવો છે ? તો મિથ્યા છે દ્રષ્ટિ જેની એવો છે. તે ગંધર્વનગરને વિષે રહ્યો એવો, અને પાન, ભોજન અને સ્ત્રીનો સંગ એ આદિક જે વ્યસન તેણે કરીને લોલુપ્ત એવો જે અજ્ઞાની કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગૃહસ્થ મૃગતૃષ્ણાના જળ સરખા જે વિષય તે પ્રત્યે દોડે છે....વગડાને વિષે પિશાચના અગ્નિને દેખીને ગ્રહણ કરવાને અર્થે દોડે છે........વંટોળિયા સરખી જે સ્ત્રી તેણે ખોળા પ્રત્યે બેસાર્યો ને અજ્ઞાન રજે કરી ઢંકાણી છે મતિ જેની એવો જે અજ્ઞાની દિશા અને દેવતાઓને રાત્રિને વિશે ભૂતની પેઠે નથી જાણતો.

કેવારે પોતે જ એક વાર જાણ્યું છે વિષયનું ખોટાપણું પણ દેહના ધ્યાને કરીને ભ્રષ્ટ થઈ છે મતિ જેની એવો અજ્ઞાની ઝાંઝવાના જળ સરખો વિષય તે પ્રત્યે જ ફરી દોડે છે.

અને કેવારે દાવાનળ અગ્નિની પેઠે અર્થ રહિત એવું અને વળી દુઃખનું ઉપજવું છે. અંતે જેને વિષે એવું જે ઘર તેને પામીને શોકના અગ્નિએ કરીને અતિશે બળતો થકોએ અજ્ઞાની અત્યંત વૈરાગ્યને પામે છે.'

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દર્શન : અઢારમું

નાયિકા જાતિ વર્ણન અને સમાપન

જાતિ અનુસાર નાયિકાના મુખ્ય ચાર ભેદ માન્યા છે.

પદ્મિની :

સ્વરૂપવાન તો ખરી, પરંતુ ગુણમયી. એ ગુણ છે : લજ્જાશીલા, ઉદાર બુદ્ધિ, પુણ્યમયી, મૃદુ હાસ્ય, વાત કરે તો જાણે ફૂલ ઝરે, સેવા એ જેનો મંત્ર છે. કાર્યેષુ મંત્રી, ભોજ્યેષુ માતા અને શયનેષુ રંભા.

ચિત્રીણી :

નૃત્ય, ગીત સંગીત અને કાવ્યમાં રૂચિ રાખે અને એ કલાઓ દ્વારા પ્રિયતમને રીઝવે. રીઝવે એટલું જ નહિ પરંતુ સાથે અનુરાગ ભરી અને કામકલા પ્રવિણ.

હસ્તિની :

એનો દેહ દુર્ગંધથી ભરેલો છે. અતિ લોભી અને બોલે તે શબ્દો સામાના કાનમાં વાગે. કમલ મલિન હોય તો પણ તેમાં બંધાયેલો ભ્રમર સુખથી રહી શકે છે પણ આવી સ્ત્રી સાથે પુરુષ કેમ રહી શકતા હશે, તેનું આશ્ચર્ય થાય છે.

શંખણી :

એના અવગુણ કથતાં કેશવદાસ રસિકપ્રિયામાં આલેખે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોપશીલ કોવિદ કપટ,
સજલ સલોમ શરીર;
અરૂણબસન નખદાનરૂચિ
નિર્લજ નિશંક અધીર

શંખણીને ઊંટડી સાથે સરખાવી છે, જે કદિ કદલીવનમાં નહિ જાય પણ બોરડીના કાંટા હશે ત્યાં જશે ચંપક જેવી સુંદર નાસિકા હશે એની પાસે કે નલિની સુવાસ યુક્ત હશે એની પાસે પણ એ નહિ જાય. ઊંટના શરીરમાંથી જે દુર્ગંધ નીકળે છે એવા માનવોની પાસે તરત જશે.

તો પછી નાયિકા કેવી હોવી જોઈએ, તેનું વર્ણન કરતાં કવિ લખે છે :

લાજભરી ભાગભરી સુંદર સુહાગભરી
રાગભરી રતિ મેં પિયાકી સુખદાયિકા
રાજે રતિરૂપ ખરી શીલભરી શોભિત હૈ,
ગુનગન આગરી કરતિ હામ માયિકા.
ભૌને કવિ કહત વિલોકત હી જાસુ
અંગ પ્રગટ અનંગરસ ઉપજાયિકા.

આનંદવર્ધનાચાર્ય કૃત ધ્વન્યાલોકમાં કાવ્ય પ્રશસ્તિ માટે જે કહ્યું છે, તે આપણે નાયિકા માટે પણ ઘટાવીએ.

ચંદ્રકિરણે જ નિશા,
નલિની કમલે જ શોભા,
કુસુમગુચ્છે જ લતા
હંસે શરદશોભા, કાવ્યકથા
સજજનોથી બનતી ગરવી

નાયિકાભેદનો વિષય એટલો બધો વિસ્તૃત, વ્યાપક, નિગૂઢ અને માનસશાસ્રીય છે કે એકેક નાયિકા અને એના ભેદ-પ્રભેદ પર વિસ્તારથી વિવેચન કરી શકાય. નાયિકાઓના અંતરના સુખદુઃખાદિ ભાવો, ઉર્મિતંત્રના તરંગો અને આત્માની ઊંડી ભાવલહરીઓને ત્યારે જ સમજી શકાય, જ્યારે નવરસોના પ્રત્યક્ષ પ્રમાણોનું સુરેખ દર્શન આપણે કરી શકીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફાધર વેલેસે એમના પુસ્તક 'લગ્નસાગર'માં લખ્યું છે :

"સ્ત્રીને પુરુષ જુદાં જુદાં એટલું જ નહિ, પણ, એકબીજાના પૂરક, જુદાં ખરાં પણ પારકાં નહિ. સ્વતંત્ર ખરાં પણ અલગ નહિ. સાથે મળીને કામ કરવાનું. સાથે જીવીને નવું જીવન પ્રગટાવવાનું સ્ત્રી ગ્રહણ કરવા, અપનાવવા, હુંફ આપવા સર્જાયેલી છે. તે ક્ષેત્ર છે, પૃથ્વી છે, માતા છે."

આ લેખમાળાનું સમાપન કરતાં એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે, આ એક એવું અદ્દભૂત દર્શન છે, જેમાં મમત્વ અને પરત્વ બંને જોવા મળે છે. આ મધુસ્રોત છે, જેનાથી રસાનુભૂતિ અનુભવાય છે. મહાન ચિત્રકાર રૂબેન્સ પોતાની અમર કૃતિઓનું સર્જન કરતી વખતે પોતાની પત્નીને પ્રતીક તરીકે બેસાડતો.

Love then is transformed into divine Love. Union of soul with God. The creative Spirit then seeks beauty in nature. in spring. in flowers. He loves earthly things for the sake of absolute loveliness. Life then becomes a pure rapture.

બિલિપત્રનાં ત્રણ પાંદડાં સમા સ્ત્રીનાં ત્રણ સ્વરૂપો, કુમારિકા, યુવતી અને પ્રૌઢા. કાળના પ્રવાહની સામે તે તે દશામાંથી પસાર થતાં એના મનોભાવો, વેદના-સંવેદના, અનુરાગ; રાગ,વિરાગ આલ્હાદ, વિષાદ અને પ્રસાદ પણ જન્માવે છે. પણ અંતે તો એના પ્રેયસ સાથે એકરાગ થવા કાજે.

યુગોથી વહેતી આવતી સ્ત્રીજીવનની એ પ્રકૃતિલીલા નાયિકાભેદનો અભ્યાસ દર્શાવશે. એ પ્રકૃતિને રૂદ્ર સ્વરૂપે કે, સૌમ્ય સ્વરૂપે જોવી હોય તો નાયિકાભેદમાં દર્શન થશે. એની રસમાધુરીનાં સૌન્દર્ય ને મોહક કલ્પનાના ગિરિશૃંગ પર પગલાં માંડતી કન્યા, રૂડા માંડવડા નીચે સપ્તપદીના ફેરા ફરતી સોહાગણનાં સપનાં કે, સંસારનો ભાર વહેતી એ સુખદુઃખ વિભાગિની નાયિકાભેદમાંથી જડી આવશે.

વંદન એ મુગ્ધ માધુરીને, એ પવિત્ર ઘરદિપીકાને, એ મંગલમયી માતૃસ્વરૂપાને.

સંપૂર્ણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંદર્ભ ગ્રંથો

સંસ્કૃત :

नाट्यशास्त्र : भरतमुनि
नाट्यशास्त्र : एम् रामकृष्ण कवि : गायकवाड सिरिझ : बडोदरा
अभिनवभारति : अभिनवगुप्ताचार्य
दशरूपकम् : धनंजय
भक्तिरसामृतसिन्धु : रुपगोस्वामी
उज्जवलनीलमणि : रुपगोस्वामी
नाटकचन्द्रिका : रुपगोस्वामी
कामसूत्र : वात्स्यायन
ध्वन्यालोक : आनंदवर्धनाचार्य
शृंगाररस माधुरी : देवर्षि श्रीकृष्णभट्ट "लाल"
काव्यप्रकाश : श्री मम्मटाचार्य
साहित्यदर्पण : श्री विश्वनाथ
नाट्यदर्पण : रामचन्द्र-गुणचंद्र

હિન્દી :

रसिकप्रिया : केशवदास
जगद्विनोद : पद्माकर
रसराज : मतिराम
रसमंजरी : नंददास
रूपमंजरी : नंददास
विरहमंजरी : नंददास
बिहारीसत्सइ : बिहारी
दयारामसत्सइ : दयाराम
रसनिधिसत्सइ : रसनिधि

ગુજરાતી :

રાગ અને રસ : પંડિત ઓમકારનાથ ઠાકુર
અમરૂશતક : કેશવ હ. ધ્રુવ.
ઋતુસંહાર : કવિ કાલિદાસ અનુવાદકર્તા : ત્રિભુવન, ગૌ. વ્યાસ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મેઘદૂત : કવિ કાલિદાસ અનુવાદકર્તા : કીલાભાઈ ઘનશ્યામ
વિક્રમોર્વશિયમ્ : કવિ કાલિદાસ
અભિનવનો રસવિચાર : નગીનદાસ પારેખ
લગ્ન સાગર : ફાધર વૉલેસ
વચનામૃત : ભગવાન સ્વામીનારાયણ
વેદરસ : ભગવાન સ્વામીનારાયણ
પૃથ્વીવલ્લભ : ક. મા. મુનશી
દેવદાસ : શિવકુમાર જોષી
પૃથ્વીરાજ ચૌહાણ : નાટ્યમહર્ષિ પ્રભુલાલ ત્રિવેદી

અંગ્રેજી :

Kangra Paintings on Love and Nayak Nayika by Dr. M. S. Randhava
Aesthetics and Immortal Love by Henry Watkins.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi